
# પુદ્ગલ ગીતા

પૂજ્ય શ્રી ચિદાનંદજી મહારાજશ્રી વડે બનાવાયેલી
(ગુજરાતી અર્થ-વિવેચન સાથે)


વિવેચનકાર
ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
(સુઈગામવાળા)




॥ શ્રી વીતરાગાય નમો નમઃ ॥




પૂજ્ય શ્રી ચિદાનંદજી મહારાજશ્રી વડે બનાવાયેલી

# પુદ્ગલ ગીતા

(ગુજરાતી અર્થ-વિવેચન સાથે)


: વિવેચન કરનાર :

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા** (સુઈગામવાળા)


: પ્રકાશક:

**શ્રી જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ**

**સુરત**

પ્રકાશક : **જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯. ગુજરાત, (INDIA)
ફોન : ૦૨૬૧-૨૭૬૩૦૭૦, મો : ૯૮૯૮૩૩૦૮૩૫


**પ્રાપ્તિસ્થાન**

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,
સુરત-૯, Ph. (0261) 2763070
Mob. : 9898330835

**શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, રંગ મહોલના નાકે,
મહેસાણા. (ઉ. ગુજરાત)
Ph. (02762) 222927

**સેવંતીલાલ વી. જૈન**
ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર,
પાંજરાપોળ, ૧લી લેન,
સી.પી. ટેન્ક રોડ, મુંબઈ-૪
Ph. : (022) 2240 4717
2241 2445

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૫૩૫૬૬૯૨



| પ્રકાશન વર્ષ | વીર સંવત | વિક્રમ સંવત | ઈસ્વીસન્ |
|---|---|---|---|
| | ૨૫૪૨ | ૨૦૭૨ | ૨૦૧૬ |

**કિંમત : રૂા. ૮૦-૦૦**

મુદ્રક : **ભરત ગ્રાફીક્સ,**
૭, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો, ૯૯૨૫૦ ૨૦૧૦૬
E-mail : bharatgraphics1@gmail.com

# પ્રસ્તાવના

અનંત ઉપકારી પરમાત્મા શ્રી વીતરાગ દેવે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તીર્થંકર નામકર્મના ઉદયના કારણે ભવ્ય જીવોના આત્મકલ્યાણને કરનારી ઉત્તમ એવી ધર્મદેશના આપી. તે સાંભળ્યા પછી તેમાં જીવો બે ભાગમાં વહેચાયા. કેટલાકે પરમાત્માની વાત સંપૂર્ણ સાચી માનીને હૃદયના ભાવપૂર્વક સ્વીકાર કર્યો અને પરમાત્માના માર્ગને અનુસરનારા થયા. તથા બીજા કેટલાક જીવો મિથ્યાત્વમોહના ઉદયના કારણે પરમાત્માની કોઈક કોઈક વાત ન સ્વીકારતાં નિહ્નવ રૂપે બન્યા.

વાસ્તવિકપણે વીતરાગ પરમાત્માની વાણી સાધક-બાધક સ્વરૂપને સમજાવનારી હોય છે. જે જે માર્ગો આત્માના શુદ્ધ સ્વરૂપના સાધક છે. તેનો સ્વીકાર કરીને આત્મકલ્યાણ કરવા માટે તે ઉપકારી છે. આમ સમજાવનારી આ વાણી છે તથા જે જે માર્ગો આત્માના શુદ્ધ સ્વરૂપના બાધક તત્ત્વો છે. તેનો ત્યાગ કરીને અર્થાત્ તેનાથી દૂર રહીને આત્મકલ્યાણ કરવા માટે તે બાધકનો ત્યાગ કરવો તે પણ ઉપકારી માર્ગ છે. ઉપાદેયનો સ્વીકાર કરવો તે જેમ ઉપકારક છે. તેમ હેયનો ત્યાગ કરવો તે પણ એટલું જ ઉપકારી તત્ત્વ છે.

અધ્યાત્મ ગીતા નામના નાનકડા ગ્રંથમાં પૂજ્ય શ્રી દેવચંદ્રજી મહારાજશ્રીએ આત્માના શુદ્ધ સ્વરૂપના સાધક માર્ગો જણાવ્યા છે. તેવી જ રીતે પૂજ્ય **શ્રી ચિદાનંદજી મહારાજશ્રી**એ આ **પુદ્ગલ ગીતા** નામના ગ્રંથમાં બાધક સ્વરૂપ ન રાખવા માટેની હિત શિક્ષા સમજાવી છે.

વાસ્તવિકપણે બન્ને ગ્રંથો આ આત્માનું હિત-કલ્યાણ કરનારા છે. તેથી ઘણા મનન-ચિંતનપૂર્વક વારંવાર વાંચવા જેવા છે. એકમાં પોતાના શુદ્ધ ગુણો પ્રગટ કરવાનો ઉપદેશ છે અને બીજામાં પૌદ્‌ગલિક ભાવોનો એટલે બાધક ભાવોનો મોહ ત્યજવાનું સમજાવેલ છે. અમે અમારા ક્ષયોપશમ પ્રમાણે તેના અર્થ લખ્યા છે. વારંવાર આવા ગ્રન્થો વાંચવા જેવા તથા મનન કરવા જેવા છે. પૂજ્ય ચિદાનંદજી મહારાજશ્રીએ મધુર વાણીમાં ઘણી ઘણી આત્મહિત શિક્ષા આ ગ્રંથમાં આપી છે. તેઓશ્રી તો આવા ગ્રંથો બનાવી ગયા. હવે આપણે સતત તેવા ગ્રન્થનો અભ્યાસ કરીએ અને આ આત્માને મોહના અંધકારથી દૂર કરીને આત્મકલ્યાણ સાધીએ એ જ આશા સાથે.

**-ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,
મું. સુરત (દક્ષિણ ગુજરાત)

ફોન : (૦૨૬૧) ૨૭૬૩૦૭૦
મો. : ૯૮૯૮૩૩૦૮૩૫

# અમારા અન્ય પ્રકાશનો

૧. **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત :-** નવકારથી સામાઈયવયજુત્તો સુધીનાં સૂત્રો ઉપર વિવેચન. નવતત્ત્વ, ચૌદ ગુણસ્થાનકો, કર્મના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી અને કાલાદિ પાંચ સમવાયી કારણો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૨. **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ :-** દેવસી-રાઈઅ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૩. **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા :-** પ્રૌઢ બહેનો અને ભાઈઓને ઉપયોગી ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સુંદર સંગ્રહ.

૪. **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોષ :-** જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક ધાર્મિક શબ્દોના અર્થો, ધાર્મિક શબ્દકોશ.

૫. **યોગવિંશિકા :-** ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૬. **યોગશતક :-** સ્વોપજ્ઞટીકા તથા ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૭. **યોગદૃષ્ટિ સમુચ્ચય :-** પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે ટીકાનું અતિશય સરળ ગુજરાતી વિવેચન.

૮. **પ્રથમકર્મગ્રન્થ (કર્મવિપાક) :-** સરળ ગુજરાતી વિવેચન.

૯. **દ્વિતીય કર્મગ્રન્થ (કર્મસ્તવ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૦. **તૃતીય કર્મગ્રન્થ (બંધસ્વામિત્વ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૧. **ચતુર્થ કર્મગ્રન્થ (ષડશીતિ) :-** સરળ ગુજરાતી વિવેચન.

**૧૨. પંચમકર્મગ્રન્થ (શતક) :-** પૂજયપાદ આચાર્ય ભગવંત શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. કૃત સો ગાથાના શતક નામના પાંચમા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

**૧૩. છઠ્ઠો કર્મગ્રન્થ (સપ્તતિકા) :-** છઠ્ઠા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

**૧૪. તત્ત્વાર્થાધિગમસૂત્ર :-** સૂત્રોનું સરળ, રોચક સંક્ષિપ્ત વિવેચન.

**૧૫. સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય :-** ઘણી જ રોચક કથાઓ સાથે તથા સમ્યક્ત્વ સપ્તતિકાની ગાથાઓ સાથે સડસઠ ગુણોનું વર્ણન.

**૧૬. આઠ દૃષ્ટિની સજ્ઝાય :-** પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દષ્ટિની સજ્ઝાયના સરળ ગુજરાતી અર્થો.

**૧૭. સવાસો ગાથાનું સ્તવન :-** પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.સા. કૃત, શ્રી સીમંધરસ્વામી પરમાત્માને વિનંતિ કરવારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ગર્ભિત સવાસો ગાથાનું સ્તવન ગુજરાતી અર્થ વિવેચન સાથે.

**૧૮. નવસ્મરણ :-** મૂળ ગાથાઓ, ગુજરાતીમાં ગાથાઓના સરળ અર્થ, ઈંગ્લીશમાં મૂળ ગાથાઓ અને ઈંગ્લીશમાં તે ગાથાઓના અર્થ.

**૧૯. પૂજા સંગ્રહ સાર્થ :-** પંચકલ્યાણક, અંતરાયકર્મ નિવારણ, ૪૫ આગમની પૂજા આદિ પૂજાઓ સુંદર ભાવવાહી અર્થ સાથે.

**૨૦. સ્નાત્રપૂજા સાર્થ :-** પૂ. વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ સાથે.

**૨૧. શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રત :-** વિવેચન સહ.

**૨૨. શ્રી વાસ્તુપૂજા સાર્થ :-** પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી કૃત વાસ્તુપૂજાનું સુંદર-સરળ તથા જૈન વિધિ સહ ગુજરાતી ભાષાંતર.

૨૩. **રત્નાકરાવતારિકા(ભાગ-૧)** :- પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નાપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતી અર્થ. (પરિચ્છેદ ૧-૨)

૨૪. **રત્નાકરાવતારિકા (ભાગ-૨)** :- પૂ. વાદિદેવસૂરિજી રચિત પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતીમાં અર્થ. (પરિચ્છેદ ૩-૪-૫)

૨૫. **રત્નાકરાવતારિકા (ભાગ-૩)** :- પરિચ્છેદ ૬-૭-૮. પૂ. રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

૨૬. **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ** :- પૂ. ઉ. શ્રી યશોવિજયજી મ. કૃત ગુજરાતી ટબા સાથે તથા ટબાની તમામપંક્તિઓના વિવેચન યુકત અર્થ સાથે.

૨૭. **અઢાર પાપસ્થાનકની સજ્ઝાય** :- અર્થ વિવેચન સાથે.

૨૮. **સમ્મતિ પ્રકરણ** :- પૂજ્ય આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી કૃત સમ્મતિ પ્રકરણનું પાઠ્ય પુસ્તકરૂપે ગુજરાતી વિવેચન.

૨૯. **ગણધરવાદ** :- પરમારાધ્ય સિદ્ધાન્તપાક્ષિક પૂ. આ.શ્રી જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણજી વિરચિત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત શ્રી મલધારી હેમચંદ્રાચાર્યજી વિરચિત ટીકાના અનુવાદ રૂપે "ગણધરવાદ".

૩૦. **જ્ઞાનસાર અષ્ટક તથા જ્ઞાનમંજરી** :- દ્રવ્યાનુયોગના પ્રખરાભ્યાસી શ્રી દેવચંદ્રજી મ. કૃત જ્ઞાનમંજરી ટીકા તથા ટીકાના વિવેચન સાથે સરળ ગુજરાતી જ્ઞાનસારાષ્ટકનું વિવેચન.

૩૧. **અમૃતવેલની સજ્ઝાય** :- અર્થ સભર સુંદર ગુજરાતી વિવેચન.

૩૨. **યોગસાર** :- પાંચ પ્રસ્તાવ ઉપર અર્થ સભર સુંદર-ભાવવાહી ગુજરાતી વિસ્તૃત વિવેચન છે.

૩૩. **સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપ્પઇ :-** છ સ્થાનોનું પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ પૂર્વક આ ગાથાઓમાં ખાસ તર્કયુક્ત બાલાવબોધ તથા સરળ ગુજરાતી સવિસ્તૃત વર્ણન કરેલ છે.

૩૪. **શ્રી દેવચંદ્રજી મ. કૃત સ્તવન ચોવીશી (ભાગ : ૧-૨) :** પ્રથમ ભાગમાં ૧થી ૧૨ ભગવાનના સ્તવનોના ગુજરાતીમાં ભાવવાહી સુંદર અર્થો તેમજ ભાગ ૨માં ૧૩થી૨૪ ભગવાનના સ્તવનોના ગુજરાતી ભાષામાં સુંદર અર્થો લખેલા છે.

૩૫. **કર્મપ્રકૃતિ :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. (બંધનકરણ)

૩૬. **નિહ્નવવાદ :-** પૂજ્ય આચાર્યદેવ શ્રી જિનભદ્રગણિકૃત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત ભગવાન મહાવીર પ્રભુની વાત ન સ્વીકારનારા નિહ્નવોની માન્યતા તથા ચર્ચા.

૩૭. **અધ્યાત્મ ગીતા :-** પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત અધ્યાત્મરસથી ભરેલી ગીતા.

૩૮. **તીર્થમાલા :** વિ. સં. ૧૭૭૫માં (આશરે ૩૦૦ વર્ષ પૂર્વે) પરમ પૂજ્ય શ્રી જ્ઞાનવિમલસૂરિજી મહારાજશ્રીની નિશ્રામાં સુરતથી નિકળેલ છ' રિ પાલિત સંઘ જે વિવિધ તીર્થોની સ્પર્શના કરવા સાથે સુઇગામ પણ પધારેલ તે તીર્થયાત્રાનું સુંદર વર્ણન છે.

## ભાવિમાં લખવાની ભાવના

૩૯. **કર્મપ્રકૃતિ :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. (સંક્રમકરણ આદિ બાકીનાં સાત કરણો માટેના બીજા ત્રણ ભાગો)

# સુકૃત સહયોગી

## રેખાબેન લલિતભાઈ સાવલા

શાન્ડીયાગો (યુ.એસ.એ.)

તરફથી સપ્રેમ

સૌ કોઈ વાંચી ચિંતન-મનન કરી
શીઘ્રાતીશીઘ્ર મોક્ષસુખ પામે
એ જ મંગલ કામના.

અનુમોદના

અભિનંદન


ધન્યવાદ



પૂજ્ય શ્રી ચિદાનંદજી મહારાજશ્રી વડે બનાવાયેલી

# પુદ્ગલ ગીતા

(ગુજરાતી અર્થ-વિવેચન સાથે)



॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

પરમ પૂજ્ય

શ્રી ચિદાનંદજી મહારાજશ્રી કૃત

# પુદ્‌ગલ ગીતા

**સંતો, દેખીએ એ, પરગટ પુદ્‌ગલ જાલ તમાસા ।**
**પુદ્‌ગલ ખાણો, પુદ્‌ગલ પીણો, પુદ્‌ગલ હુંકી કાયા ॥**
**વર્ણ ગંધ રસ ફરસ સહુએ, પુદ્‌ગલ હુંકી માયા ॥સંતો॥ ૧**

**ખાન-પાન પુદ્‌ગલ બનાવે, નહીં પુદ્‌ગલ વિણ કાય ।**
**વર્ણાદિક નહીં જીવમેં એ, દીનો ભેદ બતાય ॥સંતો॥ ૨**

**ગાથાર્થ :** હે સંતપુરૂષો ! તમે દેખો તો ખરા, કે આ સંસારમાં પ્રગટ પણે પુદ્‌ગલ દ્રવ્યની જાળ કેવી છે ! કેવો એક તમાસો છે ? આ જીવને આ તમાસો કેવો મોહમાં ફસાવે છે ! આ તમાસો (ખેલ) તો દેખો. ॥ ૧ ॥

આ જીવ જે ખાય છે તે પુદ્‌ગલ છે (જડ છે.) જે પીવાય છે. તે પણ બધાં પીણાં જુદા જુદા પુદ્‌ગલ દ્રવ્યો ભેગાં કરવાથી બનેલાં છે. અરે, આ કાયા (શરીર) પણ પુદ્‌ગલ દ્રવ્યનું જ બનેલું છે. ॥ ૨ ॥

**ભાવાર્થ :** શરીરની ચામડીની શોભા (વર્ણ) તથા ચામડીની જ સુગંધ તથા અંદરના માંસાદિ પુદ્‌ગલોનો જે રસ (સ્વાદ) તથા ચામડીની જે કોમળતા-કર્કશતા ઈત્યાદિ સ્પર્શ આ સર્વે ગુણોની મુલાયમતા તે સર્વ પુદ્‌ગલની (શરીરની) જ બાજી છે. ઉપરોક્ત ગુણોમાંથી કોઈપણ વર્ણાદિ ગુણો આત્માના નથી. આત્મા તો રૂપ-રસ-ગંધ અને સ્પર્શ

વિનાનું અરૂપી દ્રવ્ય છે. તો આત્માથી ભિન્ન એવા પુદ્ગલ દ્રવ્યના વર્ણાદિ ગુણો પ્રત્યે આટલો લગાવ કેમ ? આટલું આકર્ષણ કેમ ? હે જીવ, આ તારા ગુણો જ નથી. તું તેમાં કેમ આકર્ષાય છે ! ॥૧॥

ખાવાનું, પીવાનું જે કંઈ બને છે. તે સર્વ પુદ્ગલ દ્રવ્યો જ છે. અરે, આ જે કાયા છે તે પણ પુદ્ગલ દ્રવ્યની જ બનેલી છે. પુદ્ગલ વિના કાયામાં કંઈ છે જ નહિ. અરે, તને જે વર્ણાદિ રૂપાળા દેખાય છે. તે સર્વ પુદ્ગલ દ્રવ્ય જ છે. જીવમાં આવા ગુણો નથી. જે વર્ણાદિથી તું મલ્કાય છે. તે જો જીવના હોત તો સિદ્ધ પરમાત્મામાં પણ હોત. પરંતુ આમ નથી. માટે આ બધી જે બાહ્ય શોભા છે તે પુદ્ગલ દ્રવ્યની છે. હે જીવ ! તારી નથી. તું તેનાથી ભિન્ન દ્રવ્ય છો.

આ વાત નહિ સમજવાના કારણે જે જ્ઞાની મહાત્મા પુરુષો શરીરથી આત્માનો ભેદ બતાવે છે. સમજાવે છે. તેને અજ્ઞાની લોકો દીન સમજે છે. શરીરથી આત્મા ભિન્ન પદાર્થ જ છે. પરંતુ તેની સમજણ ન હોવાથી આવું સમજાવનારા ગુરુઓ આપણને દીન-બિચારા ગરીબડા લાગે છે. અજ્ઞાની એવા આ જીવને ભેદ બતાવનારા જ્ઞાની મહાત્મા મુર્ખા લાગે છે. અણસમજુ દેખાય છે. પરંતુ વાસ્તવિકપણે તો તે પોતે જ મૂર્ખ છે. તે પોતે જ અજ્ઞાની છે. ॥ ૨ ॥

**પુદ્ગલ કાલા, નીલા, રાતા, પીલા પુદ્ગલ હોય ।**
**ધવલા યુત એ પંચ વરણ ગુણ, પુદ્ગલ હું કા જોય ॥૩॥ સંતો॥**

**પુદ્ગલ વિણ કાલા નહીં એ, નીલ રકત અરુ પીત ।**
**શ્વેત વર્ણ પુદ્ગલ વિના એ, ચેતન મેં નહીં પીત ॥૪॥સંતો॥**

**ગાથાર્થ :** પુદ્ગલ દ્રવ્ય જ કાળુ, નીલુ, લાલ, પીલું હોય છે. તથા પુદ્ગલ દ્રવ્ય જ ધોળાશવાળું હોય છે. આ પાંચ વર્ણ નામના ગુણો પુદ્ગલ દ્રવ્યમાં જ હોય છે. આ સર્વે ગુણો કાયાના જ છે અને કાયા એ પુદ્ગલ દ્રવ્ય છે. કાયા તે જીવદ્રવ્ય નથી. એટલે જ મૃત્યુકાળે કાયા જ અહીં રહે છે. જીવ રૂપ હંસ એકીલો જ પરભવમાં જાય છે.

તે જીવમાં કાળા-નીલા-પીળાપણું વિગેરે કોઈ આવા ગુણો નથી. આ જીવ કાયાના ગુણોને પોતાના માનીને હર્ષ-શોક કરે છે અને સંસારમાં દુઃખ પામે છે. ॥ ૩-૪ ॥

**ભાવાર્થ :-** ખરેખર ઊંડો વિચાર કરીએ તો પુદ્‌ગલ દ્રવ્ય વિના બીજુ કોઈ દ્રવ્ય કાળું નીલું રાતું અથવા પીળું નથી. અરે, ધોળું પણ પુદ્‌ગલ દ્રવ્ય વિના બીજું કોઈ દ્રવ્ય નથી. ઉપર કહેલા ગુણોમાંના કોઈ ગુણો ચેતન દ્રવ્યના નથી.આ જીવ તો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો છે. હે જીવ! આ વર્ણાદિનો તને જે રસ લાગ્યો છે. પણ તે તારા ગુણો નથી. કાયાના એટલે કે પુદ્‌ગલ દ્રવ્યના તે ગુણો છે. તારા ગુણો ન હોવાથી પારકા દ્રવ્યના આ ગુણો છે. તેમાં તું કેમ અંજાયો છે ! તું તેમાં કેમ મોહાન્ધ બન્યો છે ? સિદ્ધ પરમાત્મા જીવ દ્રવ્ય છે. તેમાં આ ગુણોમાંનો એક પણ ગુણ નથી. જો વર્ણાદિ ગુણો જીવના હોત તો સિદ્ધ પરમાત્મામાં પણ હોત. પરંતુ આમ નથી. માટે હે જીવ ! પર દ્રવ્યના ગુણોમાં તું આટલો બધો મોહાન્ધ અને વિકારી કેમ બન્યો છે ! હે જીવ ! તું તારું સ્વરૂપ સંભાળ, પરમાં આસક્ત ન બન. ॥૪॥

**સુરભિ ગંધ દૂર ગંધતા એ, પુદ્‌ગલ હું મેં હોય ।**
**પુદ્‌ગલકા પરસંગ વિના તે, જીવમાંહે નવિ હોય ॥૫॥ સંતો॥**

**પુદ્‌ગલ તીખા, કડવા પુદ્‌ગલ, ફુનિ ફસાયલ કહીએ ।**
**ખાટા, મીઠા, પુદ્‌ગલ કેરા, રસ પાંચુ સદહીએ ॥૬॥ સંતો॥**

**ગાથાર્થ :** સારી ગંધ અને ખરાબ ગંધ આ પણ પુદ્‌ગલ દ્રવ્યમાં જ હોય છે. પુદ્‌ગલ દ્રવ્યના સંબંધ વિના કેવળ એકલા જીવદ્રવ્યમાં આ ગંધ ક્યારેય હોતી નથી. ॥૩॥

પુદ્‌ગલ દ્રવ્ય જ તીખું કડવું તથા પુદ્‌ગલ દ્રવ્ય જ ફાલ્યુ ફુલ્યુ (મીઠાસવાળું-વિકાસ પામેલું) કહેવાય છે. ખાટું અને મીઠું આ સર્વ

પાંચે રસો પુદ્ગલ દ્રવ્યના જ છે. (જીવ દ્રવ્યના નથી.) તે રસમાં તારે અંજાવું જોઈએ નહિ. કારણ કે, હે જીવ ! તે ગુણો તારા નથી. ॥૪॥

**ભાવાર્થ :** પુષ્પોમાં જે સુગંધ જણાય છે અને વિષ્ટાદિમાં જે દુર્ગંધ જણાય છે. પરંતુ વિકસેલું ફુલ એ પણ આખર તો વનસ્પતિકાયનું શરીર જ છે અર્થાત્ પુદ્ગલ દ્રવ્ય જ છે. તે પુષ્પ દ્રવ્ય અને વિષ્ટાદિ પદાર્થો સુકાતા કરમાતા-નાશ પામતા - રૂપાંતર થતા નજરે દેખાય છે. તો આવા પુદ્ગલના ગુણોમાં આપણે અંજાવાનું કેમ હોય ? અને તેનાથી વિપરીત ગુણો મળતાં આટલો ઉદ્‌વેગ કેમ ? સુગંધ અને દુર્ગંધ આ બન્ને પર પદાર્થોના ગુણો છે હે જીવ ! આમાંનો એકે ગુણ તારો નથી. તો પછી તું એ ગુણોમાં કેમ લોભાણો છે ? કેમ અંજાયો છે ? જે સ્વરૂપ તારૂં નથી. તેમાં આવો અત્યંત દષ્ટિરાગ કરવાની તારે શી જરૂર છે ? આ મોહના વિકારો હે જીવ ! ભવિષ્યમાં તારૂં પતન કરાવશે. ॥૫॥

પુદ્ગલ દ્રવ્યો જ તીખાં હોય છે. કડવાં હોય છે. પુદ્ગલ દ્રવ્ય જ ફાલ્યુ અને ફુલ્યું થાય છે. ભાવતું અણભાવતું થાય છે. પુદ્ગલ દ્રવ્ય જ ખાટુ, ખોરૂ, મીઠું. અતિશય ગળપણવાળું બને છે. આ પાંચ રસો પુદ્ગલ દ્રવ્યના છે. હે જીવ ! તારા આ ગુણો જ નથી અને જે ગુણો તારા નથી. તેમાં તું કેમ અંજાયો છે ? હે જીવ ! તારા ગુણોને તું સંભાળ.

જેમ પારકાની સંપત્તિનો મોહ કરાય નહિ. તેમ આવા પર દ્રવ્યના ગુણોમાં હે જીવ ! તું કેમ અંજાયો છે ? તું કેમ વિકારી અને વિલાસી બન્યો છે ? જે તારૂં સ્વરૂપ નથી. તારી માલિકીનું નથી. તારી ઈચ્છા પ્રમાણે આ રસાદિ ગુણો રહેવાના નથી. તે ગુણોને ગમે તેટલો તું સાચવીશ તો પણ પરિવર્તન પામવાના જ છે. આવા ચલિત સ્વભાવવાળા પર દ્રવ્યના ગુણોમાં તને મારાપણું કેમ લાગે છે ? આટલો બધો તું આ પરદ્રવ્યોમાં કેમ અંજાયો છે ? કંઈક સમજ. આ તો સર્વ પુદ્ગલ દ્રવ્યની જ માયા છે. પર દ્રવ્યની જ ઝાકઝમાલ છે. હે જીવ ! આ તારૂં સ્વરૂપ નથી. ॥૬॥

**શીત ઉષ્ણ અરુ કાઠા કોમલ, હલુવા ભારી હોય ।**
**ચિકણા રુખા આઠ ફરસ એ, પુદ્ગલહું મે હોય ॥૭॥ સંતો॥**

**પુદ્ગલથી ન્યારા સદા જે, જાણ અફરસી જીવ ।**
**તાકા અનુભવ ભેદજ્ઞાનથી, ગુરુગમ કરો સદૈવ ॥૮॥ સંતો॥**

**ગાથાર્થ :** શીતળતા, ઉષ્ણતા અથવા કર્કશતા અને કોમળતા હળવાપણું(લઘુતા), અને ભારે પણું (ગુરુતા) તથા ચિકણાપણું (સ્નિગ્ધતા) લુખાપણું (રૂક્ષતા) આ આઠ જોકે સ્પર્શના ભેદો છે. પરંતુ આ આઠે સ્પર્શો માત્ર પુદ્ગલ દ્રવ્યોમાં જ હોય છે. (એકે સ્પર્શ જીવદ્રવ્યમાં હોતો નથી.) (જીવ દ્રવ્ય તો સ્પર્શ વિનાનો અરૂપી પદાર્થ છે.) ॥૭॥

આ જીવ તો સદાકાલ પુદ્ગલ દ્રવ્યથી જુદો જ છે. તેથી તે દ્રવ્ય તો સ્પર્શ વિનાનું (અફરસી) જ છે. તેનો અનુભવ ભેદજ્ઞાનથી થાય છે. તે ભેદજ્ઞાન મેળવવા માટે હંમેશાં ગુરુગમ કરો. ગુરૂજીની વધારે વધારે સોબત કરો. ॥૮॥

**ભાવાર્થ :** શીતળતા, ઉષ્ણતા, કર્કશતા, કોમળતા, લઘુતા, ગુરુતા સ્નિગ્ધતા અને રૂક્ષતા. આ આઠે સ્પર્શના ભેદો છે. જેને જૈન શાસ્ત્રોમાં શીત-ઉષ્ણ-કર્કશ-મૃદુ, લઘુ, ગુરુ સ્નિગ્ધ અને રૂક્ષ આવાં સંસ્કૃત નામોથી બોલાવાય છે. કહેવાય છે. આ સર્વે પણ સ્પર્શો પુદ્ગલ દ્રવ્યના જ છે. પુદ્ગલ દ્રવ્યમાં જ હોય છે. જીવ દ્રવ્યના નથી. જીવ તો સ્પર્શ વિનાનો પદાર્થ છે. હે જીવ ! જે તારા ગુણો નથી. પરદ્રવ્યના ગુણો છે. તેમાં તું કેમ અંજાયો છે ? જેમ પરસ્ત્રી કે પરપુરૂષમાં અંજાવું જોઈએ નહિ. કારણ કે, તે વ્યભિચાર અને દુરાચારનું જ કારણ બને. તેનાથી જીવનું પતન જ થાય. તેની જેમ હે જીવ ! તારે પરદ્રવ્યના એટલે કે પુદ્ગલ દ્રવ્યના ગુણોમાં અંજાવું જોઈએ નહિ. તેમાં આસક્તિ કરવી તે દૂરાચારના માર્ગે જ લઈ જાય તો પછી આટલો બધો સ્પર્શનો પ્રેમ કેમ છે ? ઠંડાં પીણાના શોખ, એરકન્ડીશનનો શોખ. તાપણે તાપવાનો શોખ, હીરાનો

શોખ. આ બધું કરવું હે જીવ ! તને શોભતું નથી. તું પર દ્રવ્યના ગુણોમાં અંજાયેલો હોવાથી વ્યભિચારના માર્ગ તરફ આગળ વધી રહ્યો છે. જરા ઉભો રહીને ચિંતન કર. તારૂં સ્વરૂપ વર્ણાદિ ગુણો વિનાનું છે તેથી તે વર્ણાદિ તારૂં સ્વરૂપ નથી. તેમાં જ તું અંજાયો છે. તારું અવશ્ય પતન જ થશે. ચડતી થવામાં ઘણી વાર લાગશે. વિચાર કર. તારૂં અસલી સ્વરૂપ ક્યાં ? અને તું મગ્નતા કરે છે ક્યાં ? હે જીવ ! જરા ઉભો રહીને વિચાર કર. આ ગુણો તારા નથી. તું તેમાં આસક્ત ન બન. તેનાથી ન્યારો રહે-તેનાથી દૂર જ રહે. ॥૭॥

હે જીવ ! આપણો જીવ તો સદાકાળ પુદ્‌ગલ દ્રવ્યથી ન્યારો (ભિન્ન) જ છે. પરભવમાંથી આવ્યા પછી માતાની કુક્ષિમાં શરીર બનાવ્યું છે અને મૃત્યુ પામતાં તે શરીર (ગમે તેટલું ભભકાદાર હોય તો પણ) મૂકીને જ જાવાનું છે. શરીર એ અચેતન દ્રવ્ય છે અને આત્મા એ ચેતન દ્રવ્ય છે. આમ બન્ને ભિન્ન પદાર્થો છે. આવા પ્રકારનું ભેદનું જ્ઞાન થવાથી જ આ વાત અનુભવાય છે. આ વાતને વધારે સ્પષ્ટ સમજવા માટે તેના નિરંતર અનુભવી એવા ગુરુઓનો સાથ-સહકાર જ અવશ્ય જરૂરી છે. તે માટે હરહંમેશાં ગુરુગમ કરવો જરૂરી છે. કંદક ચિંતન-મનન કરી પુદ્‌ગલનો મોહ ઓછો કર. ॥૮॥

**ક્રોધી માની માયી લોભી, પુદ્‌ગલ રાગે હોય ।**
**પુદ્‌ગલ સંગ વિના ચેતન એ, શિવનાયક નિત્ય જોય ॥૯॥ સંતો॥**

**નર નારી નપુંસકવેદી, પુદ્‌ગલ કે પરસંગ ।**
**જાણ અવેદી સદા જીવ એ, પુદ્‌ગલ વિના અભંગ ॥૧૦॥ સંતો॥**

**ગાથાર્થ :** આ જીવ પૌદ્‌ગલિક પદાર્થોના રાગના કારણે જ ક્રોધવાળો, માનવાળો, માયાવાળો અને લોભવાળો બને છે. જો આ જીવ પૌદ્‌ગલિક પદાર્થોના સંગનો ત્યાગી બને તો આ જ ચેતનદ્રવ્ય નિત્ય મુક્તિદશાનો અધિકારી થાય છે જ. ॥૯॥

આ જીવ પુદ્ગલના બનેલા શરીરના સંબંધના કારણે જ પુરૂષલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ વાળો બને છે. હકીક્તથી જો વિચારીએ તો આ જીવ પુદ્ગલનો સંગ ન કરે તો નિર્ભયપણે સદાને માટે અવેદી (વિકાર વિનાનો) જ રહે તેવો છે. ॥૧૦॥

**ભાવાર્થ :** આ સંસારમાં વર્તતા સર્વે પણ જીવો પૌદ્ગલિક સુખોમાં રાગબુદ્ધિવાળા હોવાથી પૌદ્ગલિક સુખો મેળવવા માટે જ વચ્ચે આવતા વિઘ્નો ઉપર ક્રોધી અને વિના વિઘ્ને પૌદ્ગલિક સુખો પ્રાપ્ત થઈ જાય તો અભિમાની અને તે પૌદ્ગલિક સુખો મેળવવા માટે તથા મળેલાને સાચવવા માટે માયા-કપટ-જુઠ કરે છે તથા ન મળેલાં પૌદ્ગલિક સુખો મેળવવાની લાલસા-તત્પરતા એમ લોભ કરે છે. આમ ચારે કષાયોની ચંડાલ ચોકડી પૌદ્ગલિક પદાર્થોના સંગના કારણે અને રાગના કારણે આ જીવને ભૂતની જેમ વળગેલી છે.

તથા આ જીવ શરીરની સાથે એકાકાર છે. તેથી પુરૂષાકાર, સ્ત્રી આકાર અને ઉભયાકાર વાળા પૌદ્ગલિક શરીરનો સંબંધ હોવાથી આ જીવ પર પદાર્થનો સંગ કરવા ઈચ્છે છે. સ્ત્રીનો જીવ પુરૂષનો સંગ કરવાને અને પુરૂષનો જીવ સ્ત્રીનો સંગ કરવાને ઈચ્છે છે. વેદના વિકારો આ જીવને પીડે છે. ભોગની અભિલાષાઓમાં જ આ જીવ કિંમતી સમય ગુમાવે છે.

જો આ જીવ આ પૌદ્ગલિક પદાર્થોનો અને ખાસ કરીને શરીરનો જ સંબંધ છોડી દે તો તે સંગ વિના આ જીવ સદાને માટે અખંડિત એવો અવેદી (વિષયાભિલાષ વિનાનો) નિર્વિકારી થાય તેવું આ શુદ્ધ આત્મદ્રવ્ય છે. હે જીવ ! તું તેનું મૂળસ્વરૂપ વિચાર. તેના મૂળ સ્વરૂપ તરફ દૃષ્ટિપાત કર. ॥૯-૧૦॥

**બુઢા બાલા તરૂણ થયા તે, પુદ્ગલકા સંગ ધાર ।**
**ત્રિહું અવસ્થા નહીં જીવમેં, પુદ્ગલ સંગ નિવાર ॥૧૧॥સંતો॥**

**જન્મ-જરા-મરણાદિક ચેતન, નાનાવિધ દુઃખ પાવે ।**
**પુદ્‌ગલ સંગ નિવારત તિણ દિન, અજરામર હોઈ જાવે ॥૧૨॥**
**સંતો॥**

**ગાથાર્થ :** વૃદ્ધાવસ્થા-બાલ્યાવસ્થા અને યુવાવસ્થા જે થાય છે. તે સર્વ પુદ્‌ગલના જ ખેલ છે. આ પુદ્‌ગલનો સંગ જો નિવારવામાં આવે. (એટલે કે દૂર કરવામાં આવે) તો આ જીવમાં તેવી ત્રણ અવસ્થાઓ આવે નહિ. પુદ્‌ગલના સંગના કારણે (શરીરનો સંબંધ હોવાના કારણે જ) આ જીવ અનેક પ્રકારનાં દુઃખો પ્રાપ્ત કરે છે. જો આ જીવ પૌદ્‌ગલિક ભાવોની સોબતનો ત્યાગ કરે તો તે જ ક્ષણે, તે જ દિવસે આ જીવ અજરામર નામના પદને પ્રાપ્ત કરે. (જ્યાં જન્મ-જરા અને મરણ ક્યારે ય આવે નહિ એવું જે પદ તે અજરામર પદ, તેને આ જીવ પ્રાપ્ત કરે.) ॥૧૧-૧૨॥

**ભાવાર્થ :** લોકોમાં મનુષ્યના જીવનમાં આવી ત્રણ અવસ્થાઓ હોય છે. ઉંમર વર્ષ ૧ થી ૨૫ સુધી બાલ્યાવસ્થા, ઉંમર વર્ષ ૨૬ થી ૬૦ આસપાસ યુવાવસ્થા અને ઉંમર વર્ષ ૬૧ થી ૧૦૦ આસપાસ વૃદ્ધાવસ્થા આ ત્રણે અવસ્થાઓ શરીરનો સંબંધ હોવાના કારણે છે. પુદ્‌ગલનો જે સંગ છે. તેના કારણે છે. મુક્તિમાં ગયેલા જીવોને શરીરનો સંબંધ ન હોવાથી અનંતકાળ પસાર થવા છતાં આવી કોઈ અવસ્થા આવતી નથી. તથા બાલ્યાવસ્થામાં રમત-ગમતની પ્રીતિ, યુવાવસ્થામાં ભોગસુખની પ્રીતિ, તથા વૃદ્ધાવસ્થામાં માન-મોભાની તીવ્ર ઈચ્છા આવાં પૌદ્‌ગલિક સુખોની તીવ્ર ઈચ્છા વર્તે છે. જ્યારે મુકતદશામાં શરીરનો સંબંધ ન હોવાથી આવી ત્રણ અવસ્થાઓ નથી. તેથી ક્યારેય રમત-ગમતની તથા ભૌતિકસુખોની અને માનમોભાની ઈચ્છા માત્ર થતી નથી અને આત્માના ગુણોનો જે અનુભવ થાય છે. તેમાં જ આ જીવ આનંદમયપણે સમય પસાર કરે

છે. એટલે જ જ્ઞાની મહાત્માઓ મોક્ષમાં સ્વગુણોની રમણતાનું જ અનંત અનંત સુખ છે આમ ફરમાવે છે.

જ્યાં સુધી આ જીવ આ સંસારમાં રહે છે. ત્યાં સુધી શરીરાદિનો સંબંધ હોવાથી જ પ્રથમ શરીરનો સંબંધ, ત્યાર બાદ તે શરીરના સંબંધને લીધે થયેલા પુત્રાદિક પરિવારનો સંબંધ અને તે બધાના સંરક્ષણની પાલનપોષણની જવાબદારીના કારણે ધન અને ઘરનો સંબંધ, આ અનિવાર્ય થઈ પડે છે અને દિવસે દિવસે આ જીવ આ વિડંબણાઓની પરંપરામાં જ પોતાનું જીવન પસાર કરે છે. કેવળ એકલું આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ધરીને નરક-નિગોદના ભવોમાં રખડે છે. આમ જ્ઞાની મહાત્માઓ આપણને કહે છે. તે માટે જો આ જીવ આવા દુઃખદાયી પુદ્ગલનો સંગ છોડી દે. પુદ્ગલના સંગનો ત્યાગ કરે તો એક ક્ષણ માત્રમાં જ અજરામરપદ (જ્યાં જન્મ-જરા-મરણ-રોગ અને શોક ક્યારે ય નથી એવું પદ) આ જીવ ક્ષણ માત્રમાં જ પ્રાપ્ત કરે છે. જેમ પૃથ્વીચંદ્ર રાજા રાજ્યગાદી ઉપર હોવા છતાં અને ગુણસાગર લગ્નની ચોરીમાં હોવા છતાં ઉપરોક્ત વૈરાગ્યના જોરે અંતર્મુહૂર્ત માત્રમાં જ કેવલજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કરનારા બન્યા હતા. ॥૧૧-૧૨॥

**પુદ્ગલ રાગ કરી ચેતનકુ, હોત કર્મકો બંધ।**
**પુદ્ગલ રાગ વિસારત મનથી, નિરાગી નિર્બંધ ॥૧૩॥ સંતો॥**

**મન-વચ-કાય જોગ પુદ્ગલથી, નિપજાવે નિતમેવ।**
**પુદ્ગલ સંગ વિના અયોગી, થાય લહી નિજમેવ ॥૧૪॥ સંતો॥**

**ગાથાર્થ :** પૌદ્ગલિક પદાર્થોનો રાગ કરવાથી આ જીવને કર્મનો બંધ થાય છે. તે માટે પૌદ્ગલિક પદાર્થોનો રાગ મનથી પણ વિસારીને હે જીવ ! તારે નિરાગી અને નિર્બંધ થવું જોઈએ.

પુદ્ગલોની સાથે સંગ રાખવાથી નિત્ય (સદાકાળ) આ જીવ મન-વચન અને કાયાના યોગવાળો બને છે પરંતુ પુદ્ગલોના સંગ વિનાનો થયેલો આ જીવ અયોગી થયો છતો પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરનારો બને છે. ॥૧૩-૧૪॥

**ભાવાર્થ :** અનાદિકાળથી આ જીવને પૌદ્ગલિક પદાર્થોની માયા લાગેલી છે અને તેના જ કારણે આ જીવ પૌદ્ગલિક સુખનો તથા પૌદ્ગલિક સુખનાં સાધનોનો ઘણો જ ઘણો રાગી બન્યો છે. પૌદ્ગલિક તમામ પદાર્થો પરપદાર્થ હોવાથી તેનો રાગ કરવાના કારણે આપણો આ જીવ સમયે સમયે કર્મનો બંધ કરે છે. **"વિભાવ દશામાં જવું"** એ જ કર્મબંધનું કારણ છે અને આ વિભાવદશાને આ જીવ હોંશે હોંશે સેવે છે. જેથી મોહમાં સપડાય છે. અને કર્મથી બંધાય છે.

જ્યારે આ જીવ સાચું સમજે છે કે પુદ્ગલ એ પરદ્રવ્ય છે એમ માનીને મનથી તેનો સંગ, અર્થાત્ તેની સોબત વિસારે છે. તેની મિત્રતા જતી કરે :છે. તેમ તેમ આ જીવ નિરાગી એટલે કે રાગ વિનાનો અર્થાત્ વીતરાગ થાય છે અને વીતરાગ થવાથી જ નિર્બંધ એટલે કે કર્મોના બંધન વિનાનો થાય છે. અને નિત્ય મુક્ત બને છે.

આ જીવ જેમ જેમ મન-વચન અને કાયાના શુભ કે અશુભ યોગને સેવે છે. તેમ તેમ પુણ્ય કે પાપ કર્મોના બંધો જ નિત્ય ઉપજાવે છે. શુભાશુભ યોગના કારણે પુણ્ય કે પાપ, પણ કર્મના બંધનો જ બાંધે છે. સોનાની કે લોખંડની, પણ બેડીમાં જ જકડાય છે. તેમાંથી નીકળી શકતો નથી.

જ્યારે આ જીવ આ પુદ્ગલના સંગનો ત્યાગી બને છે. પુદ્ગલના સુખોની મમતા છોડે છે. ત્યારે જ ધીરે ધીરે પુદ્ગલના સંગ વિનાનો થયો છતો આ જીવ અયોગી બને છે અને અયોગી બનવાના કારણે આ સર્વ આંધી અટકી જવાના કારણે નવો નવો કર્મનો બંધ થતો નથી

અને રહ્યાં સહ્યાં કર્મો ખપાવીને શુદ્ધ-બુદ્ધ થયેલો આ જીવ निजमेव = પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરનારો થાય છે.

આત્મ કલ્યાણનો આ જ સાચો માર્ગ છે કે પુદ્ગલના સંગનો ત્યાગ કરવો. તેના અભ્યાસ અને પ્રેક્ટીસ માટે જ (૧) વ્રતધારી ગૃહસ્થ જીવન, (૨) દીક્ષિત જીવન તથા (૩) તપસ્વી જીવન છે. ॥૧૩-૧૪॥

**પુદ્ગલ પિંડ થકી ઉપજાવે, ભલા ભયંકર રૂપ ।**
**પુદ્ગલકી પરિહાર ક્રિયાથી, હોવે આપ અરૂપ ॥૧૫॥સંતો॥**

**પુદ્ગલ રાગી થઈ ધરત નિજ દેહ ગેહથી નેહ ।**
**પુદ્ગલ રાગ ભાવ તજ દિલથી, છિનમેં હોત વિદેહ ॥૧૬॥**
**સંતો॥**

**ગાથાર્થ :** આ જીવ પુદ્ગલોના પિંડોને ગ્રહણ કરીને તેનું જ સુંદર રૂપાળું અને ભયંકર એવું પોતાનું રૂપ ઉત્પન્ન કરે છે અને તે જ પુદ્ગલોના પિંડોનો ત્યાગ કરવાની પ્રક્રિયાથી આજ જીવ સ્વાભાવિક એવા પોતાના "અરૂપી" સ્વરૂપનો અનુભવ કરનાર બને છે. ॥૧૫॥

પૌદ્ગલિક ભાવોનો રાગ કરીને આ જીવ નવા નવા ભવો પામવા દ્વારા શરીર અને નવા નવા ઘરોનો સ્નેહ કરે છે. પરંતુ હે જીવ ! પુદ્ગલભાવોનો આ રાગભાવ તું દિલથી (એટલે આન્તરિકપણે) ત્યાગ કર, જેનાથી ક્ષણમાત્રમાં તું વિદેહ (શરીર વિનાનો પરમાત્મા) થઈ શકે છે. ॥૧૬॥

**ભાવાર્થ :** આ જીવ પરભવથી મૃત્યુ પામીને વિવક્ષિત ભવમાં આવ્યો છતો શુક્ર અને રૂધિર આદિ પુદ્ગલ પિંડોને ગ્રહણ કરીને કોઈકવાર ભલુ (એટલે સુંદર શોભાયમાન) રૂપ ધારણ કરે છે. ભલ ભલા માણસો અંજાઈ જાય એવું દેદીપ્યમાન રૂપવાળું શરીર ધારણ કરે છે અને કોઈકવાર રાક્ષસ જેવું ભયંકર ભય ઉપજાવે તેવું પણ શરીર ધારણ કરે છે. પરંતુ પુદ્ગલ ભાવોને તજવાની ક્રિયા કરવાથી અર્થાત્

અયોગી થવાથી આ જ જીવ પોતાના અસલી "અરૂપી" પણાના સ્વરૂપને પામે છે. ॥૧૫॥

તથા આ જીવ પૌદ્‌ગલિક ભાવોનો રાગી થયો છતો શરીરનો, ઘરનો, ધનનો, પરિવારનો અને માન-મોભાનો રાગી થાય છે અને તેનાથી કર્મો બાંધીને હે જીવ ! તું સંસારીપણું (અનેક ભવોમાં ભટકવાપણું) તું પ્રાપ્ત કરે છે. જ્યારે આ જ પૌદ્‌ગલિક ભાવોનો રાગભાવ દિલથી (હૃદયથી) તજવામાં આવે છે. ત્યારે ક્ષણવારમાં જ અશરીરી (વીતરાગ કેવલી) પણ તું થઈ શકે છે. ॥૧૬॥

**પુદ્‌ગલપિંડ લોલુપી ચેતન, જગમાં રાંક કહાવે ।**
**પુદ્‌ગલ નેહ નિવાર પલકમેં, જગપતિ બિરૂદ ધરાવે ॥૧૭॥**
**સંતો॥**

**પુદ્‌ગલ મોહ પ્રસંગે ચેતન, ચાર ગતિ મેં ભટકે ।**
**પુદ્‌ગલ નેહ તજી શિવ જાતાં, સમય માત્ર નહીં અટકે ॥૧૮॥**
**સંતો॥**

**ગાથાર્થ :** પુદ્‌ગલોના સમૂહથી બનેલાં ઘર, શરીર, ધન ઈત્યાદિ પદાર્થોનો લોલુપી (આસક્ત) બનેલો એવો આ આત્મા જ્યારે દેખો ત્યારે આ જગતમાં તે ભીખારી જ દેખાય છે. જ્યારે દેખો ત્યારે પુદ્‌ગલ સુખોની ભીખ જ માગતો હોય છે. પુદ્‌ગલોના પદાર્થોનો સ્નેહભાવ (રાગભાગ) જે આત્માએ નિવાર્યો છે. (રોક્યો છે.) તે આત્મા આ જગતમાં જગદ્‌પતિનું બિરૂદ ધરાવે છે. ॥૧૭॥

પૌદ્‌ગલિક પદાર્થોના મોહને કારણે જ ચેતન એવો આ આત્મા ચારે ગતિમાં ભટકે છે. પરંતુ જે આત્મા પૌદ્‌ગલિક ભાવોના સ્નેહને (રાગને) ત્યજે છે. નિવારે છે. તે જીવ મોક્ષને મેળવતાં એક ક્ષણ પણ વાર લગાડતો નથી. ॥૧૮॥

**ભાવાર્થ :** પૌદ્‌ગલિક ભાવોનો રાગી આત્મા તેમાં આસક્ત અને લોલુપી બન્યો છતો જગતના લગભગ ઘણા ખરા જીવો પાસે જુદી જુદી વસ્તુઓ માંગ્યા જ કરે છે. જેની પાસે જે જે વસ્તુ દેખે તેની પાસેથી તે તે વસ્તુ મેળવવાની ચાહના વાળો તે જીવ ભીખારીની જેમ કાલાવાલા કરે છે. આજીજી કરે છે અને પોતાની લાચારી વ્યક્ત કરે છે. ગરજુ ગરીબની જેમ સર્વત્ર હાથ જોડતો પગે પડતો દેખાય છે. પંગ ચંપી કરતાં જરા પણ લજ્જા પામતો નથી. પરંતુ જે આત્માઓએ પૌદ્‌ગલિક ભાવોનો સ્નેહ ત્યજી દીધો છે. પૌદ્‌ગલિક સુખોમાંથી મન ઉઠાવી લીધું છે. તે આત્મા મોહરાજાને જીતીને આ જગતમાં જગત્‌પતિનું અર્થાત્ તીર્થંકરપણાનું બીરૂદ પ્રાપ્ત કરે છે. એટલે કે સર્વજ્ઞ કેવલી તીર્થંકર પરમાત્મા થાય છે. મોહને જીતનારો તે જીવ તુરત જ મોક્ષગતિને પામે છે. ॥૧૭॥

તથા વળી પૌદ્‌ગલિક ભાવોમાં આસક્તિ એટલે કે મમતાવાળો તે જીવ આર્તધ્યાન રૌદ્રધ્યાન કરીને હિંસાદિ મહા પાપો કરતો છતો ચારે ગતિમાં અનંતકાળ ભટકે છે. જન્મ-મરણનાં દુઃખો પામે છે. પરંતુ જે આત્મા પૌદ્‌ગલિક ભાવોનો સ્નેહ ત્યજે છે તે જીવને નિર્વિકારી અને નિર્મોહી થઈને મોક્ષે જતાં એક સમય જેટલી પણ વાર લાગતી નથી. મોહને જીતનારો તે જીવ તુરત જ મુક્તિપદ પ્રાપ્ત કરે છે. ॥૧૮॥

**પુદ્‌ગલ રસ રાગી જગ ભટકત, કાલ અનંત ગમાયો ।**
**કાચી દોય ઘડીમેં નિજગુણ, રાગ તજી પ્રગટાયો ॥૧૯॥સંતો॥**

**પુદ્‌ગલ રાગે વાર અનંતી, તાત માત સૂત થઈયા ।**
**કિસકા બેટા, કિસકા બાબા, ભેદ સત્ય જબ લહીયા ॥૨૦॥**
**સંતો॥**

**ગાથાર્થ :** પૌદ્‌ગલિક પદાર્થોના રાગના કારણે તેમાં રાગી થયેલા આ જીવે જગતમાં ભટકતાં ભટકતાં અનંતો કાળ ગુમાવ્યો છે. જો આ રાગદશા ત્યજવામાં આવે તો કાચી ઘડીમાં આ જીવ પોતાના (કેવલજ્ઞાનાદિક) ગુણોને પ્રગટ કરનાર બને છે. ॥૧૯॥

પૌદ્‌ગલિક પદાર્થોના રાગના કારણે જ મોહદશા દ્વારા ચીકણાં કર્મો બાંધીને આ જીવ અનેકવાર પિતા-માતા-પુત્ર થયો છે. પરંતુ જ્યારે સાચો ભેદ જાણ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે કોણ કોના બેટા છે અને કોણ કોનો બાબો છે ? (આ બધી માન્યતા તો માત્ર મોહદશા જ છે.) ॥૨૦॥

**ભાવાર્થ :** આ આત્મા અનાદિકાળથી મોહનીય કર્મને પરવશ બન્યો છે. દારૂડીયાની જેમ પોતાનું અસલી સ્વરૂપ ભૂલી ગયો છે. તેના કારણે ગાંડા માણસની જેમ આ સંસારની ચારે ગતિમાં ભટક્યા જ કરે છે. જેમ ગાંડો માણસ ગાંડપણના કારણે અહીં તહી ભટકે છે. વિવેકશૂન્ય બોલે છે. તેવી જ રીતે મોહાધીન થયેલો આ જીવ ચારે ગતિમાં અનંતાં અનંતાં જન્મ મરણમાં દુઃખો પામ્યો છે અને પામે છે. વિરહની વેદના, હુંસા તુંસી, રઘડા-ઝઘડા ઘણા પામ્યો છે. પરંતુ જ્ઞાનીનાં વચનો સાંભળીને તેનો આશ્રય લઈને જો ડાહ્યો થઈ જાય અર્થાત્ મોહને જિતનારો જો બની જાય તો કાચી બે ઘડી જેટલા કાળમાં એટલે કે ચપટી વગાડીએ તેટલી જ વારમાં પોતાના કેવળજ્ઞાનાદિ ગુણોને પ્રગટાવનારો બને છે અને સાદિ-અનંતકાળના માપવાળા મુક્તિ સુખને ભોગવનારો બને છે. ॥૧૯॥

પૌદ્‌ગલિક સુખોના રાગના કારણે જ ભોગદશામાં આ જીવ જોડાય છે. તેથી જ કોઈ જીવ માતા બને છે. કોઈ જીવ પિતા બને છે. કોઈ જીવ પુત્ર બને છે. આમ મોહના કારણે સાંસારિક જુદાં જુદાં સગપણોવાળો આ જીવ બને છે. પરંતુ જ્યારે આ જીવને તત્ત્વજ્ઞાન

પ્રગટ થાય છે ત્યારે સાચો ભેદ જણાય છે અને આ જીવ સમજે છે કે કોણ કોનો બેટો અને કોણ કોનો બાબો, તથા કોણ કોનો પિતા અને કોણ કોની માતા ? ભવ પલટાતાં બધુ જ પલટાઈ જાય છે. અઢાર નાતરાવાળા દૃષ્ટાન્તની જેમ આ જીવ અનેક સગપણવાળો બને છે. તેથી સાચું કોઈ એક સગપણ પણ રહેતું જ નથી. હે જીવ ! તું પોતે કંઈક સમજ, દેખાતી દુનિયા અનિત્ય છે. ક્ષણભંગુર છે. તું તારા આત્માના ગુણોને જાણ અને તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કર. જે સદાકાળ તારી સાથે જ રહેશે. અને તારે ક્યારેય પરાધીનતા પ્રાપ્ત કરવી નહિ પડે. ॥૨૦॥

**પુદ્ગલ સંગ નાટક બહુ, નટવત્ કરતાં પાર ન પાયો ।**
**ભવસ્થિતિ પરિપકવ થઈ તબ, સહેજે મારગ આયો ॥૨૧॥**
**સંતો॥**

**પુદ્ગલ રાગે દેહાદિક નિજ, માન મિથ્યાત્વી સોચ ।**
**દેહ ગેહનો નેહ તજીને, સમ્યગ્દૃષ્ટિ હોય ॥૨૨॥સંતો॥**

**ગાથાર્થ :** પૌદ્ગલિક ભાવોની સોબતના કારણે તેનો એટલે કે શરીર, ઘર, ગાડી વાડી વસ્ત્ર-આભરણ ઈત્યાદિ પર પદાર્થોના મોહના કારણે નટવૈયાની જેમ ભવોભવમાં પુદ્ગલના સુખનો અનુભવ કરવાનાં અને તેમાં મ્હાલવાનાં ઘણાં વિવિધ નાટકો આ જીવે કર્યાં છે. આ નાટકનો ક્યારે ય પાર આવતો નથી. પરંતુ જ્યારે ભવસ્થિતિ પરિપકવ થાય છે. ત્યારે તેમાંથી નીકળવાનો માર્ગ આ જીવ સ્વાભાવિકપણે જ પામે છે. ॥૨૧॥

પૌદ્ગલિક ભાવોનો અતિશય ગાઢ રાગ હોવાના કારણે માન અને મિથ્યાત્વ પામે છે. તે જ જીવ ડાહ્યો થાય તો શરીર અને ઘર આદિ પદાર્થોનો સ્નેહ (રાગભાવ) ત્યજીને સમ્યગ્દષ્ટિ થાય છે. ॥૨૨॥

**ભાવાર્થ :** પુદ્‌ગલના સુખોનો અનુભવ કરવાના રાગના કારણે ભિન્ન ભિન્ન પ્રકારના નાટક કરનારા નટવૈયાની જેમ આ જીવે ભવોભવમાં પુદ્‌ગલના સુખનો અનુભવ કરવાનાં અને તેમાં મ્હાલવાનાં ઘણાં નાટકો કર્યા છે. તેના દ્વારા ઘોર કર્મો આ જીવે બાધ્યાં છે અને નરક-નિગોદના ભવમાં બહુ જ દુઃખ પામ્યો છે. એમ જ્ઞાની વીતરાગ ભગવંતો કહે છે.

તેમાંથી નીકળવાની જે જીવની ભવિતવ્યતા પાકી છે. કાળનો પરિપાક થયો છે. તે જીવ પોત પોતાની તેવી ભવિતવ્યતા હોવાથી પોતાના સ્વાભાવિક પરિણામના જોરે જ થોડોક ઉપર આવે છે. તેથી વિકલેન્દ્રિય અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિયના ભવ પામે છે. જેમ જેમ વધારે સમજણ આવે છે. તેમ તેમ તે સમજના કારણે મોહના ઉછાળા પણ તીવ્ર બને છે જ અને આના કારણે માન-સન્માનની બુદ્ધિ વધારે પ્રગટે છે. માયા પ્રપંચ કરીને ધન ભેગુ કરવાનો અને પાંચ ઈન્દ્રિયોના વિષયોની પુષ્ટિ કરવાની ભાવના વધે છે. જેથી મિથ્યાત્વાદિ પાપમાં આ જીવ વધારે વધારે જોડાય છે અને પાછો એકેન્દ્રિયાદિના ભવ પામે છે.

આ પ્રમાણે વારંવાર ઉપર-નીચે પડકાતાં પડકાતાં ક્યારેક જ્ઞાની ગીતાર્થ ગુરુની સોબત થતાં શરીર-ઘર પરિવાર આદિના સ્નેહભાવોને ગૌણ કરીને આત્મ કલ્યાણને પ્રધાન કરીને સાચા માર્ગે આ જીવ ક્યારેક ચઢે છે અને તેના બળે સમ્યગ્દૃષ્ટિપણાને પણ પામે છે. હવે કંઈક આત્મ કલ્યાણ કરવાની ભાવના જાગૃત થાય છે. તેથી હે જીવ ! તું કંઈક સમજ. ॥૨૧-૨૨॥

**કાળ અનંત નિગોદ ધામમેં, પુદ્‌ગલ રાગે રહિયો ।**
**દુઃખ અનંત નરકાદિકથી તું, અધિક બહુવિધ સહિયો ॥૨૩॥**
**સંતો॥**

**પ્રાયઃ અકામનિર્જરાકો બલ, કિંચિત ઉંચો આયો।**
**બાદરમાં પુદ્ગલ રસ વશથી, કાલ અસંખ ગમાયો ॥૨૪॥**
**સંતો॥**

**ગાથાર્થ :** પૌદ્ગલિક સુખોના રાગને લીધે મોહાન્ધતાના કારણે નિગોદ જેવા સ્થાનોમાં અનંતો કાળ હે જીવ ! તેં પસાર કર્યો છે અને નરકાદિ જેવા દુઃખી ભવોમાં જવાના કારણે હે જીવ ! તું ભૂતકાળમાં બહુ પ્રકારનાં દુઃખો પામ્યો છે. ॥૨૩॥

ઘણું કરીને અકામ નિર્જરાના બળે તું કંઈક ઉંચો આવ્યો. સૂક્ષ્મના ભવમાંથી બાદર આદિના ભવમાં આવ્યો. પરંતુ ત્યાં પણ પૌદ્ગલિક સુખોના રાગના વશથી આવી જ પરિસ્થિતિમાં અસંખ્યાતો કાળ ગુમાવ્યો છે. ॥૨૪॥

**ભાવાર્થ :** ભૌતિક સુખોનો રાગ અને દુઃખોનો દ્વેષ આવા પ્રકારના આ રાગ અને દ્વેષના કારણે હે જીવ ! તેં નિગોદના ભવોમાં અને નરકના ભવોમાં અનંતો અનંતો કાળ પસાર કર્યો. જ્યાં તારી ચેતના ઘણી ઢંકાયેલી થઈ. બેહોશ દશા થઈ. **કર્તવ્યાકર્તવ્ય**નો વિવેક ન રહ્યો, **જ્ઞાનદશા** આવૃત્ત થવાના કારણે સૂઝ-બૂઝ ન રહી. જડ જેવી બુદ્ધિ થઈ. મોહાન્ધદશા વધતી જ ગઈ. તત્ત્વાતત્ત્વના વિવેક શૂન્ય ચિત્તવાળો તું થયો. જીવ હોવા છતાં ચેતનવાળો હોવા છતાં મૂર્ખશિરોમણિ જેવો થઈને દુઃખદાયી વ્યસનોમાં તું જોડાયો. દારૂ, પરસ્ત્રી સેવન આદિ મહાપાપો કરીને નરકાદિના ભવો કરવા દ્વારા હે જીવ ! તું અનંત અનંત દુઃખો પામ્યો છે. શબ્દોથી કહી પણ ન શકાય તેવા બહુવિધ કષ્ટો તેં સહન કર્યાં છે.

આમ કરતાં કરતાં અકામ નિર્જરાના બળે તું **બેઈન્દ્રિયાદિ**ના ભવોમાં આવવા દ્વારા કંઈક ઉંચો આવ્યો છે. પરંતુ જેમ જેમ ઉંચા

ભવોમાં તું આવ્યો અને તારી ચેતના (સમજણ શક્તિ) વધી. તેમ તેમ પૌદ્ગલિક ભાવોના સુખોનો જ તું વધારે રસિક બન્યો અને તેની મોહાન્ધતાના કારણે તેં અસંખ્ય કાળ આવા ભવોમાં રખડપટ્ટી જ કરી. આત્મકલ્યાણ કંઈ જ સાધ્યું નહિ. ॥૨૩-૨૪॥

**લહી ક્ષયોપશમ મતિજ્ઞાનકો, પંચેન્દ્રિય જબ લાધી ।**
**વિષયાસક્ત રાગ પુદ્ગલથી, ધાર નરક ગતિ પાઈ ॥૨૫॥સંતો॥**

**તાડન મારણ છેદન ભેદન, વેદન બહુવિધ ધાઈ ।**
**ક્ષેત્રવેદના આદિ દઈને, વેદભેદ દરસાઈ ॥૨૬॥સંતો॥**

**ગાથાર્થ :** નામકર્મના ઉદયના કારણે તથા મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના કારણે પાંચે ઈન્દ્રિયોને તથા જ્ઞાન શક્તિને તેં પ્રાપ્ત કરી. પરંતુ વધારે જ્ઞાન-સમજણ અને ઈન્દ્રિયોની સાનુકૂળતા મળવાથી વિષયોમાં જ તું વધારે આસક્ત બન્યો. તેનાથી પુદ્ગલોના સુખનો જ ઘણો રાગ ધારણ કરીને વારંવાર નરક નિગોદની ગતિ હે જીવ ! તેં પ્રાપ્ત કરી. સાધના ન કરી પણ વિરાધના જ કરી.

તથા તેવા હલકા ભવોમાં જઈને તાડન-મારણ છેદન-ભેદન વિગેરે પ્રાપ્ત કરવા દ્વારા ઘણાં ઘણાં દુઃખો અને વેદનાઓ જ તેં સહન કરી છે. ક્ષેત્રવેદના, શારીરિક વેદના વિગેરે પ્રાપ્ત કરીને ભિન્ન ભિન્ન પ્રકારની વેદનાઓને જ સહન કરી છે. વેદનાઓના ભેદોને (પ્રકારોને) જ તેં જોયા છે. અને માણ્યા છે. ॥૨૫-૨૬॥

**ભાવાર્થ :** એકેન્દ્રિયના ભવ કરતાં વિકલેન્દ્રિયના ભવમાં અને વિકલેન્દ્રિયના ભવ કરતાં અસંજ્ઞી અને સંજ્ઞીના ભવમાં તું આવ્યો. જેમ જેમ ઉપર આવ્યો તેમ તેમ ઉપરના ભવોમાં આવવાથી **મતિજ્ઞાનાવરણાદિ** કેટલાંક કર્મોનો ક્ષયોપશમ વધ્યો. જેનાથી તારી જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, વીર્યશક્તિ વધી. પરંતુ સાથે સાથે પાંચે

ઈન્દ્રિયોના વિષયોની આસક્તિ પણ વધી. પૌદ્ગલિક ભાવો ભોગવવાનો રસ વધ્યો. તેમાં જ મઝા માનીને ઘણા જ રસપૂર્વક મોહાન્ધ થઈને અસંખ્યાત કાળ આવા પ્રકારના ભોગસુખોમાં તેં ગુમાવ્યો છે અને વારંવાર નરકાદિ દુઃખદાયી ગતિ પ્રાપ્ત કરી છે. હે જીવ ! તારો ભૂતકાળ તું જરા વિચારી જો.

તથા આવા પ્રકારના નરકના અને તિર્યંચના ભવો પામવા દ્વારા વારંવાર તાડન અને મારણનાં દુઃખો તથા ચામડીના છેદન અને ભેદનનાં દુઃખો તથા શારીરિક અપાર વેદનાનાં દુઃખો તું વારંવાર પામી ચુક્યો છે. નરકાદિના ભવમાં ક્ષેત્રવેદના, પરસ્પર વેદના અને **પરમાધામીકૃત** વેદના જે સહન કરી છે. તેનો તો પાર પણ નથી. તથા વર્ણવી શકાય તેમ પણ નથી. આવા પ્રકારની વેદનાઓના પ્રકારોને તેં સાક્ષાત્ અનુભવ્યા છે અને જ્ઞાનીઓએ શાસ્ત્રોમાં દેખાડ્યા છે. આ બધુ સાંભળીને-સમજીને હવે કંઈક માર્ગે આવવાની કોશિશ કર. હે જીવ ! સમય આમને આમ પસાર થતો જ જાય છે. ફરી આવો અનુકુળ અવસર ક્યારે આવશે ? ॥૨૫-૨૬॥

**પુદ્ગલ રાગે નરક વેદના, વાર અનંતી વેદી ।**
**પુણ્ય સંયોગે નરભવ લાધો, અશુભ યુગલ ગતિ ભેદી॥૨૭॥**
**સંતો॥**

**અતિ દુર્લભ દેવનકું નરભવ, શ્રી જિનદેવ વખાણે ।**
**શ્રવણ સુણી તે વચન સુધારસ, ત્રાસ કેમ નવિ આણે ॥૨૮॥**
**સંતો॥**

**ગાથાર્થ :** પુદ્ગલો દ્વારા મળતા સુખના કારણે પુદ્ગલો ઉપર રાગ દશા જીવ કરે છે. તેના કારણે અનંતીવાર નરકની વેદના આ જીવે ભોગવી છે. વારંવાર દુઃખો વેદતાં વેદતાં કોઈ પૂર્વે કરેલા

પુણ્યના યોગે મનુષ્યભવ હે જીવ ! તને આવ્યો છે. અશુભ એવી નરકગતિ અને તિર્યંચગતિ એમ બેગતિને તોડીને ત્રીજી મનુષ્યગતિ તને મળી છે. હવે કંઈક જાગૃત થા. ॥૨૭॥

સમર્થ શક્તિવાળા દેવ જેવા દેવના જીવને પણ માનવભવ મળવો અતિશય દુષ્કર છે એમ જિનેશ્વર ભગવંતો કહે છે. તે વચનને શ્રવણે (કાને) સાંભળીને હે જીવ તને મનમાં ત્રાસ કેમ થતો નથી ? આટલું દુર્લભ ગણાતું તત્વ પામીને પણ હું આળસ કરૂં છું. આમ તને હૃદયમાં લાગી આવતું કેમ નથી ? ॥૨૮॥

**વિષયાસક્ત રાગ પુદ્ગલ કો, ધરી નર જન્મ ગુમાવે ।**
**કાગ ઉડાવણ કાજ વિપ્ર જિમ, ડારમણિ પછડાવે ॥૨૯॥ સંતો॥**

**દશ દૃષ્ટાન્તે દોહિલો, નરભવ, જિનવર આગમ ભાખ્યો ।**
**પણ તિણકું કિલ ખબરપડે જિણ, કનક બીજ રસ ચાખ્યો ॥૩૦॥ સંતો॥**

**ગાથાર્થ :** પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત થઈને આ જીવ પૌદ્ગલિક સુખોનો રાગ અને ઉપભોગ કરવા દ્વારા દુર્લભ એવો મનુષ્ય જન્મ ગુમાવે છે. જેમ કોઈ બ્રાહ્મણે કાગડાને ઉડાવવા માટે ઘણો કિંમતી એવો ચિંતામણિ રત્ન તેના તરફ ફેંકયો તેની જેમ આ કાર્ય જાણવું.॥૨૯॥

દશ દૃષ્ટાઓએ કરી દુર્લભ એવો મનુષ્ય જન્મ ફરી ફરી મળવો ઘણો જ વધારે દુર્લભ છે. આમ શ્રી જિનેશ્વર ભગવંતો શાસ્ત્રોમાં કહે છે. પરંતુ આવી વાત તે જીવને કેમ સમજાય કે જે જીવે સોનાનો મૂલભૂત રસ (સોનાના ધર્મો અને સોનાની કિંમત) જાણી ન હોય અને કેવળ પહેર્યું જ હોય એવા જીવની જેમ.॥૩૦॥

**ભાવાર્થ :** આ જીવ પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં (સારૂં રસપ્રદ

સાંભળવામાં, જોવામાં, સુંઘવામાં, ખાવા-પીવામાં અને સ્પર્શ કરવામાં) જ જે જીવો રચ્યા પચ્યા છે તે જીવો દુર્લભમાં દુર્લભ એવો આ મનુષ્ય જન્મ નિરર્થક ગુમાવે છે. **"મનુષ્યભવની જિંદગી થોડી અને ઉપાધિઓ ઘણી."** આવું જીવન જીવીને આ જન્મ સાધના નહિ કરવાના કારણે નિષ્ફળ પોતાનો જન્મ આ જીવ ગુમાવે છે. આ કાર્ય કેવું મુર્ખાઈ ભરેલું છે તે વાત એક ઉદાહરણ આપીને સમજાવે છે કે છજા ઉપર કે દોરી ઉપર બેઠેલા કાગડાને ઉડાડવા માટે જેમ કોઈ બ્રાહ્મણ ચિંતામણિ રત્ન નાખે. તેની જેમ આ કાર્ય નિષ્ફળ સમજવું. ચિંતામણિ રત્ન કાગડો ઉડાડવા માટે જોરથી ભૂમિ ઉપર પછાડે તો તેના અવાજથી કાગડો ઉડી તો જાય. પરંતુ લાખોની કિંમતનો આ મણિ ભાગી-તુટી જાય અથવા ક્યાંયના ક્યાંય પડે જે ફરી હાથ લાગે નહિ. તેમ પાંચ ઈન્દ્રિયોના વિષય સુખોમાં જ આ કિંમતી મનુષ્ય જન્મ ગુમાવવો તે આવું મુર્ખાઈ ભરેલું કાર્ય છે. પાછળથી કેવળ એકલો પસ્તાવો જ થાય તેમ છે. હાથમાં બીજું કંઈ જ આવે નહીં. ॥૨૯॥

આ મનુષ્ય જન્મ દશ દૃષ્ટાન્તો દ્વારા અત્યન્ત દુર્લભ છે. આમ જ્ઞાની ભગવંતોએ શાસ્ત્રમાં કહ્યું છે. (આ દશ દૃષ્ટાન્તો અન્ય શાસ્ત્રોથી જાણી લેવાં.) જેમ જે આત્માએ કેવળ એકલો સુવર્ણ રસ જ ચાખ્યો હોય. બાપ-દાદાનું કમાયેલું જ સોનું પહેર્યું હોય પોતે મહેનત ન કરી હોય. તેનું જ પાન કર્યું હોય તેને સુવર્ણની કિંમત કેમ સમજાય ! વૈભવશાળી જીવ દરરોજ સુવર્ણથી શરીર શોભાવે. પણ તેને ખબર નથી કે આ દાગીનાની કેટલી કિંમત છે ? તેણે વસાવેલું નથી. બાપદાદાનું કમાયેલું છે. એટલે તેનો ઉપયોગ કરે છે. પરંતુ સમજાતું નથી. કે આ સોનું કેટલું કિંમતી છે ! આ જીવ દૂરુયોગ જ વધારે કરે છે.॥૩૦॥

**હારત વૃથા અનોપમ નરભવ, ખેલી વિષયરસ જુઆ ।**
**પીછે પછતાવંત મનમાંહી, જિમ સિંમલકા સુઆ ॥૩૧॥**

**કોઈક નર ઈમ વચન સુણીને, ધર્મ થકી ચિત્ત લાવે ।**
**પણ જે પુદ્‌ગલ આનંદી તસ, સ્વર્ગતણાં સુખ ભાવે ॥૩૨॥**

**ગાથાર્થ :** મોહાધીન એવો આ જીવ નિરર્થક મનુષ્ય જન્મ ગુમાવે છે. જેમ કે, શ્લેષ્મ (એટલે કે મોઢાનું થુક અથવા નાકની લીટ) આવા દુર્ગંધ વાળા પદાર્થમાં પડેલો ક્ષુદ્ર જીવ (અર્થાત્ કીડો) નિરર્થક પોતાનો ભવ તેમાં જ ડુબ્યો છતો ગુમાવે છે એટલે કે, મૃત્યુ જ પામે છે. તેમ અહીં જાણવું. આવો જીવ પાછળથી પસ્તાય છે. જેમ કે,

કોઈ કોઈ જીવ ઉપરોક્ત વૈરાગ્યવર્ધક વચનો સાંભળીને પોતાના મનને ધર્મમાં વાળે (ધર્મમાં જોડે) છે. પરંતુ તેમાં રહેલું પુદ્‌ગલના સુખોમાં જ આનંદીપણું માનવાની માન્યતા જોરમાં હોવાથી બહુ બહુ તો સ્વર્ગનાં અર્થાત્ દેવલોકનાં સુખો જ ગમે છે. દુઃખ ગમતું નથી. પણ ભૌતિક સુખ માત્ર જ ગમે છે એટલે સંયમ પાળે છે. પણ આત્મગુણોના અનુભવનો રસ લાગતો નથી. ॥૩૧-૩૨॥

**ભાવાર્થ :** જેમ થુંકમાં અથવા નાકમાંથી નીકળેલા લીંટમાં પડેલો ક્ષુદ્ર જીવ (અર્થાત્ કીડો) તેમાં જ રચ્યો પચ્યો રહે છે. બહાર નીકળી શકતો નથી. તેમ પુણ્યોદયે પ્રાપ્ત થયેલો આ નરભવ આવા પ્રકારના વિષયોમાં આસક્ત એવા જીવો નિરર્થક ગુમાવે છે. આત્મગુણો મેળવવાની કમાણી કંઈ કરી શકતો નથી અને આખો આ સંપૂર્ણ ભવ નિરર્થક હારી જાય છે. મનુષ્યનો ભવ સમાપ્ત થવા આવે ત્યારે નિરર્થક જિંદગી ગુમાવ્યાનો પ્રસ્તાવો થાય છે. પરંતુ ગુણો અને કલ્યાણ પ્રાપ્ત કરવાની તક હારી જાય છે પછી પસ્તાવો કરવાથી શું લાભ ?

કોઈક મનુષ્ય ઉપરોક્ત માનવભવની દુર્લભતા સાંભળીને મનને ધર્મમાં વાળે છે. ધર્મ કરે છે. પરંતુ ચિત્ત વિષયરસોથી દૂર કર્યું નથી. એટલે વિષયાસક્તિ તેવીને તેવી જ હોય છે. તેવો જીવ ધર્મ કરવા દ્વારા પુણ્ય બાંધે છે અને તેનાથી દેવલોક પામે છે. પરંતુ આત્મકલ્યાણ પ્રાપ્ત

કરતો નથી. આત્માને વૈરાગી અને વીતરાગ બનાવી શકતો નથી. પુણ્ય બાંધવા દ્વારા સંસારના સુખે સુખી થાય. પણ તેનો કાળ સમાપ્ત થયે છતે પાછા હતા ત્યાંના ત્યાં જ આ જીવ આવે છે. ગુણોની વૃદ્ધિ થતી નથી. આવો જીવ સુખોના રાગથી અને દુઃખોના દ્વેષથી ભરેલો જ રહે છે. ॥૩૧-૩૨॥

**સંજમ કેરા ફળ શિવસંપત, અલ્પમતિ નવિ જાણે ।**
**વિણ જાણ નિયાણાં કરીને, ગજ તજ રાસભ આણે ॥૩૩॥**

**પૌદ્ગલિક સુખ રસ રસિયા નર, દેવ નિધિ સુખ દેખે ।**
**પુણ્ય હીન થયા દુર્ગતિ પામે, તે લેખાં નવિ લેખે ॥૩૪॥**

**ગાથાર્થ :** "સંયમ પાલનનું ફલ મુક્તિની સંપત્તિ છે." આ વાત અલ્પ મતિવાળો જીવ જાણી શકતો નથી. આવા પ્રકારનું સમ્યગ્ જ્ઞાન ન હોવાથી કદાચ ધર્મ કરે તો પણ નિયાણાં કરીને મનુષ્ય ભવ હારી જાય છે. જેમ કે કોઈ બુદ્ધિ હીન મનુષ્ય હાથીની પ્રાપ્તિ થતી હોય તો તેને ત્યજીને ગધેડાને લાવીને ઘરે બાંધે છે. ॥૩૩॥

પૌદ્ગલિક સુખોમાં જ આસક્તિભાવ વાળા જીવો તે સુખોના રસથી રસિક બન્યા છતા મનુષ્યો કદાચ થોડો-ઘણો ધર્મ કરે તો પણ પુદ્ગલાનંદીપણું હોવાના કારણે દેવના ભવનાં સુખો પામે છે. પરંતુ આત્માના ગુણો પ્રાપ્ત ન જ કરે. આવા જીવો ભાવપુણ્ય વિના દ્રવ્યપુણ્ય માત્રથી દેવલોકાદિ સાંસારિક સુખ પામે. પરંતુ તેના ઉપભોગથી નરકાદિક દુર્ગતિનાં દુઃખો પામે તે લેખાં ગણતરીમાં ગણે નહિ ॥૩૪॥

**ભાવાર્થ :** દુર્લભ એવો મનુષ્યનો જન્મ પ્રાપ્ત કરીને ત્યાગ તપ અને સંયમાદિ ગુણો મેળવવા દ્વારા આત્માના ગુણોનો વિકાસ કરવો જોઈએ કે જેનાથી કેવળજ્ઞાનની અને મુક્તિદશાની પ્રાપ્તિ થાય. તેને બદલે અલ્પબુદ્ધિવાળો આ જીવ આવા પ્રકારનું યથાર્થ જ્ઞાન ન

હોવાથી ભોગસુખોની જ વધારે પ્રાપ્તિ થાય. તેવા દેવભવોની પ્રાપ્તિ કરવાનાં નિયાણાં કરીને આ માનવ જીવન નિરર્થક ગુમાવે છે. જેમ કોઈ મુર્ખ મનુષ્ય હાથી જેવું શ્રેષ્ઠ પ્રાણી પ્રાપ્ત થતું હોય તો પણ તેને ત્યજીને અશુભ ગણાતા ગધેડાને રાખવાનું મન કરે છે. તે જેમ મુર્ખ કહેવાય છે. તેમ આ જીવ પણ આત્માના ગુણોની કમાણી કરવા વાળા આ ભવને હારીને તેને વિષયસુખમાં ડુબાડી દે છે. આવો મનુષ્ય પણ મહામૂર્ખ છે. ॥૩૪॥

**દેવતણાં સુખ વાર અનંતી, જીવ જગત મેં પાયા ।**
**નિજ સુખ વિણ પુદ્‌ગલ સુખ સેંતી,**
**મન સંતોષ ન આયા ॥૩૫॥સંતો॥**

**પુદ્‌ગલકી સુખ સેવત અહર્નિશ, મન ઈન્દ્રિય ન ધ્રાપે ।**
**જિમ ઘૃત મધુ આહુતિ દેતાં,**
**અગ્નિ શાન્ત ન થાવે ॥૩૬॥સંતો॥**

**ગાથાર્થ :** આ જીવ આ સંસારમાં દેવ ભવ સંબંધી સુખો તો અનંતવાર પામ્યો છે. (અને તેને પામીને ભોગવીને નરક નિગોદમાં પાછો ગયો છે) પરંતુ આત્મગુણોની પ્રાપ્તિનું અને તેમાં આનંદ માનવાનું જે પોતાનું સ્વાભાવિક સુખ છે તે પ્રાપ્ત કર્યા વિના પુદ્‌ગલનાં સુખોની હારમાળા હોય તો પણ આ પુદ્‌ગલના જ સુખમાં રસિક એવા જીવનું મન સંતોષ પ્રાપ્ત કરતું નથી. ॥૩૫॥

પૌદ્‌ગલિક સુખોને જ રાત-દિવસ સેવતા એવા આ જીવનું મન અને ઈન્દ્રિયો ક્યારેય ધરાતી નથી. (સંતોષ પામતી નથી.) જેમ ઘી અને મધની ગમે તેટલી આહુતિ નાખીએ તો પણ અગ્નિ ક્યારેય શાન્ત ન થાય. ॥૩૬॥

**ભાવાર્થ :** સંસારી એવો આ જીવ ભૂતકાળમાં ઘણીવાર દેવ જેવો ઉંચો અને સુખ સમૃદ્ધિવાળો ભવ પામ્યો છે. ગ્રૈવેયક દેવોના ભવ સુધી ઘણીવાર જઈને આવ્યો છે. આવાં સાંસારિક સુખો ઘણીવાર ભોગવ્યાં છે. તે તે ભવનુ આયુષ્ય પૂર્ણ થતાં પાછો આ જીવ નરક નિગોદના ભવોમાં જવા વડે ફરી ફરી અનંતુ અનંતુ દુઃખ પામ્યો છે. પરંતુ દુઃખ ક્યારેય આવે જ નહિ. આવો સદાકાળ સુખવાળો ભવ ક્યારે ય મળ્યો નથી. કારણ કે, એવો કોઈ ભવ જ નથી કે જ્યાં જન્મ-જરા-મરણ-વ્યાધિ અને શોકનાં દુઃખો ન હોય તે માટે ભવોના આવાં દુઃખથી ભરપૂર ભરેલા સુખોને મેળવવા કરતાં ક્યારે ય દુઃખ આવે જ નહિ એવાં ગુણોનું જ સુખ પ્રાપ્ત કરવું સૌથી શ્રેષ્ઠ છે. માટે હે જીવ ! તું તારા ગુણોને સંભાળ અને તે સુખો મેળવવા પ્રયત્ન કર તે જ સાચુ સુખ છે તથા તે જ સુખ કાયમી રહેનારું શાશ્વત સુખ છે. પરાધીનતા વિનાનું સુખ છે.

આત્માના ગુણોના સુખ વિના પુદ્ગલોના સુખની જો કદાચ હારમાળા પ્રાપ્ત થઈ જાય. તો પણ પાછળ દુઃખના ઢગલા જ હોવાથી મનને ક્યારે ય સંતોષ ન થાય. જેમ ફાંસીની સજા પામેલા જીવને ફાંસી આપતાં પહેલાં શીરો-પુરી ખવરાવવામાં આવે તો ક્યારે ય આનંદ ન થાય તેમ અહીં સમજવું.

આ પુદ્ગલનાં સુખો રાત-દિવસ મેળવવામાં આવે તો પણ મન અને બાહ્ય એવી પાંચ ઈન્દ્રિયો ક્યારે ય ધરાતી નથી. સદાકાળ અતૃપ્ત જ રહે છે. જેમ અગ્નિમાં ગમે તેટલું ઘી અને મધ નાખીને તેની આહુતિ આપીએ તો પણ અગ્નિ ક્યારે ય ધરાતો નથી. સદાકાળ અતૃપ્ત જ રહે છે. તેમ હે જીવ ! આ જીવ પણ સાંસારિક પૌદ્ગલિક સુખોથી ક્યારેય ધરાતો નથી. સદાકાળ અતૃપ્ત જ રહે છે. માટે પૌદ્ગલિક સુખની ઈચ્છાઓને હે જીવ ! તું ત્યજી દે. ॥૩૬॥

**જિમ જિમ અધિક વિષય સુખ સેવે, તિમ તિમ તૃષ્ણા દીપે ।**
**જિમ અપેય જલ પાન ક્રિયાથી, તૃષ્ણા કહો કિમ છીપે ॥૩૭॥**
**સંતો॥**

**પૌદ્ગલિક સુખના આસ્વાદી, એહ મરમ નવિ જાણે ।**
**જિમ જાત્યંધ પુરુષ દિન કરનું, તેજ નવિ પહિચાણે ॥૩૮॥**
**સંતો॥**

**ગાથાર્થ :** આ સંસારમાં વિષયાભિલાષી જીવ જેમ જેમ વધારે વધારે વિષય સુખ સેવે છે. તેમ તેમ તૃષ્ણા અધિક અધિક જાજ્વલ્યમાન થાય છે. જેમ ન પીવા લાયક એવું ખારૂ-પાણી પીવાથી કહો તો ખરા કે તૃષ્ણા કેમ છીપાય ? ન જ છીપાય પણ તૃષ્ણા વધે જ. ॥૩૭॥

પૌદ્ગલિક સુખમાં આસક્ત બનેલો આ જીવ આ મર્મને સમજી શકતો નથી. જેમ જન્મથી અંધ એવો પુરૂષ સૂર્યના તેજને ઓળખી શકતો નથી. તેમ મોહાંધ જીવ આત્મગુણના સુખને ઓળખી શકતો નથી. ॥૩૮॥

**ભાવાર્થ :** વિષયાભિલાષી જીવો જેમ જેમ પાંચ ઈન્દ્રિયોનાં વિષય સુખોને સેવે છે. તેમ તેમ તેની વિષયપિપાસા વૃદ્ધિ જ પામે છે. વિષયા-ભિલાષા ક્યારેય સંતોષાતી નથી. જેમ અગ્નિમાં જેમ જેમ લાકડાં નાખો તેમ તેમ અગ્નિ વધે છે. ક્યારેય અગ્નિ શાંત થતો નથી. તથા ન પીવા લાયક એવું ખારૂં પાણી પીવાથી જેમ તૃષ્ણા ક્યારેય શાન્ત થતી નથી. સદાકાળ તૃષ્ણા વધે જ છે. તેમ સમજીને હે જીવ ! તું આ તૃષ્ણાથી વિરામ પામ. ॥૩૭॥

પૌદ્ગલિક સુખોનો આસ્વાદ જ એવો છે કે આ ભોળો અને મોહાંધ એવો આ જીવ આ ભ્રમને જાણી શકતો જ નથી કે વિષયોના સેવનથી વિષયોની અભિલાષા ક્યારેય પણ તૃપ્ત થતી નથી. જેમ જે મનુષ્ય જન્મથી જ અંધ છે. જેણે ક્યારેય સૂર્યાદિનું દર્શન કર્યું જ નથી. તેવા જાત્યંધ જીવને દિન કરનું એટલે કે સૂર્યનું તેજ કેવું હોય ? અને કેટલું હોય - તે કેમ જાણી શકે ? અર્થાત્ ન જ જાણી શકે. તે જ પ્રમાણે પુદ્ગલાનંદી જીવ આત્મ ગુણોની રમણતાના સુખને જાણી શકતો નથી. ॥૩૮॥

**ઈન્દ્રિય જનિત વિષયરસ સેવત, વર્તમાન સુખ ઠાણે ।**
**પણ કિંપાક તણાં ફળની પેરે, નવિ વિપાક તસ જાણે ॥૩૯॥**
**સંતો॥**

**ફળ કિંપાક થકી એક જ ભવ, પ્રાણ હરણ દુઃખ પાવે ।**
**ઈન્દ્રિય જનિત વિષયરસ, તે તો ચિહું ગતિમેં ભરમાવે ॥૪૦॥**
**સંતો॥**

**ગાથાર્થ :** પાંચે ઈન્દ્રિય જન્ય વિષયોના રસનો આસ્વાદ કરતાં વર્તમાન કાળે અવશ્ય સુખ થાય છે. પરંતુ તે સ્થાને પણ કિંપાકના ફળને ખાવા તુલ્ય સુખ છે. તેના વિપાકને તો તે જીવ જાણતો પણ નથી.

કિંપાકના ફળના આસ્વાદથી આ જીવ એક ભવ પૂરતું પ્રાણ હરણ (મરણ)નું ફળ પ્રાપ્ત કરે છે. પરંતુ ઈન્દ્રિયજન્ય વિષયસુખના આસ્વાદનથી તો આ જીવ ચારે ગતિમાં ભટકવાનું અનંતું દુઃખ પ્રાપ્ત કરે છે. ॥૩૯-૪૦॥

**ભાવાર્થ :** પાંચે ઈન્દ્રિયો દ્વારા ભોગવાતા ભોગ સુખોમાં સુખ તો છે જ. તેથી જ તેનો ભોગવટો કરતાં કરતાં સુખબુદ્ધિ થાય છે. પરંતુ તે સુખ ભોગવતાં મોહદશાના કારણે અપાર દુઃખની પ્રાપ્તિ થાય છે. તેથી તેને સમજાવવા ગ્રંથકારશ્રી કિંપાકના ફળનું એક દૃષ્ટાન્ત કહે છે.

જેમ કિંપાક નામની વનસ્પતિનાં ફળો ખાવામાં અત્યંત મીઠાસવાળાં હોય છે. બહુ જ મધુર લાગે છે. પરંતુ ખાનારો તે જીવ અવશ્ય દેહાન્તનો દંડ (અર્થાત્ મૃત્યુ જ) પામે છે. આવાં ભયંકર આ ફળો છે. તેની જેમ ભોગસુખો પણ અનુભવ કરવાના કાળે આનંદ આપનારાં છે. પરંતુ પરિણામે નરક-નિગોદના ફળને આપનારાં છે.

કિંપાકનાં ફળો ખાવાથી એક ભવમાં અને એક જ વાર મૃત્યુ થાય છે. જ્યારે ઈન્દ્રિયોથી ઉત્પન્ન થયેલ વિષયરસનું સુખ તો રાગ દ્વારા ચારે

ગતિમાં રખડાવી રખડાવીને અનંત દુઃખ અને અનંતવાર મૃત્યુ આપનાર બને છે. સારાંશ કે કિંપાકના ફળથી પણ અધિક ખતરનાક છે. માટે હે જીવ ! ભોગસુખોથી તું વિરામ પામ. ॥૩૯-૪૦॥

**એહવું જાણી વિષય સુખ સેંતી, વિમુખ રૂપ નિત રહીયે ।**
**ત્રિકરણ યોગે શુદ્ધ ભાવ ધર, ભેદ યથારથ લહીએ ॥૪૧॥**
**સંતો॥**

**પુણ્ય-પાપ દોય સમ કરી જાણો, ભેદ મ જાણો કોઉ ।**
**જિમ બેડી કંચન લોઢાની, બંધન રૂપી દોઉં ॥૪૨॥સંતો॥**

**ગાથાર્થ :** ઉપર કહેલા ભાવોને જાણીને વિષયસુખોના સેવનથી હંમેશાં વિમુખ (વિપરીત મુખવાળા) રહેવું. મન-વચન અને કાયા એમ ત્રણે પ્રકારના કરણથી શુદ્ધ ભાવો હૃદયમાં ધારણ કરીને યથાર્થ ભેદના જાણકાર બનવું જોઈએ. ॥૪૧॥

પુણ્યકર્મ હોય કે પાપકર્મ હોય, આખર બન્ને કર્મો હોવાથી પગમાં નાખેલી બેડી સમાન છે. બન્નેમાં કંઈ ભેદ નથી. જેમ બેડી સોનાની હોય કે લોખંડની હોય. પરંતુ બન્ને બેડીઓ જીવને અવશ્ય બંધનરૂપ જ છે.॥૪૨॥

**ભાવાર્થ :** ઉપર સમજાવેલી વિગતને ધ્યાનમાં લઈને પૂર્વાપરનો ઘણો વિચાર કરીને વિષય સુખો ઘણાં જ ફસાવનાર છે. દુઃખો આપનાર છે. ખતરનાક છે. આમ જાણીને તેવા પ્રકારના અનેકવિધ દુઃખો આપનારા એવા વિષય સુખોના સેવનથી શક્ય બને તેટલું વિમુખ રૂપ વાળા થઈને રહેવું અર્થાત્ તેમાં અંજાવું નહિ. જોડાવું નહિ. પરંતુ વિષય સેવનના ત્યાગી બનવું.

જેમ સર્પ તથા વાઘ-સિંહ ભયંકર છે. તેથી સમજુ માણસ તેવા હિંસાખોર પ્રાણીઓથી દૂર જ રહે છે. તેમ સમજુ અને ડાહ્યા માણસે

વિષયોની આસક્તિ ભવોભવમાં રખડાવનારી હોવાથી તથા આસક્તિ કરાવવા દ્વારા જીવને ઘણું જ નુકશાન કરનાર છે. તે માટે તેનાથી અળગા રહીને વિષયોથી દૂર રહીને આત્મ સાધના કરવી.

મન-વચન અને કાયા આ ત્રણ કરણ કહેવાય છે. આમ આ ત્રિકરણ યોગે એટલે કે મનથી ઉત્તમ વિચારો કરવા વડે, વચનથી સ્વ-પર ઉપકારક શબ્દ પ્રયોગો કરવા દ્વારા અને કાયાથી સ્વ-પરનું કલ્યાણ કરવા દ્વારા શુદ્ધ ભાવ હૃદયમાં ધારણ કરીને આત્મા એ શરીરાદિથી જુદો પદાર્થ છે. તેને મોહદશાની વૃદ્ધિ ન થાય તે રીતે બરાબર સાચવી લેવો જોઈએ. આવું જાણો.

તથા પુણ્યનો ઉદય હોય તો પણ કર્મ રાજા છે અને પાપનો ઉદય હોય તો પણ કર્મરાજા છે. એમ બન્ને તત્ત્વો આત્માથી ભિન્ન પદાર્થ છે. બન્ને તત્ત્વો આત્મા માટે બંધનરૂપ બેડી જ છે. એક ભલે સોનાની બેડી તુલ્ય છે. જ્યારે બીજુ પાપતત્ત્વ ભલે લોખંડની બેડી તુલ્ય છે. તો પણ આત્માને તો બન્ને તત્ત્વો પુરેપુરાં જકડનારાં જ છે. બંધનરૂપ જ છે. માટે બન્ને તત્ત્વોથી દૂર થઈ કેવળ એકલી કર્મોની નિર્જરા જ સાધવા જેવી છે. જો કર્મોનાં બંધન તુટ્યાં હશે તો જ આત્મ કલ્યાણ થવું શક્ય છે. માાટે ઘણો ઉંડો અભ્યાસ કરી બેડી તુલ્ય એવા પુણ્ય અને પાપ બન્નેને ત્યજીને સાચા માર્ગે આવવાનો હે જીવ ! તુ પ્રયત્ન તો કર. આવું જૈનશાસન ફરી ફરી તુરત મળવાનું નથી. આત્માનું શેમાં કલ્યાણ છે ? તેનો વિચાર કર. હજુ બાજી હાથમાં છે. ચેતાય ત્યાં સુધી ચેતવા જેવું છે. ॥૪૧-૪૨॥

**નલ બલ જલ જિમ દેખો, સંતો ઉંચા ચડત આકાશ ।**
**પાછા ઢળી ભૂમિ પડે તિમ જાણો પુણ્ય પ્રકાશ ॥૪૩॥સંતો॥**

**જિમ સાણસી લોહની રે, ક્ષણ પાણી, ક્ષણ આગ ।**
**પાપ પુણ્યનો ઈણ વિધ નિશ્ચે, ફલ જાણો મહાભાગ ॥૪૪॥**
**સંતો॥**

**ગાથાર્થ :** નળના બળે પાણી જેમ ઉંચુ આકાશમાં નળ હોય ત્યાં સુધી ચઢે છે અને પછી તુરત જ નળ બહાર આવીને નીચે ભૂમિ ઉપર પછડાય છે. તેમ પુણ્યના બળે જીવો હે સંતો ! ઉપર આકાશમાં ચઢે છે. પાછા પુણ્ય સમાપ્ત થતાં ભૂમિ ઉપર પડે છે. આવો પુણ્યનો પ્રકાર છે. તથા જેમ લોખંડની બનાવેલી સાંડસી (સાંણસી) ક્ષણવારમાં પાણીમાં (પડેલા પદાર્થને પકડવા પાણીમાં) નાખવામાં આવે છે અને બીજા જ ક્ષણે (આગમાં પડેલા પદાર્થને પકડવા) આગમાં પણ નાખવામાં આવે છે. તેવી જ રીતે પુણ્ય અને પાપના ઉદયનો ક્રમ પણ આ જ પ્રમાણે છે એમ હે મહાભાગ્યશાળી જીવ ! તમે જાણો. જરા પણ ઓછું-અધિકું નથી. ॥૪૩-૪૪॥

**ભાવાર્થ :** પુણ્ય અને પાપ આ બન્ને કર્મો હોવાથી જીવને બંધનરૂપ જ છે. બન્નેમાં કંઈ જ ફરક નથી. આ વાત એક દાખલો આપીને ગ્રંથકારશ્રી સમજાવે છે કે નળ દ્વારા આવતું પાણી નળ જેટલો ઉંચો હોય તેટલું ઉંચું જાય છે. નળનું સાધન હોવાથી પાણી તેટલું ઉંચું ચઢે છે અને જ્યાં નળ સમાપ્ત થયો ત્યાં નળમાંથી નીકળેલું પાણી તુરત જ નીચે પછડાય છે. તેવી જ રીતે જ્યાં સુધી પુણ્યનો ઉદય આ જીવને હોય છે ત્યાં સુધી આ જીવ ઉંચો જાય છે. પરંતુ જ્યારે આ પુણ્યનો ઉદય સમાપ્ત થાય છે ત્યારે તુરત જ આ જીવ નીચે પછડાય છે માટે પુણ્ય હોય કે પાપ હોય. પરંતુ આ બન્ને બંધન હોવાથી જીવને પકડી રાખનાર જ છે. એક સુખમાં આસક્ત કરીને પકડી રાખે છે અને બીજુ દુઃખ આપીને પણ આ જીવને પકડી રાખે છે. એક આ જીવને પૌદ્ગલિક સુખમાં આસક્ત કરે છે. જ્યારે બીજી બાજુ પાપનો ઉદય દુઃખ આપીને આ જીવને ઉદ્વેગી અને પીડામય બનાવે છે.

આમ આ બન્ને પ્રકારનાં કર્મો આ જીવને પૌદ્ગલિક ભાવોમાં લઈ જાય છે. જેથી બન્ને બંધન જ છે. બન્ને ત્યજવા જેવાં જ છે.

બીજું એક દૃષ્ટાન્ત આપે છે કે જેમ સાંડસી કે જે વસ્તુને પકડવાનું

સાધન છે. તે લોઢાની બનાવેલી સાંડસી એક ક્ષણમાં પાણીમાં નાખવામાં આવે અને બીજી જ ક્ષણે પ્રયોજન વશથી આગમાં પણ નાખવામાં આવે. સોની દાગીનાને તપાવવા પ્રથમ દાગીનાને સાંડસીમાં પકડીને આગમાં નાખે પછી તપેલો તે જ દાગીનો કાઢવા આગમાં સાંડસી નાખીને દાગીનો કાઢે અને ઠારવા માટે તે જ સાંડસી દ્વારા જલમાં નાખે ત્યાં સાંડસીને જલ અને અગ્નિ બન્ને સરખાં છે. બન્ને સ્થાને સાંડસી તો દાગીનાને પકડી રાખનાર હોવાથી બન્ને બંધનપણે સમાન છે. તેવી જ રીતે પાપ અને પુણ્ય આ બન્ને કર્મો હોવાથી આ જીવને દુઃખમાં અને સાંસારિક સુખમાં જકડી રાખનાર છે. ગુણમય ઉત્તમ જીવન આપનાર આ બન્નેમાંથી એક પણ નથી. તેથી બન્ને બંધન જ છે. તે બન્નેમાંથી એકે આત્મગુણ આપનાર નથી. ॥૪૩-૪૪॥

**કંપ રોગમેં વર્તમાન દુઃખ, અકર માંહી આગાહી ।**
**ઈણવિધ દોઉ દુઃખનાં કારણ, ભાખે અંતરજામી ॥૪૫॥ સંતો॥**

**કોઈ કૂપ મેં પડી મુવે જિમ, કોઉ ગિરિ ઝંપાપાત ।**
**મરણ બે સરિખા જાણીએ પણ, ભેદ દોઉ કહેવાય ॥૪૬॥**
**સંતો॥**

**ગાથાર્થ :** શરીરમાં "કંપવા" નામનો રોગ થયો હોય તો વર્તમાન કાળે જ દુઃખ હોય છે અને સરકારી કર અર્થાત્ ટેક્ષ જો ભરવામાં ન આવે તો ભવિષ્યમાં દુઃખ આવે છે. પરંતુ આ બન્ને સરખાં દુઃખનાં કારણો છે. આ વાતના વિચારોમાં જો જીવ ઉંડો ઉતરે તો બરાબર જણાય છે.

કોઈ માણસ કૂવામાં નીચે પડીને મૃત્યુને પ્રાપ્ત કરે અને કોઈક વૃક્ષ ઉપર કે પહાડ ઉપર ચડીને સરોવરમાં કે સમુદ્રમાં ઝંપાપાત કરે. તે બન્નેને "મૃત્યુ" થવા રૂપ સરખું જ ફળ થાય છે. છતાં મૃત્યુ પામવાના બે ભેદ છે. આમ કહેવાય છે. ॥૪૫-૪૬॥

**ભાવાર્થ :** શરીરમાં રોગો થાય છે. તાવ કેન્સર, દુઃખાવો વિગેરે રોગો જ્યારે થાય છે. ત્યારે વર્તમાન કાળમાં અર્થાત્ રોગકાળમાં જ દુઃખ શરૂ થાય છે અને अकर એટલે જો સરકારી કાયદા પ્રમાણે જે કર અર્થાત્ ટેક્ષ ભરવાનો થતો હોય તે જો ન ભરીએ તો ભાવિમાં દુઃખ આવે જ છે. સરકારી ગુન્હામાં પકડાતાં કારાવાસ આદિનાં દુઃખો આવે જ છે. ભલે એક વર્તમાનમાં દુઃખ આપે છે અને બીજું ભાવિમાં પણ દુઃખ જ આપે છે. અંતે બન્ને દુઃખનાં જ કારણ છે. તેવી રીતે પાપ વર્તમાનમાં દુઃખદાયી છે અને પુણ્ય ભોગવતાં સુખ લાગે છે. પરંતુ તેમાં આસક્તિથી કરેલી ચિત્તની વૃત્તિ ભાવિમાં દુઃખદાયી જ થાય છે. આમ બન્ને દુઃખનાં કારણ સરખાં જ છે. ॥૪૫॥

બીજું એક ઉદાહરણ ગ્રંથકારશ્રી આપે છે કે કોઈ કૂવામાં પડીને મરે છે અને કોઈક પર્વત ઉપર ચઢીને ઝંપાપાત કરીને મરે છે. પરંતુ બન્નને મોત (મૃત્યુ) તો સરખાં જ આવે છે. તેવી જ રીતે પાપનો ઉદય હોય કે પુણ્યનો ઉદય હોય. આખર વિચારીએ તો બન્ને પણ આ જીવને બંધનકર્તા છે. બન્ને જીવને પકડી રાખનાર છે. ભલે એક દુઃખમાં અને એક સાંસારિક સુખમાં પણ પકડી રાખવાપણું અને તેમાં જ લયલીન કરવા પણું બન્નેમાં સરખું જ છે. બન્ને તત્ત્વો ત્યજવા જેવાં જ છે. ॥૪૬॥

**પુણ્ય-પાપ પુદ્ગલ દશા ઈમ, જે જાણે સમ તુલ ।**
**શુભ કિરિયા ફલ નવિ ચાહે એ, જાણ અધ્યાતમ મૂલ ॥૪૭॥**
**સંતો॥**

**શુભ કિરિયા આચરણ આચરે, ધરે ન મમતા ભાવ ।**
**નૂતન બંધન હોય નહિ ઈણવિધ, પ્રથમ અરિ શિર ધાવ ॥૪૮॥**
**સંતો॥**

**ગાથાર્થ :** ઉપર કહેલા ઉદાહરણ પ્રમાણે પુણ્ય હોય કે પાપ હોય.

પરંતુ બન્ને જીવને જકડી રાખવામાં સમાન જ છે. બન્ને પુદ્‌ગલ દશા જ છે. તેથી જે આત્મા શુભ ક્રિયાના ફળને પણ (પુણ્યને પણ) ઈચ્છે નહિ. તે જ સાચો અધ્યાત્મી આત્મા છે એમ તું જાણ.॥૪૭॥

શુભક્રિયાનું આચરણ આચરે. પરંતુ મનમાં જરા પણ મમતા ન રાખે. તેના કારણે નવા નવા કર્મના બંધ કરે નહિ. આ પ્રમાણે આવા જીવો દોડીને શત્રુઓને (જીતીને) તેના માથા ઉપર જઈને બેસે છે. ॥૪૮॥

**ભાવાર્થ :** પુણ્યનો ઉદય હોય કે પાપનો ઉદય હોય. પરંતુ આ બન્ને દશા આ જીવને પકડી રાખવાનું જકડી રાખવાનું કામ કરવામાં સમાન છે. તુલ્ય જ છે. એક સાંસારિક ભોગ સુખોમાં ઝકડી રાખે છે. જ્યારે બીજુ દુઃખમાં પકડી રાખે છે. પરંતુ બન્ને જીવને પકડી રાખનાર છે. આ બન્ને તત્ત્વોમાંથી કોઈ તત્ત્વજીવને મુક્ત કરનાર તો નથી જ. આમ સમજીને ઉત્તમ આત્માઓ જે શુભક્રિયાઓ છે. એ પણ યોગાત્મક હોવાથી તેના ફળ સ્વરૂપ પુણ્ય બંધને પણ આવા જીવો ઈચ્છતા નથી. આ રીતે ઉત્તમ જીવો તો અધ્યાત્મમાર્ગમાં જ પ્રવેશ કરે છે. ઉપર જવામાં ક્રિયા જરૂરી છે. એટલે જીવ આવી ક્રિયાને આચરે છે. પરંતુ પુણ્યબંધની કે સાંસારિક ફળની મમતા જરા પણ રાખતા નથી. મમતાનો ત્યાગ કરીને સમભાવદશારૂપ સમતાને ધારણ કરીને નવા નવા કર્મબંધને અંશે પણ કરતા નથી. આમ કરવાથી જુનાં બાંધેલાં કર્મોને તોડીને કર્મ રાજા રૂપી अरि = શત્રુ, તેના शिर = ઉપર અર્થાત્ તેનો વિજય કરીને રહે છે. ॥૪૭-૪૮॥

**વાર અનંત ચુકીયા ચેતન, ઈણ અવસર મત ચૂક।**
**માર નીશાના મોહરાયકી, છાતી મેં મત ચૂક ॥૪૯॥સંતો॥**

**નદી ગોલ પાષાણ ન્યાય કરી, દુર્લભ અવસર પાયો।**
**ચિંતામણિ તજ કાચશકલ સમ, પુદ્‌ગલથી લોભાયો ॥૫૦॥**
**સંતો॥**

**ગાથાર્થ :** હે ચેતન ! તું અનંતીવાર ચુકી ગયો છે. પરંતુ હવે આ અવસર ચુક નહિ. એવું નિશાન તાકીને માર કે જેથી મોહરાજાની છાતીમાં બરાબર વાગે, જરા પણ ચુકીશ નહિ. નદી ગોલ ઘોલ પાષાણના ન્યાયે કરીને તને દુર્લભ એવો આ મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે. માટે સજાગ થઈ જા. પ્રમાદી ન બન. ચિંતામણિ રત્ન તને મળ્યું છે. તેને ત્યજીને કાચના ટુકડા સમાન પૌદ્ગલિક સુખોથી તું લોભાયો છે. ॥૪૯-૫૦॥

**ભાવાર્થ :** હે ચેતન ! તું કંઈક સમજ. ઉંડો વિચાર કર. વિચક્ષણ થા. ભૂતકાળમાં અનેકવાર માનવજન્મ, પાંચ ઈન્દ્રિયો ઈત્યાદિ પ્રાપ્ત કર્યાં છે. પરંતુ મોહના નશામાં તું અનંતીવાર ચુકી ગયો છે. આ હવે ફરી અવસર આવ્યો છે. ફરીથી જરા પણ ચુકતો નહિ. બરાબર ધ્યાન આપીને એકાગ્ર ચિત્તવાળો થઈને એવું નિશાન લગાવ અને બાણ માર કે જેનાથી મોહરાજાની છાતીમાં વાગે અને મોહરાજા તારામાંથી મૃત્યુ પામી જાય. જરા પણ અવસર ચુકતો નહિ. આમાં જ તારૂં કલ્યાણ છે.

નદી ગોલ ઘોલ પાષાણ ન્યાય એટલે કે પર્વતની પાસે વહેતી એવી નદીમાં પર્વત ઉપરથી વાયુના કારણે પડેલા એવા પત્થરના નાના નાના ટુકડા જેમ અથડાતાં-પીડાતાં તે પત્થરોની કરચલીઓ કપાઈ જવાથી ગોળ ગોળ થાય છે તેવા ન્યાયથી તને દુર્લભ એવો આ મનુષ્યનો જન્મ પ્રાપ્ત થયો છે. ભોગસુખોમાં આસક્ત થઈને આ જન્મ હારી ન જવાય તેનું પૂરેપૂરૂ ધ્યાન રાખજે. ભોગ સુખોની ખાતર મનુષ્ય ભવ ખોઈ નાખવો. તે ચિંતામણિ રત્ન મળ્યું હોય તેને છોડીને કાચના ટુકડાને લેવા તુલ્ય છે. પુદ્ગલોના સુખમાં લોભાવું તે આવું કામ છે. તું સમજુ થઈને ચિંતામણિ રત્ન તુલ્ય કર્મોની નિર્જરાના માર્ગને છોડીને કાચના ટુકડા તુલ્ય પુણ્ય-પાપના ચક્કરમાં કેમ લોભાયો છે ? ડાહ્યો થા, બુદ્ધિ દોડાવ. આ પુણ્ય અને પાપ બન્ને કર્મો હોવાથી બંધન જ છે. આમ સમજ. બન્ને કર્મોને તોડીને નિર્જરા તરફ ધ્યાન આપ. ॥૪૯-૫૦॥

**પરવશતા દુઃખ પાવત ચેતન, પુદ્‌ગલથી લોભાય ।**
**ભ્રમ આરોપિત બંધ વિચારત, મરકટ મુઠી ન્યાય ।।૫૧।।સંતો।।**

**પુદ્‌ગલ રાગ ભાવથી ચેતન, થિર સરૂપ નવિ હોત ।**
**ચિહું ગતિમાં ભટકત નિશદિન ઈમ, જિન ભમરિ બિચ પોત ।।૫૨।।**
**સંતો।।**

**ગાથાર્થ :** પૌદ્‌ગલિક સુખોમાં લોભાયેલો આ જીવ આસક્તિના કારણે પરવશતાનાં ઘણાં દુઃખો પામ્યો છે. આ સાંસારિક સુખો ભ્રમ સ્વરૂપ છે. કલ્પિત માત્ર છે અને બંધનભૂત છે. આમ સમજીને તેને છોડીને તુ ભાગ. જેમ મરકટ (માંકડુ) કુદાકુદ કરે છે. તેમ આ સુખો જીવને ચડા-ઉતર કરાવે છે માટે મુઠીવાળીને ભાગવાનો જ ન્યાય અહીં લાગુ પડે છે. ।। ૫૧ ।।

હે ચેતન ! પૌદ્‌ગલિક સુખોનો રાગ કરવાથી આ આત્માનું સ્થિર સ્વરૂપ પ્રાપ્ત થતું નથી. (માંકડાની જેમ અસ્થિર જ રહે છે.) જેમ કમળોની વચ્ચે રહેલી ભ્રમરી ભટકયા જ કરે છે. તેમ આ જીવ પણ રાગના કારણે ચારે ગતિમાં રાત અને દિવસ ભટકયા જ કરે છે. ।।૫૨।।

**ભાવાર્થ :** અનાદિકાળના મોહના સંસ્કારો હોવાથી પૌદ્‌ગલિક સુખોમાં આસક્ત બનેલો એવો આ જીવ ભવોભવમાં પરવશતાથી ઘણાં દુઃખો પામ્યો છે. કર્મોની પરવશતાના કારણે નિર્ધનતા, લુલા, લંગડાપણું તથા અનેક પ્રકારનાં શારીરિક રોગો વિગેરેનાં દુઃખો પામ્યો છે. ઘડીકમાં નરકનો ભય, ઘડીકમાં દેવનો ભવ એમ માંકડાના બચ્ચાની જેમ કુદા કુદ કરીને આ જીવ ઉપર-નીચે ચડ્યો છે અને પટકાયો છે એમ અનેકવિધ દુઃખો પામ્યો છે.

સંસારનાં આ તમામ સુખો ભ્રમમાત્ર છે. કલ્પિત છે. આ જીવને બંધન સ્વરૂપ છે. આવું સમજીને આવું વિચારીને માંકડાના બચ્ચાની જેમ મુઠી વાળીને ભોગસુખોમાંથી ભાગવાનું જ કામ કરવા જેવું છે.

પૌદ્ગલિક સુખોના રાગના કારણે આ ચેતન દુઃખ અને સુખની ચડા-ઉતાર સ્થિતિ પામ્યો છે. પરંતુ સદાકાળ સ્થિર રહે તેવું સ્વરૂપ પામ્યો નથી અને કમળોની વચ્ચે ભ્રમરી જેમ ભટક્યા કરે છે. તેમ આ જીવપણ મોહદશાના કારણે ચારેગતિમાં ભટક્યા જ કરે છે. માટે હે જીવ ! તું કંઈક સમજ અને મોહના નશાને છોડ. ।।૫૧-૫૨।।

**જડ લક્ષણ પરગટ જે પુદ્ગલ, તાસ મર્મ નવિ જાણે ।**
**મદિરા પાન છકયો જિમ મદ્યપ, સ્વ-પર નવિ પીછાણે ।।૫૩।।**
**સંતો।।**

**જીવ અરૂપી રૂપ ધરત તે, પર પરિણતિ પર સંગ ।**
**વજ્ર રત્નમાં ડંકયોગ જિમ, દર્શિત નાનારંગ ।।૫૪।।સંતો।।**

**ગાથાર્થ :** "જડતા-નિર્જીવતા' એ પુદ્ગલનું પ્રત્યક્ષ લક્ષણ છે. તેના મર્મને આ જીવ જાણતો નથી. જેમ મદ્યપ એટલે દારૂડીયો માણસ દારૂના પીણાથી છકયો છતો મારૂ કોણ ? અને પારકુ કોણ ? આવો વિષય જાણતો નથી. તેવી જ રીતે જીવ પોતે અરૂપી છે. તો પણ શરીરના સંબંધના કારણે રૂપ ધારણ કરે જ છે અને તેના કારણે પરભાવે પરિણામ પામે જ છે. પર પદાર્થોનો સંગ હોવાથી રૂપી બન્યો છે. જેમ વજ્ર નામના રત્નમાં પરપદાર્થોનું પ્રતિબિંબ થવાની શક્તિ હોવાથી એક જ રત્નમાં અનેક રંગ-તરંગ દેખાય છે. તેમ આ જીવ પણ અનેક રૂપે થાય છે. ।।૫૩-૫૪।।

**ભાવાર્થ :** પુદ્ગલાસ્તિકાય દ્રવ્યનું "જડપણું" અર્થાત્ જડતા એટલે અચેતનના એ લક્ષણ છે અને આ લક્ષણ તેમાં પ્રગટપણે ઘટે જ છે. આ

જીવ મોહાન્ધતાના કારણે આ મર્મને જાણતો નથી કે આ પુદ્ગલ દ્રવ્ય એ મારૂં દ્રવ્ય નથી. મારે તેનાથી મીઠાસ વાળો સંબંધ કરાય જ નહિ. જેમ દારૂનું પાન કરેલો દારૂડીયો માણસ સ્વ-પરનો વિવેક જાણતો નથી. તેમ મોહાન્ધ જીવ પુદ્ગલ દ્રવ્યને પોતાનું દ્રવ્ય માનીને તેમાં આસક્તિ અને મમતા કરે છે. ભાન ભૂલેલો આ જીવ છે.

તથા આ જીવ તો અરૂપી છે. વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ એમ ચારે ગુણો વિનાનું દ્રવ્ય છે તથા અખંડ દ્રવ્ય છે. જીવદ્રવ્યના ક્યારે ય ટુકડા ન થાય તેવું દ્રવ્ય છે. જ્યારે પુદ્ગલ દ્રવ્ય તો સેંકડો ટુકડાઓ થાય તેવું વિભાગીકરણવાળું દ્રવ્ય છે માટે બન્ને ભિન્ન દ્રવ્ય છે તથા વર્ણાદિ ગુણોવાળું દ્રવ્ય છે. તેથી જીવદ્રવ્યથી સર્વથા અળગા સ્વભાવવાળું આ પુદ્ગલ દ્રવ્ય છે.

આમ હોવા છતાં પણ આ જીવ પરદ્રવ્યનો જે સંગ કરે છે. તથા પરદ્રવ્યમાં જે અંજાઈ જાય છે. પરદ્રવ્ય સાથે જે પ્રીતિ કરે છે. તે વજ્ર નામના રત્નમાં પરપદાર્થોનું પ્રતિબિંબ પડવાની શક્તિ હોવાથી જેમ એક રત્નમાં અનેક રંગતરંગ દેખાય છે. તેમ આ જીવ પણ જડદ્રવ્યના યોગે અનેક રૂપો વાળો થતો દેખાય છે. આ પરદ્રવ્યનો યોગ જ આ જીવને રંગ-બેરંગી બનાવે છે. મોહાન્ધ કરે છે. વિકારી અને વિલાસી બનાવે છે. ॥૫૩-૫૪॥

**નિજ ગુણ ત્યાગ રાગ પરથી થિર, ગહત અશુભ દલથોક ।**
**શુદ્ધ રૂચિર તજ ગંદો-લોહી પાન, કરત જિમ લોક ॥૫૫॥સંતો॥**

**જડ પુદ્ગલ ચેતનકું જગમેં નાના નાચ નચાવે ।**
**છાલી ખાત વાઘકું યારો, એ અચરિજ મન આવે ॥૫૬॥સંતો॥**

**ગાથાર્થ :** પોતાના ગુણોને ત્યજીને પર દ્રવ્યની સાથે અત્યન્ત સ્થિર

(ગાઢ, ક્યારે ય જાય નહિ તેવો) રાગ આ જીવ કરે છે અને તેના કારણે જ અશુભ પુદ્‌ગલોના સ્કંધો ગ્રહણ કરે છે. શુદ્ધ અને મનોહર એવા ખોરાકને ત્યજીને ગંદાં એવાં રૂધિર-માંસ માટી આદિનું જેમ હલકા માણસો પાન કરે તેમ આ જીવ પણ આવાં કામ કરે છે.

જડ (અચેતન એવું) પુદ્‌ગલ દ્રવ્ય ચેતન દ્રવ્યને ભિન્ન ભિન્ન પ્રકારના નાચ નચાવે છે.

અનાદિકાલીન મોહની વાસનાના બળે આ આત્મા પોતાના આત્માના ગુણો રૂપી ધનનો ત્યાગ કરીને પર પદાર્થ (જે દ્રવ્ય પોતાનું નથી જ તેવા પરદ્રવ્ય એટલે કે પુદ્‌ગલ દ્રવ્ય)ની સાથે સ્થિર (ક્યારેય ઘટે નહિ ઓછો-હીન ન થાય) તેવો રાગ કરીને અશુભ વર્ણાદિવાળો અને વારંવાર સર્વ જીવો વડે ગ્રહણ કરી કરીને તજાયેલો એવો પુદ્‌ગલોનો ઢગલો ગ્રહણ કર્યા જ કરે છે. તેવા ગંદા પુદ્‌ગલો સાથે પ્રીતિ કર્યા જ કરે છે. ॥૫૫-૫૬॥

શુદ્ધ અને મનોહર એવું આત્માનું ગુણમય સુખ સ્વરૂપ ત્યજીને પૌદ્‌ગલિકસુખને જે ઇચ્છે તે ગંદુ એવું અને દુર્ગંધ મારતું એવું લોહીનું પાન, માંસ માટીનું જ ભક્ષણ જેમ કોઈ ગાંડો મનુષ્ય આ લોકમાં કરે તેમ આ જીવ પણ જડનો પ્રેમ કરે છે તથા જડ એવું આ પુદ્‌ગલ દ્રવ્ય પણ ચેતન એવા આત્માને પોતાનામાં મોહાન્ધ કરતું છતું. વિકારી બનાવતું છતું ભિન્ન-ભિન્ન નાચ નચાવે છે. ક્ષણમાં હર્ષિત, ક્ષણમાં રડતું અને ક્ષણમાં ઉદાર તથા ક્ષણમાં વિફરેલું એમ એક દિવસમાં જડની આસક્તિના કારણે જીવદ્રવ્યના મુખ ઉપર આવા ભિન્ન ભિન્ન પ્રકારનાં રૂપો થાય છે. જડદ્રવ્ય આ ચેતન દ્રવ્યને આ રીતે અનેક પ્રકારના નાચ નચાવે છે.॥૫૫-૫૬॥

**જ્ઞાન અનંત જીવનો નિજ ગુણ, તે પુદ્‌ગલ આવરિયા ।**
**જે અનંત શક્તિનો નાયક, તે ઈણ કાયર કરિયો ॥૫૭॥સંતો॥**

**ચેતનકું પુદ્ગલ યે નિશદિન, નાનાવિધ દુઃખ ઘાલે।**
**પણ પિંજર ગત નાહરની પેરે, જોર કછુ નવિ ચાલે ॥૫૮॥**
**સંતો॥**

**ગાથાર્થ :** આ જીવ દ્રવ્યનો જ્ઞાનગુણ અનંતો અને અપાર છે. પરંતુ તે જ્ઞાનગુણ પુદ્ગલ દ્રવ્યે ઢાંકી દીધો છે. જે આ આત્મદ્રવ્ય અનંત અનંત શક્તિઓ ધારક છે. તે પણ આ રીતે કાયર (નિર્બળ) બની ગયો છે. અનંત શક્તિના ધારક એવા આ આત્માને આ પુદ્ગલ દ્રવ્ય આ રીતે રાત-દિવસ જુદા જુદા પ્રકારનાં અનેક જાતનાં દુઃખોમાં નાખે છે. પરંતુ આ જીવનું તે પુદ્ગલ સામે કંઈ ચાલતું નથી. જેમ પાંજરામાં પુરાયેલા જંગલી પ્રાણીનું બળ ઘણું હોવા છતાં પાંજરામાં પુરાવાના કારણે કંઈ પણ જોર ચાલતું નથી. તેમ અહીં પણ સમજવું. ॥૫૭-૫૮॥

**ભાવાર્થ :** આ ચેતન દ્રવ્ય તો અનંતી ચેતનાનો સ્વામી છે. અનંત જ્ઞાનગુણનો ધણી છે. તે જીવદ્રવ્યનો જ્ઞાનગુણ અનંત અને અપાર તથા અખુટ છે. તો પણ તે ગુણને આ પુદ્ગલ દ્રવ્યે (કાર્મણવર્ગણાના પરમાણુઓએ તથા પરદ્રવ્યના રાગે) ઢાંકી દીધો છે. આવૃત કરી દીધો છે. જે આ આપણો આત્મા છે. તે અનંત બળ અને અનંતવીર્યનો સ્વામી હોવા છતાં કર્મપુદ્ગલોના ઉદયને લીધે અને અજીવદ્રવ્યોની પ્રીતિના કારણે કાયર બની ચુક્યો છે. સર્વથા બળ વિનાનો બનેલો છે.

આવા અનંત શક્તિના ધારક ચેતનને આ પુદ્ગલ દ્રવ્ય રાત દિવસ મોહાન્ધ અને વિકારી તથા વિલાસી કરવા દ્વારા અનેક પ્રકારનાં દુઃખો આપે છે. તેની સામે આ જીવનું મોહાન્ધ હોવાના કારણે કંઈ ચાલતું નથી. જેમ પાંજરામાં પુરાયેલો કોઈ સિંહ જેવો બળવાન જંગલી પ્રાણી હોય તો પણ તેનું કંઈ ચાલે નહિ. તેમ પુદ્ગલ દ્રવ્યના રાગમાં અંજાયેલા આ જીવનું પણ કંઈ જોર ચાલતું નથી. ॥૫૭-૫૮॥

**ઈતને પરભી જો ચેતનકું, પુદ્‌ગલ સંગ સોહાવે ।**
**રોગી નર જિમ કુપથ કરીને, મનમાં હર્ષિત થાવે ।।૫૯।।સંતો।।**

**જાત્યપાત્ય કુલ ન્યાત ન જાકું, નામ ગામ નવિ કોઈ ।**
**પુદ્‌ગલ સંગત નામ ધરાવત, નિજગુણ સઘલો ખોઈ ।।૬૦।।**
**સંતો।।**

**ગાથાર્થ :** પુદ્‌ગલની સાથેનો સંબંધ આટલો બધો દુઃખદાયી હોવા છતાં પણ (સોનું ચાંદી તથા હીરા-માણેક વિગેરે) પુદ્‌ગલ પદાર્થોની સોબત આ ચેતનને શોભાવે છે. ચેતનની શોભા વધારે છે. જેમ રોગી માણસ કુપથ સેવીને (ખોટા રસ્તા સેવીને ન ખાવાના પદાર્થો ખાઈને) મનમાં હર્ષિત થાય છે. તેમ આ જીવ પણ સોના રૂપા અને હીરા માણેકથી મનમાં ફુલાય છે. ।। ૫૯ ।।

પુદ્‌ગલોની સોબતમાં અંધ બનેલો માણસ જાતિ-અપત્ય કુલ-નાત-જાત નામ કે ગામ કંઈ જાણે નહિ. માત્ર બહારના દેખાવ માત્રથી અંજાઈને પુદ્‌ગલોની સોબત કરીને મોટાં મોટાં નામ ધારણ કરે. પણ પોતાના સાચા સઘળા ગુણો આ જીવ ખોઈ બેસે છે. ।। ૬૦ ।।

**ભાવાર્થ :** ઉપરની બધી ગાથાઓમાં કહ્યું છે. તેમ પુદ્‌ગલની સાથેની સોબત ઘણી જ દુઃખદાયી છે. ભવોભવમાં ભટકાવનારી છે. આમ જાણવા છતાં પણ કેટલાંક પુદ્‌ગલોની સોબત આ જીવની બાહ્ય શોભા વધારે છે. દુનીયામાં જીવ સારો દેખાવાનો પ્રયત્ન કરે છે. તેથી જ જીવ તેમાં અંજાય છે. જેમ કે, સુંદર કપડાં, સુંદર સોનાના રૂપાના હીરા માણેક અને મોતીના દાગીના. આ બધી પૌદ્‌ગલિક વસ્તુઓ છે. તો પણ શરીરની શોભા વધારવા દ્વારા જીવને ખુશ ખુશ રાખે છે. તેના કારણે આ જીવ કપડામાં દાગીનામાં અને શરીરની શોભા કરનારા પદાર્થોમાં અંજાઈ જાય છે અને તેની ટાપટીપ કરીને શોભા શણગાર કરીને મનમાં રાજી રાજી થઈ જાય છે.

જેમ રોગી માણસ રોગ વધે એવા કુપથ (અવળા રસ્તા) સેવીને પણ (જેમ ડાયબીટીશના રોગવાળો દૂધપાક કે શીખંડ ખાઈને પણ) ઘણો હર્ષિત થાય છે. તેમ દાગીનાની શોભાથી આ જીવ રાજી રાજી થઈ જાય છે પણ આ પુદ્ગલદ્રવ્ય હોવાથી મારું સ્વરૂપ નથી આ વાત જીવ ભૂલી જાય છે.

જ્યારે જ્યારે આવા પ્રકારની સોના-રૂપા-હીરા-માણેક આદિની શોભામાં આ જીવ અંજાઈ જાય છે. મોહાન્ધ બને છે ત્યારે ત્યારે સામેનું પાત્ર કઈ જાતિનું છે ! કોનાં પુત્ર-પુત્રી છે ? તેનું કુલ શું છે ? તેની નામ - જાત શું છે ? સામેની વ્યક્તિનું નામ શું છે ? ગામ કયું છે ? ઇત્યાદિ કોઈ ભાવો જાણે નહિ તો પણ તેના મુખ ઉપર શરીર ઉપર અને કપડાં તથા દાગીનાના દેખાવ ઉપર મોહાન્ધ થઈ પુદ્ગલોની જ માત્ર સોબતના કારણે ગમે તેવા પાત્ર સાથે સંબંધ બાંધીને તેવાં તેવાં દેખાવકારી નામો ધારણ કરીને પોતાના આત્માના સર્વે પણ ગુણો ખોઈ બેસે છે. જેમ હલકા માણસની સોબત આપણને પ્રેમમાં પાડીને વાતોમાં જોડીને બધુ ધન લુટી લે છે. તેમ આ જીવ પણ લુંટાય છે પોતાના ગુણમય સર્વ ધન ખોઈ બેસે છે. ॥૫૯-૬૦॥

**પુદ્ગલ કે વશ હાલત ચાલત, પુદ્ગલ કે વશ બોલે ।**
**કહૂંક બેઠા ટક ટક જુએ, કહૂંક નયન ન ખોલે ॥૬૧॥સંતો॥**

**મન ગમતા કહું ભોગ ભોગવે, સુખ સંજઝામેં સોવે ।**
**કહૂંક ભૂખ્યા તરસ્યા બાહર, પડ્યા ગલીમેં રોવે ॥૬૨॥સંતો॥**

**ગાથાર્થ :** મોહમાં અંધ બનેલા જીવો પુદ્ગલના સુખને આધીન થયા છતા હાલે ચાલે, પુદ્ગલને આધીન થયા છતા બોલે, કેટલાક બેઠા બેઠા (જાણે સીનેમાના ઘરમાં બેઠા હોય તેમ) ટક ટક (તાકી તાકીને) પુદ્ગલોની શોભાને જોયા જ કરે છે. તથા કેટલાક એવા અંજાઈ જાય છે કે નયન પણ ખોલતા નથી. કેટલાક જીવો મનગમતા

ઈન્દ્રિયોના ભોગોને ભોગવે છે. કેટલાક સુખપૂર્વક શય્યામાં સુતા સુતા આનંદ ચમન કરે છે અને કેટલાક ભૂખ્યા અને તરસ્યા બહાર ઓટલા ઉપર પડ્યા હોય છે અને કેટલાક ભીખ માગતા ગલી ગલીમાં રખડતા હોય છે અને રોતા હોય છે. ।।૬૧-૬૨।।

**ભાવાર્થ :-** પુદ્ગલના ભોગ-ઉપભોગમાં અંજાયેલા જીવો મોહમાં અન્ધ બન્યા છતા નવાં નવાં કપડાં પહેરીને તથા નવા નવા દાગીના પહેરીને મલકાતા મલકાતા ફુલાતા ફુલાતા હાલે છે ચાલે છે અને મોટાઈમાં આવી જઈને મોટા બોલ બોલે છે. કપડાં અને દાગીનાની શોભાના જોરે પોતાની જાતને રાજા-મહારાજા માને છે. કેટલાક જીવો પોતાના શરીરની કપડાંની અને દાગીનાની શોભાને ટગમગ ટગમગ રીતે નીરખ્યા જ કરે છે. તેના રૂપરંગમાં અતિશય મોહાન્ધ બને છે તથા આવી પૌદ્ગલિક શોભામાં મોહાન્ધ બનીને એવા વિકારી અને વિલાસી બની જાય છે કે હર્ષના અતિરેકમાં આંખો પણ ખોલતા નથી.

તથા કેટલાક રાજા પાઠમાં આવ્યા છતા મનગમતા ભોગો ભોગવે છે. પરસ્ત્રી આદિના વ્યવહારો પણ કરે છે. તથા પુદ્ગલો દ્વારા કરાયેલી શરીરની શોભામાં અંજાઈને મનગમતી સુખ શય્યામાં પાકી નિદ્રા લે છે અને કેટલાક જીવો કે જેઓ પાપના ઉદયવાળા છે તેવા જીવો પાપના ઉદયના કારણે આર્થિક સ્થિતિ જેની ઓછી છે તેવા જીવો આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં મોહદશા તીવ્ર હોવાથી આવા પ્રકારના પૌદ્ગલિક સુખના રસિયા બન્યા છતા પુણ્યોદય ન હોવાથી તેવી ઈચ્છાઓની પૂર્તિ ન થવાના કારણે બિચારા તથા લાચાર સ્થિતિ વાળા થયા છતા ભૂખ્યા અને તરસ્યા રહે છે. ઘર ન હોવાથી બહાર કોઈની દુકાનોના ઓટલા ઉપર ઊંઘે છે તથા આહાર-વસ્ત્રાદિ માટે ગલી ગલીમાં ભટકે છે. છતાં વસ્તુ ન મળવાથી પેટનો ખાડો ન પુરાવાથી રડે છે. પુદ્ગલાનંદી જીવોની આવી દશા છે. એમ જ્ઞાની ભગવંતો જણાવે છે. ।।૬૧-૬૨।।

**પુદ્ગલકે વશ એકેન્દ્રિક બહું, પંચેન્દ્રિયપણું પાવે ।**
**લેશ્યાવંત જીવ એ જગ મેં, પુદ્ગલ સંગ કહાવે ॥૬૩॥સંતો॥**

**ચઉદે ગુણથાનક મારગણા, પુદ્ગલ સંગે જાણો ।**
**પુદ્ગલ ભાવ વિના ચેતન મેં, ભેદભાવ નવિ આણો ॥૬૪॥ સંતો॥**

**ગાથાર્થ :** પુદ્ગલના સુખને આધીન થયેલા જીવો આવા પ્રકારની મોહાન્ધતાના કારણે ઘણીવાર એકેન્દ્રિયપણું પામે, કોઈ કોઈવાર પંચેન્દ્રિયપણું પણ પામે. પરંતુ શુભ-અશુભ લેશ્યાવાળો આ જીવ જગતમાં પુદ્ગલના સંગવાળો કહેવાય છે. (પુદ્ગલના સંગ વિનાના થયા વિના મુક્તિપદ પ્રાપ્ત થતું નથી.) ॥ ૬૩ ॥

શાસ્ત્રોમાં જણાવેલાં ચૌદે ગુણસ્થાનકો અને ચૌદે (અથવા બાસઠે) માર્ગણાસ્થાનો પુદ્ગલના સંગથી જ થાય છે. જો આ પૌદ્ગલિક ભાવ જીવમાં ન હોત તો તેના વિના સર્વે પણ જીવો સિદ્ધ સમાન સરખી જ કક્ષાના હોત. ભેદભાવ હોત જ નહિ. ॥૬૪॥

**ભાવાર્થ :** પુદ્ગલના વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ આ ચારે ગુણોમાં આસક્ત બનેલા જીવો પુદ્ગલને વશ થયેલા કહેવાય છે. આવી પૌદ્ગલિક પરવશતાના કારણે જ જીવ એકેન્દ્રિયાદિ જેવા હલકા ભવને પ્રાપ્ત કરે છે. તેથી જ આ સંસારમાં એકેન્દ્રિય જીવો ઘણા છે અને પંચેન્દ્રિયપણું પામનારા જીવો બહુ જ અલ્પ છે. તેમાં પણ મનુષ્યનો ભવ પામનારા જીવો તો ગણતરીના જ છે. આ પ્રમાણે સંસારી જીવોમાં કૃષ્ણ-નીલ કાપોત આદિ લેશ્યાઓનો સંગ હોવાના કારણે આ સંસારમાં સંસારી જીવો પૌદ્ગલિક ભાવોના સંગવાળા કહેવાય છે. સંસારી જીવો પૌદ્ગલિક ભાવોની આસક્તિવાળા છે અને તેનાથી જ ચીકણાં કર્મો બાંધે છે.

તથા મિથ્યાદષ્ટિ આદિ ચૌદ ગુણસ્થાનકો તથા દેવગતિ-નરકગતિ વિગેરે મૂલભૂત ચૌદ માર્ગણા અને ઉત્તરભેદ રૂપ બાસઠ માર્ગણા વિગેરે પ્રકારો શાસ્ત્રોમાં જે આવે છે. તે બધા ભેદો આ પુદ્ગલના સંગના કારણે જ થયેલા છે. જો પુદ્ગલની સાથે પ્રેમ બાંધવા રૂપ પરભાવની સોબત ન હોત તો તે ચેતનમાં આવા ભેદો પડત નહિ. જેમ સિદ્ધ શીલા ઉપર બિરાજમાન અનંતા પણ સિદ્ધ જીવોમાં સમાન જ્ઞાન સમાન દર્શન-સમાન વીર્ય સમાન ચારિત્ર વિગેરે સમાન ગુણો છે અને તે ગુણો ક્યારેય જાય નહિ. તથા ક્યારેય હાનિ પામે નહિ તેવા ક્ષાયિક ભાવના સર્વમાં સમાન ગુણો છે. આ જ સાચું આત્મ સ્વરૂપ છે. પુદ્ગલાનંદી થવાના બદલે પોતાના ગુણોની રમણતાવાળા થવું. તેમાં જ ડહાપણ છે. તે જ ગુણોની રમણતા આપણને ભવથી તારનાર છે. ॥૬૩-૬૪॥

**પાણીમાંહે ગલે જે વસ્તુ, જલે અગનિ સંયોગ ।**
**પુદ્ગલ પિંડ જાણ તે ચેતન, ત્યાગ હરખ અરુ સોગ ॥૬૫॥**
**સંતો॥**

**છાયા આકૃતિ તેજ ધૃતિ સહુ, પુદ્ગલ કી પરજાય ।**
**સડન પડન વિધ્વંસ ધર્મ એ, પુદ્ગલકો કહેવાય ॥૬૬॥સંતો॥**

**ગાથાર્થ :** આ સંસારમાં જે જે વસ્તુઓ પાણીમાં નાખતાં જ ઓગળી જાય, પીગળી જાય, લાંબા કાળે સડી જાય, વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ બદલાઈ જાય અર્થાત્ કોવાઈ જાય તથા જે જે વસ્તુઓને અગ્નિમાં નાખતાં બળી જાય. રાખ થઈ જાય તે સર્વ પુદ્ગલ દ્રવ્યનો પિંડ જ કહેવાય છે. જેમ કે ઘાસ પાણીમાં નાખો તો ભીંજાઈને કાળાન્તરે સડી જાય અને આગમાં નાખીએ તો બળી જાય. તે માટે તે પુદ્ગલ દ્રવ્ય જ છે. આવાં જે પુદ્ગલ દ્રવ્યો છે તે હે જીવ ! તારાં દ્રવ્ય નથી. તારાથી વિજાતીય દ્રવ્ય છે. આમ સમજીને તું તેનો ત્યાગ કર. તે પુદ્ગલ દ્રવ્ય

ઘણાં મળે તો હરખ ન પામ અને તે પુદ્ગલ દ્રવ્ય ન મળે તો શોક ન કર. કારણ કે, તે દ્રવ્યો તારાં નથી. તું તેનાથી ભિન્ન દ્રવ્ય છો. તો પછી તેની પ્રપ્તિ અને અપ્રાપ્તિમાં આટલો બધો હર્ષ અને શોક કેમ કરે છે ? જે દ્રવ્ય તારું નથી. તેનો આટલો બધો મોહ શા માટે છે ?

તથા છાયા તથા પડછાયો (પ્રતિબિંબ અથવા આકૃતિ) તેજ (પ્રકાશ) તથા કાન્તિ આ સર્વ પુદ્ગલાસ્તિકાયના સ્કંધો છે. નવ તત્ત્વમાં કહ્યું છે કે, "सद्दंधयार उज्पजोअ पभा छायातवेहि य वण्ण गंध रसा फासा पुग्गलाणं तु लक्खणं" નવતત્ત્વ ગાથા ૧૧. આ ગાથામાં આ સર્વને પુદ્ગલ દ્રવ્ય જ કહેવામાં આવ્યાં છે તથા સડી જવું, પડી જવું, ખરી પડવું. સુકાઈ જવું. કરમાઈ જવું ઈત્યાદિ ધર્મો પણ પુદ્ગલ દ્રવ્યના જ હોય છે. આવા ધર્મવાળો જે પદાર્થ હોય છે. તે નિયમા પુદ્ગલ દ્રવ્ય જ હોય છે. ॥૬૫-૬૬॥

**મળ્યાં પિંડ જેહને બંધે તે, કાલે વિખરી જાય ।**
**ચરમ નયન ખરી દેખીએ તે, સહુ પુદ્ગલ કહેવાય ॥૬૭॥**
**સંતો॥**

**ચૌદ રાજલોક ઘૃત ઘટ જિમ, પુદ્ગલ દ્રવ્યે ભરિયા ।**
**ખંધ દેશ પ્રદેશ ભેદ તસ, પરમાણુ જિન કહિયા ॥૬૮॥સંતો॥**

**ગાથાર્થ :** પરસ્પર પુદ્ગલો મળ્યા છતાં જે પિંડાકારપણે એક બીજાને બાંધે છે અને તે જ પુદ્ગલ દ્રવ્યો કાલે કાલે વિખેરાઈ પણ જાય છે. તથા ચામડાની આંખોએ કરીને અર્થાત્ ચર્મચક્ષુથી જે ખરેખર દેખાય તે સર્વ પુદ્ગલ દ્રવ્ય કહેવાય છે. તથા જેમ ઘીનો ઘડો ઘીથી ભરપૂર ભરેલો હોય છે. તેમ આ ચૌદ રાજલોક પ્રમાણ લોકાકાશ નામનું દ્રવ્ય પુદ્ગલદ્રવ્યોથી ખીચોખીચ ભરપુર ભરેલું છે. સ્કંધ-દેશ-પ્રદેશ તથા વળી પરમાણુ આવા જેના ચાર ભેદો છે. આવું પુદ્ગલ દ્રવ્ય છે. એમ જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે. ॥૬૭-૬૮॥

**ભાવાર્થ :** જે પરસ્પર ભેગાં થાય અને એકાકાર બનીને પિંડરૂપ અર્થાત્ સ્કંધ સ્વરૂપે બને છે. તથા વિખેરાઈને છુટા પણ પડે છે. ટુકડા ટુકડા પણ થાય છે તથા જે પદાર્થ ચર્મચક્ષુથી દેખી શકાય છે. તથા જેમાં વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ આવા ચાર ગુણો વર્તે છે. તે સર્વ પુદ્ગલ દ્રવ્ય અર્થાત્ જડદ્રવ્ય અચેતન દ્રવ્ય છે. હે જીવ ! આ સઘળાં તારાં દ્રવ્યો નથી. તું તેનાથી ભિન્ન છે એમ સમજો.

તથા જેમ ઘીથી ભરેલો ઘટ હોય કે જે ઘડામાં હવે એક ટીપુ પણ સમાય તેમ નથી. તેવા ઘીના ઘડાની જેમ આ ચૌદે રાજલોક પ્રમાણ લોકાકાશ વાળું જે આકાશ દ્રવ્ય છે.તે લોકાકાશ દ્રવ્ય પુદ્ગલ દ્રવ્યોથી ખીચોખીચ ભરેલું છે. સંપૂર્ણ ચૌદ રાજલોક પ્રમાણ ક્ષેત્રમાં અનંતાં અનંતાં પુદ્ગલ દ્રવ્યો ભરપૂર ભરેલાં છે. ક્યાંય એક તસુ પણ જગ્યા ખાલી નથી. પુદ્ગલ દ્રવ્ય વિનાની નથી તથા આ પુદ્ગલ દ્રવ્યના સ્કંધ-દેશ-પ્રદેશ અને પરમાણુ એમ ચાર ભેદ છે. આખો અખંડ પદાર્થ તે સ્કંધ, જેમ કાગળોની એક નોટ તે સ્કંધ કહેવાય. તેમાંનો એક સવિભાજ્ય ભાગ તેની સાથે જોડાયેલો હોય ત્યાં સુધી દેશ, જેમ કે તે નોટનો એક કાગળ, તથા તે જ સ્કંધમાં જોડાયેલો પણ નાનામાં નાનો નિર્વિભાજ્ય એક ભાગ તે પ્રદેશ અને સ્કંધથી છુટો પડેલો આ જ જે પ્રદેશ છે તે જ પરમાણું કહેવાય છે. આમ પુદ્ગલ દ્રવ્યના ચાર ભેદો શ્રી જિનેશ્વર ભગવંતોએ શાસ્ત્રોમાં સમજાવ્યા છે.॥૬૭-૬૮॥

**નિત્ય અનિત્યાદિક જે અંતર, પક્ષ સમાન વિશેષ ।**
**સ્યાદ્વાદ સમજણની શૈલી, જિનવાણીએ દેખ ॥૬૯॥સંતો॥**

**પૂરણ-ગલન ધર્મથી પુદ્ગલ, નામ જિણંદ વખાણે ।**
**કેવલિ વિણ પરજાય અનંતી, ચાર જ્ઞાન નવિ જાણે ॥૭૦॥**
**સંતો॥**

**ગાથાર્થ :** સર્વે પણ વસ્તુઓ નિત્ય અને અનિત્ય છે આદિ શબ્દથી ભિન્ન-અભિન્ન-વાચ્ય--અવાચ્ય ઇત્યાદિ ઉભય ધર્મવાળી છે તથા સમાન અને વિશેષ પણ છે. સર્વે પણ વસ્તુઓ ઉભય ધર્મવાળી છે. આ પક્ષ છે. પરસ્પર વિરોધી બે ધર્મો સ્વીકારવા એ સ્યાદ્વાદ (અર્થાત્ અનેકાન્ત વાત)ની શૈલી છે. આવી શૈલી જિનેશ્વર પ્રભુની વાણીમાં જ જોવા મળે છે. ॥૬૯॥

તથા પૂરણ-ગલન થવું એ પુદ્ગલાસ્તિકાયનો ધર્મ છે. એમ જિનેશ્વર ભગવંતો કહે છે. સર્વ વસ્તુઓમાં રહેલા અનંતા અનંતા પર્યાયોને કેવલજ્ઞાન વિના ચાર જ્ઞાનવાળા જીવો જાણી ન શકે. છદ્મસ્થથી અનંત અનંત પર્યાયો જાણી શકાતા નથી. ॥૭૦॥

**ભાવાર્થ :** સંસારમાં રહેલી સર્વે પણ વસ્તુઓ નિત્યાનિત્ય ભિન્નાભિન્ન, અસ્તિ-નાસ્તિ તથા વાચ્યાવચ્ય એમ ઉભય ધર્મવાળી છે. દ્રવ્યાર્થિકનયથી નિત્ય, પર્યાયાર્થિક નયથી અનિત્ય છે. વિશેષ ધર્મથી ભિન્ન અને સામાન્ય ધર્મથી અભિન્ન, સ્વદ્રવ્ય સ્વક્ષેત્ર સ્વકાળ અને સ્વભાવની અપેક્ષાએ અસ્તિ, પરદ્રવ્ય પરક્ષેત્ર, પરકાળ અને પરભાવની અપેક્ષાએ નાસ્તિ. આમ સર્વ વસ્તુઓ ઉભયભાવવાળી છે તથા દ્રવ્ય દૃષ્ટિએ સર્વ વસ્તુઓ સમાન છે. એટલે કે સામાન્ય છે. પરંતુ પર્યાય દૃષ્ટિએ સર્વ વસ્તુઓ વિશેષ છે. આમ સર્વ વસ્તુઓમાં નયની અપેક્ષાએ અંતર દેખાય છે.

પરંતુ સ્યાદ્વાદ શૈલીથી જો જોઈએ તો અર્થાત્ અનેકાન્તવાદની સમજણ પૂર્વકની શૈલીથી જો જોવામાં આવે અને આમ ઉભય ધર્મવાળી વસ્તુ માનવામાં આવે તો કંઈ પણ વિરોધ નથી. બધી જ વસ્તુઓ ઉભય ધર્મવાળી છે. આ વસ્તુને યથાર્થપણે તો શ્રી જિનેશ્વર પ્રભુ જ જોઈ શકે છે. છદ્મસ્થ જીવો આટલું જાણી શકતા નથી.

તથા પુદ્ગલાસ્તિકાયનું નામ પુદ્ગલ એટલા માટે પડ્યું છે કે, તે પૂરણ અને ગલન ધર્મ વાળો પદાર્થ છે. જોડાવું અને વિખરાવું આ જ

પુદ્‌ગલ દ્રવ્યનો ધર્મ છે. પુદ્‌ગલ દ્રવ્યના સ્કંધો ભાંગે તુટે ફુટે અને સન્ધાય માટે જ તેનું નામ પુદ્‌ગલ રાખવામાં આવ્યું છે. આમ અનંત ઉપકારી એવા શ્રી જિનેશ્વર ભગવંતો કહે છે. સર્વે પણ દ્રવ્યો અનંતા છે અને તે એક એક દ્રવ્યના પર્યાયો પણ અનંતા અનંતા છે તે સર્વ વિષયો કેવળજ્ઞાન વિના પ્રથમનાં ચાર જ્ઞાનો વડે જાણી શકાતા નથી. ચાર જ્ઞાનો ક્ષયોપશમ ભાવનાં છે. તેથી તેના વડે સર્વ વસ્તુઓ જણાતી નથી. જ્યારે કેવળજ્ઞાન ક્ષાયિક ભાવનું છે. તેનાથી આ સર્વ ભાવો જાણી શકાય છે.॥૬૯-૭૦॥

**શુભથી અશુભ અશુભથી જે શુભ, મૂળ સ્વભાવે થાય।**
**ધર્મ પાલટણ પુદ્‌ગલનો ઈમ, સદ્‌ગુરુ દીયો બતાય ॥૭૧॥**
**સંતો॥**

**અષ્ટ વર્ગણા પુદ્‌ગલ કેરી, પામી તાસ સંયોગ।**
**ભયો જીવકું એમ અનાદિ, બંધન રૂપી રોગ ॥૭૨॥સંતો॥**

**ગાથાર્થ :** શુભ પુદ્‌ગલો કાળાન્તરે અશુભ થાય અને અશુભ પુદ્‌ગલો કાળાન્તરે શુભ થાય. આમ શુભાશુભ ધર્મનો પલટો થવો તે જ પુદ્‌ગલાસ્તિકાયનો ધર્મ છે. આમ સદ્‌ગુરુ પુરૂષો કહે છે. ઔદારિક વિગેરે કુલ આઠ વર્ગણાઓ પુદ્‌ગલાસ્તિકાયની જૈન શાસ્ત્રોમાં કહી છે. તે પુદ્‌ગલોનો સંયોગ થવાથી જ આ જીવને અનાદિકાળથી કર્મોના બંધન રૂપી રોગ લાગુ પડ્યો છે. ॥૭૧-૭૨॥

**ભાવાર્થ :** શુભ પુદ્‌ગલો પણ પડ્યાં પડ્યાં હવામાનના સંયોગથી અશુભ થાય છે. ઘર સડી જાય છે. ઉધઈ લાગે છે. બાવા બાજી જાય છે. પાણી વિગેરેમાં પડ્યા રહેલા કાગળો તથા લાકડાં વિગેરે સડી જાય છે. આમ શુભ તે અશુભ થાય છે તથા જે પુદ્‌ગલો અશુભ હોય તે શુભ થાય છે. ખાતર દ્વારા અનાજ ઉગે છે. ફેક્ટરીઓ દ્વારા પુદ્‌ગલોનું

રૂપાંતર કરાય છે. આમ પરિવર્તન પામવું એ પુદ્‌ગલાસ્તિ-કાયનો મૂલ સ્વભાવ જ છે. પડ્યું પડ્યું મેલું થવું, સડી જવું. ભાંગી જવું. આમ મૂલભૂત ધર્મનો પલટો થવો ધર્મનો બદલો થવો એ પુદ્‌ગલાસ્તિ-કાયનો સ્વભાવ જ છે. આવું સદ્‌ગુરુઓએ (કેવલજ્ઞાની ભગવંતોએ) કહ્યું છે અને આવું પ્રત્યક્ષ દેખાય પણ છે જ.

જૈન શાસ્ત્રોમાં પુદ્‌ગલ દ્રવ્યની આઠ વર્ગણા કહી છે. (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તૈજસ, (૫) ભાષા, (૬) શ્વાસોશ્વાસ, (૭) મન અને (૮) કાર્મણ વર્ગણા. આમ કુલ ૮ વર્ગણા જાણવી તથા આ જ આઠ વર્ગણા ગ્રાહ્ય અને અગ્રાહ્ય એમ બે બે પ્રકારની છે. તથા ધ્રુવાચિત્ત-અધ્રુવાચિત્ત ઈત્યાદિ બીજી પણ ૧૦ વર્ગણાઓ છે. આ સર્વ પુદ્‌ગલાસ્તિકાયના ભેદો છે. (જુઓ કમ્મપયડિ)

આ આપણો જીવ તે પુદ્‌ગલોનો સંયોગ પામીને ઔદારિક વૈક્રિય આદિ શરીરો ધારણ કરવા દ્વારા તેના ભોગ-ઉપભોગથી રાગાદિના કારણે ક્ષણે ક્ષણે કર્મોના બંધનને કરે છે. કર્મબંધ કરવા રૂપી રોગ આ જીવને લાગુ પડ્યો છે. આ પુદ્‌ગલના સંયોગે રાગ અને દ્વેષ વિગેરે કરતો આ જીવ સમયે સમયે ઘણાં અને ચીકણાં કર્મો બાંધે છે. આ જીવ મોહના રોગને કારણે કર્મબંધના રોગને ભજનારો થયો છે. ॥૭૧-૭૨॥

**ગહત વરગણા શુભ પુદ્‌ગલકી, શુભ પરિણામે જીવ ।**
**અશુભ અશુભ પરિણામ યોગી, જાણો એમ સદૈવ ॥૭૩॥**
**સંતો॥**

**શુભ સંજોગે પુણ્ય સંચવે, અશુભ યોગથી પાપ ।**
**લહત વિશુદ્ધ ભાવ જબ ચેતન, સમજે આપો આપ ॥૭૪॥**
**સંતો॥**

**ગાથાર્થ :** સંસારમાં રહેનારો આ જીવ હંમેશાં ઉપર કહેલી વર્ગણાઓને પોતાના ઉપભોગ માટે ગ્રહણ કરે છે. જ્યારે શુભ વર્ગણાઓનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે ત્યારે તે જીવ શુભ પરિણામવાળો થાય છે અને જ્યારે અશુભ પુદ્ગલોને ગ્રહણ કરે છે. ત્યારે અશુભ થાય છે. આમ આ જીવ હરહંમેશાં પુદ્ગલોને ગ્રહણ કરતો જ રહે છે અને શુભાશુભ પરિણામ વાળો થયા જ કરે છે.

જ્યારે શુભ યોગ વાળો થાય છે. ત્યારે શુભ પુદ્ગલોનો સંચય કરે છે. ત્યારે પુણ્યકર્મ બાંધે છે અને જ્યારે અશુભ યોગવાળો થાય છે. ત્યારે પાપકર્મ બાંધે છે. આમ કરતાં કરતાં ક્યારેક પોતાની ભવિતવ્યતા પાકે ત્યારે વિશુદ્ધ અર્થાત્ નિર્મળ ભાવને ધારણ કરે છે. ત્યારે આ ચેતન પોતે જ આપો આપ સમજતો થાય છે. અને નિર્જરાના માર્ગે આગમ વધે છે. ॥૭૩-૭૪॥

**ભાવાર્થ :** સંસારમાં વર્તતો એવો આ જીવ સદાકાળ પુદ્ગલોની સાથે જોડાયેલો છે. પ્રતિસમયે નવાં નવાં પુદ્ગલો ગ્રહણ કરે છે અને જુનાં જુનાં ભોગવેલાં પુદ્ગલોને છોડે છે. જ્યારે જ્યારે આ જીવ શુભ પરિણામવાળો થાય છે. ત્યારે ત્યારે શુભ પુદ્ગલોને જ ગ્રહણ કરે છે અને ૪૨ પુણ્ય પ્રકૃતિઓ રૂપી પુણ્યકર્મ બાંધે છે. તથા જ્યારે જ્યારે આ જીવ અશુભ પરિણામવાળો થાય છે. ત્યારે ત્યારે અશુભ પુદ્ગલોને જ ગ્રહણ કરે છે અને ૮૨ પાપ પ્રકૃતિઓ રૂપે પાપ કર્મ બાંધે છે. આ પ્રમાણે સદૈવ એટલે કે હંમેશાં આ જીવ શુભ અને અશુભ કર્મો બાંધે છે. સદાકાળ આશ્રવના સ્વભાવ વાળો જ રહે છે.

જ્યારે જ્યારે આ જીવ મન-વચન અને કાયાના શુભ યોગવાળો થાય છે. એટલે કે શુભ યોગવાળો બને છે ત્યારે ત્યારે પુણ્યકર્મનો સંચય કરે છે અને જ્યારે જ્યારે આ જીવ મન-વચન અને કાયાના અશુભ સંજોગવાળો થાય છે. ત્યારે ત્યારે પાપકર્મની ૮૨ કર્મપ્રકૃતિઓનો સંચય કરનારો થાય છે.

એમ કરતાં કરતાં ક્યારેક ભવિતવ્યતા પાકે ત્યારે વિશુદ્ધ એવા અત્યંત નિર્મળ એવા ભાવને આ જીવ ગ્રહણ કરે છે. એવા ઉત્તમોત્તમ ભાવવાળો બને છે. ત્યારે સ્વયં પોતે જ આપો આપ સમજતો થાય છે કે પાપ એ લોખંડની બેડી છે અને પુણ્ય એ સુવર્ણની બેડી છે. આખર તો પુણ્ય અને પાપ આ બન્ને બેડી જ છે. એમ જ્ઞાની ભગવંતોએ શાસ્ત્રોમાં કહ્યું છે તે માટે આ બન્નેને છોડીને નિર્મળ અને અત્યન્ત શુદ્ધ એવો ક્ષાયિક ભાવ જ આદરવા જેવો છે. તે માર્ગે જ મારો વિકાસ થશે. આવું આ જીવ પોતે જ પોતાનો કાળ પાકવાથી આપો આપ સમજે છે અને પાપ તથા પુણ્ય આ બન્નેના સંચયને ખાલી કરીને ક્ષાયિક ભાવમાં આગળ વધે છે. ॥૭૩-૭૪॥

**તીન ભુવનમેં દેખીએ સહૂ, પુદ્ગલકા વ્યવહાર ।**
**પુદ્ગલ વિણ કોઉ સિદ્ધરૂપમેં, દરસત નહિ વિકાર ॥૭૫॥**
**સંતો॥**

**પુદ્ગલ હુંકે મહેલ માલીયે, પુદ્ગલ હુંકી સેજ ।**
**પુદ્ગલ પિંડ નારકો તેથી, સુખ વિલસત ધરી હેજ ॥૭૬॥**
**સંતો॥**

**ગાથાર્થ :** ત્રણે ભુવનમાં તમે જોશો તો બધા જ વ્યવહારો પુદ્ગલ દ્રવ્યના જ લેવડ-દેવડના દેખાશે. સિદ્ધિપદમાં પધારેલ સિદ્ધ જીવોમાં પુદ્ગલ દ્રવ્યની લેવડ-દેવડ કંઈ નહિ હોવાથી તે પુદ્ગલ દ્રવ્ય વિના સિદ્ધ જીવોમાં બીજા કોઈ વિકારો થતા જ નથી. હોતા જ નથી. મોટા મોટા મહેલો પણ પુદ્ગલના જ બને છે. ઉંચા ઉંચા માળીયાં પણ પુદગલ દ્રવ્યનાં જ હોય છે. સુખકારી શય્યા (બેઠક, ઉઘવાની પથારી) પણ પુદ્ગલ દ્રવ્યની જ હોય છે. વૈક્રિય વર્ગણાનાં પુદ્ગલોના પિંડાત્મક શરીરવાળા નારકીના જીવો પણ હૈયામાં હેત (પ્રેમ) ધારણ

કરીને મન-ગમતા એવા તે પુદ્ગલ દ્રવ્યોથી જ સુખનો અનુભવ કરે છે. ॥૭૫-૭૬॥

**ભાવાર્થ :** ત્રણે ભુવનમાં કોઈ પણ એક જીવ બીજા જીવને જે કંઈ આપે અથવા બીજા જીવ પાસેથી કંઈ પણ લે. તો તે લેવડ-દેવડ પુદ્ગલ દ્રવ્યની જ થાય છે. કારણ કે, ધર્મ-અધર્મ-આકાશ અને કાળ આ ચાર દ્રવ્યો તો અરૂપી અને ઈન્દ્રિયોથી અગોચર હોવાથી લેવડ-દેવડને યોગ્ય જ નથી. જીવ દ્રવ્ય પણ પોત પોતાના કર્મોને આધીન હોવાથી લેવડ-દેવડ યોગ્ય પદાર્થ નથી. તેથી જગતના કોઈ પણ જીવો કોઈ પણ જીવને કંઈપણ આપે અથવા કોઈપણ બીજા જીવ પાસેથી કંઈ પણ લે તો તે પુદ્ગલ દ્રવ્ય જ હોય છે. જેમ કે, એક બીજાને પૈસા અપાય. સોના-રૂપાના કે ઝવેરાતના દાગીનાની આપ - લે કરાય. કપડાંની આંપ-લે કરાય, મકાન પણ આપી શકાય અને લઈ શકાય. પરંતુ આ સર્વ પુદ્ગલ દ્રવ્ય જ છે. છ દ્રવ્યોમાંથી આ એક જ દ્રવ્ય એવું છે કે બીજાને આપી શકાય છે અને બીજા પાસેથી લઈ શકાય પણ છે.

સિદ્ધિપદમાં ગયેલા સિદ્ધ ભગવંતોમાં આ પુદ્ગલ દ્રવ્યનું ગ્રહણ અને મોચન ન હોવાથી તથા કોઈપણ પ્રકારની પુદ્ગલોની લેવડ-દેવડ ન હોવાથી. તેના વિના તે ભગવંતોમાં હર્ષ કે શોકના તથા પ્રસન્નતા કે નાખુશીના કોઈ પણ આવા મોહના વિકારાત્મક ભાવો દેખાતા નથી. સદાકાળ પોતાના સમસ્વભાવમાં જ વર્તનારા હોય છે.

મોટા મોટા મહેલો, મોટાં મોટાં માળીયા તથા સુખાકારી શય્યા વિગેરે સર્વે પણ સાંસારિક સુખ સામગ્રી પણ પુદ્ગલોની જ બનેલી છે તથા પુદ્ગલોના પિંડાત્મક શરીર વાળા નારકીના જીવો પણ તેમના ક્ષેત્રમાં ખાણી-પીણી રૂપે જે વૈક્રિયવર્ગણાનાં પુદ્ગલો મેળવે છે. તેને જ સ્વીકારીને હૈયામાં હેતધરીને આરોગે છે. ખાય છે. પીએ છે અને ભલે ગંદાં પુદ્ગલો હોય તો પણ તેનાથી જ સુખનો વિલાસ કરે છે. આ સઘળી પુદ્ગલની બાજી છે. લેવડ-દેવડમાં, દુઃખ-સુખમાં, અનુકૂળ-

પ્રતિકુળતામાં માત્ર પુદ્ગલ દ્રવ્ય જ કામ આવે છે. સંસારી તમામ જીવો તેના વડે જ જીવન જીવે છે. રાજા રાજમુગટ પહેરે કે વેપારી સાફો બાંધે કે ટોપી પહેરે, શરીર ઢાંકવા કપડાં પહેરે, ચાલતાં પગ ચાલવવા ચંપલ પહેરે કે બુટ મોજડી પહેરે. પરંતુ આ સર્વ પુદ્ગલ દ્રવ્ય જ છે. તેનાથી જ આ સંસારી જીવો સુખ દુઃખ અનુભવે છે. ભોગ્ય પદાર્થ રૂપે આ એક જ દ્રવ્ય છે. ॥૭૫-૭૬॥

**પુદ્ગલ પિંડ ધારકે ચેતન, ભૂપતિ નામ ધરાવે ।**
**પુદ્ગલ બલથી પુદ્ગલ ઉપર, અહર્નિશ હકુમત ચલાવે ॥૭૭॥**
**સંતો॥**

**પુદ્ગલ હું કે વસ્ત્ર આભૂષણ, તેથી ભૂષિત કાયા ।**
**પુદ્ગલ હુંકા ચામર છત્ર, સિંહાસન અજબ બનાયા ॥૭૮॥**
**સંતો॥**

**ગાથાર્થ :** આ જ જીવ છત્ર-ચામર-મુગુટ આદિ પુદ્ગલોનો પિંડ ધારણ કરીને “ભૂપતિપણાનું” રાજાપણાનું નામ ધરાવે છે. શરીર, જીભ, માન અને મોભો ઈત્યાદિ પૌદ્ગલિક બળથી જ રાત અને દિવસ પૌદ્ગલિક પદાર્થો ઉપર જ પોતાની જોરહુકમી ચલાવે છે તથા પુદ્ગલનાં જ બનેલાં વસ્ત્ર-આભૂષણ તથા પાવડર, તેલ, અત્તર આદિ પદાર્થોથી જ પોતાની કાયાને શોભાવે છે તથા આ જીવના માનાદિ કષાયોને પોષે એવાં ચામર-છત્ર-સિંહાસન વિગેરે અજબ ગજબના પદાર્થો પુદ્ગલના બનાવેલા છે. (આ જીવ આવા પ્રકારના પરદ્રવ્યના પદાર્થોમાં જ મોહાન્ધ બન્યો છે. વિકારી અને વિલાસી થયો છે.) ॥૭૭-૭૮॥

**ભાવાર્થ :** આ સંસારમાં છત્ર-ચામર મુગુટ-રાજસિંહાસન રાજમહેલ વિગેરે જે કંઈ ભોગ સુખનાં સાધનો છે અને આવા સાધનો પ્રાપ્ત થવાથી આ જીવ પોતાની જાતને “**રાજા**” તરીકેનું માન-સન્માન ધરાવે

છે. પરંતુ તે સર્વ પદાર્થો જડ અચેતન એવા પુદ્ગલ દ્રવ્યના જ બનેલા છે. તેમાં જીવનું કોઈ અંશ માત્ર પણ પોતાપણું નથી. કેવળ મોહ માત્ર જ છે. પર પદાર્થો વડે પોતાની મોટાઈ ગાવી તે કેવળ મુર્ખાઈ માત્ર જ છે. હે જીવ ! ઉપરોક્ત પદાર્થોમાંથી કયો પદાર્થ તારી સાથે આવ્યો છે અને કયો પદાર્થ તારી સાથે આવવાનો છે ? જરા વિચાર તો કર, પુદ્ગલોની બનેલી કોઈ પણ જાતની શોભા તે તારા જીવની શોભા નથી. પરંતુ તેને સાચવવાની જવાબદારી હોવાથી માત્ર બંધનરૂપ અને ભારભૂત જ છે.

હે જીવ ! તું અજ્ઞાનદશા અને મોહાન્ધદશામાં ઘેરાયેલો હોવાથી રાત દિવસ પુદ્ગલના બળથી જ તને મળેલા રાજ્યથી અથવા કોઈ પદાધિકારથી અથવા કોઈ સત્તાના અધિકારથી જીભ આદિ પુદ્ગલ દ્વારા જ પર પદાર્થો રૂપ પુદ્ગલ દ્રવ્યો ઉપર જ તારી હકુમત (તારી આણા) ચલાવે છે. આમાં તારૂં કશું છે જ નહિ. રાજ્ય, પદ કે પદાધિકાર એ સર્વ સાંયોગિક ભાવો છે. કૃત્રિમ ભાવો જ માત્ર છે. બે-પાંચ વર્ષે લુટાઈ જનારા જ અધિકારો છે. તું આવા કૃત્રિમ અને માન-મોહવર્ધક ભાવોમાં કયાં અંજાયો છે ? એક પણ પદાધિકાર કે મોભો પરભવમાં સાથે આવવાનો નથી. તું જરા ઊંડો વિચાર કર.

તારી કાયાને શોભાવવા સુંદર સુંદર વસ્ત્રો તું પહેરે છે. સુંદર સુંદર દાગીનાના સાજ સજે છે. પરંતુ વસ્ત્ર-દાગીના અને આ કાયા આ સર્વ વસ્તુઓ આત્માનું સ્વરૂપ નથી. પુદ્ગલ દ્રવ્ય જ છે. આત્માથી અત્યંત ભિન્ન છે. મૃત્યુ પામીશ ત્યારે અહીં જ રહેશે. માટે તે સર્વ પુદ્ગલ દ્રવ્યના જ બનેલા પદાર્થો છે. તારા નથી. તારી સાથે આવ્યા પણ નથી અને આવશે પણ નહિ.

કદાચ તને રાજ્ય મળી જાય અને ચારે બાજુ સેવક લોકો ચામર વીંઝે, છત્ર ધરાવે, સિંહાસન ગોઠવે. આ બધા સાધનો અજબ-ગજબનાં બનાવે. ઘડીભર દૃષ્ટિ તેમાં ચોટી જ જાય તેવા રૂપાળાં અને મોહક

બનાવે. તો પણ હે જીવ તેમાં તારૂં શું દ્રવ્ય છે ? તું ચેતન છે. આ સઘળું ય અચેતન દ્રવ્ય છે. મૃત્યુકાળે બધુ જ મૂકીને જવાનું છે. તારી સાથે કંઈ જ આવવાનું નથી માટે તેના ઉપરની મમતાને છોડ અને પોતાના આત્મ દ્રવ્યને સંભાળ. જે અનંતકાળ રહેનાર છે. તેના ગુણોનો ઉઘાડ કર. તારી સાથે રહેનારું સાચું તે દ્રવ્ય જ છે. તેના ગુણ ધર્મોને તું ઓળખ અને તેના ગુણો સાથે પ્રીતિ કર. ॥૭૭-૭૮॥

**પુદ્ગલ હુંકા કિલા કોટ અરુ, પુદ્ગલ હુંકી ખાઈ ।**
**પુદ્ગલ હુંકા દારૂ ગોલા, રચ પચ તોપ બનાઈ ॥૭૯॥સંતો॥**

**પરપુદ્ગલ રાગી થઈ ચેતન, કરત મહા સંગ્રામ ।**
**છલ, બલ, કલ કરી એમ ચિંતવે, રાખુ અપનું નામ ॥૮૦॥**
**સંતો॥**

**ગાથાર્થ :** મોટો કિલો હોય કે મોટો કોટ હોય કે ઊંડી ઊંડી ખાઈ હોય. પરંતુ આ સઘળી પુદ્ગલોની જ બાજી છે. પુદ્ગલોનું જ બનેલું છે. તેમાં આત્માનું કંઈ સ્વરૂપ નથી તથા જે કોઈ દારૂ ગોળા છે. વ્યવસ્થિત રીતે રચી પચીને (ઘડી ઘડીને) તોપો બનાવાઈ હોય. પરંતુ આ સર્વ પુદ્ગલ દ્રવ્યોની જ બાજી છે. હે જીવ ! તેમાં તારૂં કશું નથી. દારૂ-ગોળા અને તોપો વાળુ રાજ્ય મળવાથી રાજી થવા જેવું કશું જ નથી.

પર એવા પુદ્ગલ દ્રવ્યો ઉપર રાગાન્ધ બનીને ચેતન એવો તું મોટી મોટી લડાઈઓ કરે છે. કપટ કરવામાં બળ વાપરીને તથા કલા કરીને (કોઈ વ્યવસ્થિત યોજના કરીને) બીજાનો પરાભવ કરવાનું તથા બીજાનો નાશ કરવાનું વિચારીને મનમાં તું યોજના કરે છે કે મારૂં નામ ઉંચું રાખું પણ તેમાં તારું કશું જ નથી ત સર્વ પરદ્રવ્ય જ છે. ॥૭૯-૮૦॥

**ભાવાર્થ :** મોટો કિલો સર કરે અથવા મોટો કોટ જીતી લાવે અથવા મોટી ઊંડી ખાઈ ખોદી લાવે તો પણ હે જીવ ! તેમાં શું નવું આશ્ચર્યકારી

કાર્ય કર્યું કહેવાય. આ સર્વ તો પુદ્ગલ દ્રવ્યના જ (પરદ્રવ્યના જ) ધર્મો છે. કોટ કાંગરાં-કિલો ગામ-ઠામ-જંગલ ઇત્યાદિ તો પુદ્ગલ દ્રવ્યના જુદા જુદા પર્યાયો જ છે અને તે અનાદિકાળથી છે તથા ભાંગે છે. તુટે છે અને નવા નવા થાય છે. તેમાં તારૂં શું સ્વરૂપ છે ? પરની શોભા કે અશોભામાં તું આટલો રાજી-નારાજી કેમ થાય છે ? તને આ પદાર્થોમાંથી માત્ર મોહના વિકારો અને કર્મબન્ધ આ બે ભાવો વિના બીજું કંઈ જ મળવાનું નથી. જે પદાર્થો તારા નથી. તેને જોઈને તારે રાજી-નારાજી થવાની શું જરૂર છે ? જે રાજાને પોતાના રાજ્યની વ્યવસ્થા જે રીતે કરવી ગમી. તે રાજાએ તે વ્યવસ્થા તે રીતે કરી. તારે તેમાં ખુશ-નાખુશ થઈ મોહદશા વધારવાની શી જરૂર છે ? હે જીવ ! તું આટલો બધો પરદ્રવ્ય પાછળ કેમ અંજાયો છે ? પરદ્રવ્ય પાછળ ગાંડો કેમ થયો છે ? જ્યાં સુધી આ મોહદશા છોડીશ નહિ ત્યાં સુધી તારૂં કલ્યાણ થશે નહિ.

બીજા રાજાનું રાજ્ય જોઈને ઈર્ષ્યા દ્વેષ અને અદેખાઈથી તેની સાથે મહાસંગ્રામ (મોટું યુદ્ધ) ખેલવા તું તૈયાર થાય છે. યુદ્ધમાં ઉતર્યા પછી બળ વાપરીને અથવા છળ (કપટ) કરીને અથવા કલા કરીને (માયાપૂર્વકની યોજના કરીને) તારૂં પોતાનું નામ અમર રાખવાનો ચાહડકો આટલો બધો હે જીવ ! તને કેમ થયો છે ? હજારો વર્ષોમાં હજારો રાજાઓ થઈ ગયા. કોઈનાં નામ અમર રહ્યાં નથી અને રહેશે પણ નહિ. નામ રાખવાની જે બુદ્ધિ છે. તે માત્ર માન અને મોહદશા જ છે. તે તે મોહદશા હે જીવ ! તને સતાવે છે. આ ચંડાળ જેવી મોહદશાને છોડી દે. અન્યથા તારૂં કલ્યાણ થશે નહિ. સર્વે પણ જીવોને આ માનદશા જ લડાઈમાં ઉતારે છે. પરાભવ થવાથી પસ્તાય છે. જે દેશ અને જે રાજ્ય આપણું નથી. આપણો જીવ તો ચૌદે રાજલોકમાં સર્વત્ર જન્મ-મરણ પામી ચુક્યો છે અને સર્વત્ર જન્મ-મરણ પામનાર છે માટે આવી મોહદશાનો તું ત્યાગ કર અને એકત્વભાવના ભાવ. ॥૭૯-૮૦॥

**રિદ્ધિ સિદ્ધિ બંકે ? ગઢ તોડી, જોડી અગમ અપાર ।**
**પણ તે પુદ્ગલ દ્રવ્ય સ્વભાવે, વિણસત લાગે ન વાર ॥૮૧॥**
**સંતો॥**

**પુદ્ગલ કે સંયોગ-વિયોગે, હરખ-શોક ચિત્ત ધારે ।**
**અથિર વસ્તુ થિર હોઈ કહો કિમ,**
**ઈણિ વિધ નહીંય વિચારે ॥૮૨॥સંતો॥**

**ગાથાર્થ :** બંકાએ (બહાદૂર એવા આ જીવે) ઘણા રાજયના ગઢ તોડીને ન જાણી શકાય તેટલી અર્થાત્ અગમ્ય અને અપાર એવી ઋદ્ધિ સિદ્ધિ જોડી (ભેગી કરી) પરંતુ પુદ્ગલ દ્રવ્યનો સ્વભાવ જ પુરણ ગલનનો હોવાથી તેનો વિનાશ થતાં જરા પણ વાર લાગતી નથી. પૌદ્ગલિક પદાર્થોના સંયોગથી હર્ષ અને વિયોગથી શોક આ જીવ ચિત્તમાં ધારણ કરે છે. પરંતુ જે વસ્તુ પોતાના સ્વભાવે જ અસ્થિર છે તે સ્થિર કેમ હોય! આવા પ્રકારનો વિચાર આ જીવ કરતો જ નથી. ॥૮૧-૮૨॥

**ભાવાર્થ :** બંકે (એટલે બહાદૂર એવા આ જીવે) ઘણા રાજ-રાજવીના ગઢ (કિલ્લા) તોડીને (ઘણા રાજાને હરાવીને) અગમ્ય અને અપાર એવી રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત કરી. પરંતુ પુદ્ગલ દ્રવ્યનો વિનાશી સ્વભાવ હોવાથી તે રાજય લક્ષ્મીનો વિનાશ થતાં વાર લાગતી નથી. આ જીવ પુદ્ગલ સુખમાં મોહાન્ધ થયેલો હોવાથી પુદ્ગલ સુખના સંયોગ કાળે હર્ષિત થાય છે અને વિયોગકાળે શોકાતુર થાય છે. પરંતુ થોડો વિચાર તો કર કે અસ્થિર સ્વભાવ વાળી વસ્તુ ક્યારેય પણ સ્થિર રહેતી નથી. પરંતુ મોહાન્ધ એવો આ જીવ આવા પ્રકારના ઉત્તમ વિચારો ક્યારે ય કરતો જ નથી. (પછી પાછળથી પસ્તાય છે અને રડે છે).

આપણો આ જીવ અસ્થિર વસ્તુને સ્થિર સમજીને મોહાન્ધ બને છે. અને વિકારી તથા વિલાસી થાય છે. તેથી ગ્રંથકારશ્રી તેવા અજ્ઞાની આ જીવની મશ્કરી કરતાં કહે છે કે બંકાએ (અર્થાત્ પોતાની જાતને

બહાદૂર અને મજબૂત બળ વાળા માનતા માણસે) પણ ઘણા રાજ-રાજવીના ગઢ અને રાજ્યો તોડીને અગમ્ય (ન જાણી શકાય તેટલી) અને અપાર (જેનો છેડો ન હોય તેટલી) રિદ્ધિ સિદ્ધિ મેળવી હોય. ભેગી કરી હોય તો પણ આ પુદ્ગલ દ્રવ્ય છે. તેનો સ્વભાવ જ ચંચળ છે. એક ઘરથી બીજા ધરે અને બીજા ઘરથી ત્રીજા ઘરે જવાનો સ્વભાવ હોવાથી ક્યાંય ક્યારે ય સ્થિર રહેતી નથી. તેથી વિણસતાં એટલે કે વિનાશ પામતાં વાર લાગતી નથી.

સંસારી એવા આપણા જીવને પુદ્ગલના સંયોગ અને વિયોગ કાલે હર્ષ અને શોકના વિચારો ચિત્તમાં થાય છે. કારણ કે, તે પૌદ્ગલિક પદાર્થોનો મોહ તીવ્રતમ છે. પરંતુ જે વસ્તુ પોતાના સ્વભાવથી જ અસ્થિર છે તે સ્થિર કેમ થાય ? ઘર-ધન-યૌવન-શરીર શોભા આ બધી વસ્તુઓ અસ્થિર હોવાથી તેનો કાલ પાકે ત્યારે જવાની જ છે. તો પછી કાયમ રહેશે જ. એમ માનવાની શી જરૂર ! આવ્યા મહેમાન કાયમ ક્યારેય રહેતા નથી. સંસારની તમામ વસ્તુઓ અસ્થિર હોવાથી કહો તો ખરા કે તે વસ્તુઓ સ્થિર (કાયમ રહેવાવાળી) કેમ થાય ? પદાર્થના સ્વરૂપનો આવો સાચો અને યથાર્થ વિચાર આ જીવને ક્યારે ય આવતો નથી.

પૌદ્ગલિક પદાર્થો અસ્થિર છે અને અસ્થિર જ રહેવાના છે. આવું સમજીને તેનો જલ્દી જલ્દી સદુપયોગ કરી લેવો સારો છે. પાછળ રડવાથી કે પસ્તાવો કરવાથી કંઈ ફળ પ્રાપ્ત થતું નથી જ. ॥૮૧-૮૨॥

**જા તનકો મન ગર્વ ધરત હે, છિન છિન રૂપ નિહાલ ।**
**તે તો પુદ્ગલ પિંડ પલકમેં, જલ બલ હોવે છાર ॥૮૩॥સંતો॥**

**ઈણ વિધ જ્ઞાન હૈયે મેં ધારી, ગર્વ ન કીજે મિત્ત ।**
**અથિર સ્વભાવ જાણ પુદ્ગલકો, તજો અનાદિ રીત ॥૮૪॥**
**સંતો॥**

**ગાથાર્થ :** તન (શરીર) તરફ જોઈને (શરીરને જોઈ જોઈને) છુપી છુપી રીતે શરીરનું રૂપ નિહાળીને. આ જીવ ઘણો ગર્વ કરે છે (કે મારા શરીરની શોભા કેવી દેખાય છે ?) હું કેટલો સુંદર છું ઇત્યાદિ. પરંતુ તે શરીર તો પુદ્ગલ પિંડ હોવાના કારણે એક ક્ષણમાં અગ્નિ દ્વારા જળીને (સળગીને) બળીને રખ્યા જ થાય છે. આવા પ્રકારનું સમ્યગ્જ્ઞાન હૃદયમાં ધારણ કરીને હે મિત્ર જીવ ! જરા પણ શરીરના રૂપરંગનો ગર્વ ન કરીએ. આ શરીર સ્વરૂપ પુદ્ગલનો અસ્થિર સ્વભાવ જ છે. આમ જાણીને અનાદિકાળથી વળગેલી આ મોહની નીતિ-રીતિનો હે જીવ ! તું ત્યાગ કર. ॥૮૩-૮૪॥

**ભાવાર્થ :** પોતાનું મન વારંવાર પોતાના તન (શરીર) તરફ જાય છે અને શરીરને નિરખ્યા જ કરે છે. વધારે ઝીણવટથી શરીરને જોવા માટે મોટા કાચ સામે આ જીવ ઉભો રહે છે અને કાયાને વારંવાર નિરખતો મનમાં ફુલાય છે. મનમાં ગર્વ ધારણ કરે છે કે મારી કાયા ઘણી જ રૂપાળી છે. હું બહું જ સુંદર દેખાઉં છું. આમ એકાન્તમાં છુપી છુપી રીતે દર્પણ સામે ઉભો રહીને આ જીવ પોતાના રૂપને વારંવાર નિરખ્યા જ કરે છે અને સારા દેખાવાપણાનો ગર્વ મનમાં માણ્યા જ કરે છે. પરંતુ આ શરીર એ તો પુદ્ગલ પિંડ છે. ક્યારે બગડે અને ક્યારે રૂપ વિનાશ પામે. આ કંઈ નક્કી નહિ. એક પલકમાં એટલે કે ક્ષણવારમાં સડી જાય. ઘરડું થઈ જાય અને છેલ્લે છેલ્લે અગ્નિમાં જલકર એટલે કે બળીને દગ્ધ થઈને રખ્યા સ્વરૂપ બની જાય છે. તો આવો અવશ્ય વિનાશ પામવાનો તેનો સ્વભાવ જ છે તેનું હે જીવ ! અભિમાન કેમ કરાય !

આવું સમ્યગ્જ્ઞાન હૃદયમાં ધારણ કરીને હે મિત્ર ! જરા ગર્વ (અભિમાન) ન કરશો. ગમે તેવું ભવ્ય રૂપ શરીરનું હોય તો પણ જીવ ગયા પછી તેનો અગ્નિદાહ જ કરાય છે. જલ બલ એટલે કે અગ્નિમાં બળીને હોવે ખાર અર્થાત્ છેલ્લે રખ્યા જ થાય છે. દેદીપ્યમાન રૂપ

વાળા શરીરને પણ કોઈ સંઘરતું નથી અને મોહથી કદાચ રાખી મૂકે તો પણ સડી જાય. દુર્ગંધ મારે અને કોવાઈ જાય અર્થાત્ જીવ વિનાના શરીરની કોઈ કિંમત નહિ માટે હે જીવ ! તું આ પુદ્ગલ ઉપરનો રાગ (મોહ) ત્યજી દે. આ પ્રમાણે સમ્યગ્જ્ઞાન હૈયામાં ધારણ કરીને હે મિત્ર! શરીરનું કે રૂપનું અભિમાન ક્યારેય કરવું નહીં પુદ્ગલનો સ્વભાવ જ અસ્થિર છે એમ જાણીને અનાદિ કાળની લાગેલી મોહદશાનો હે જીવ ! તું ત્યાગ કર. ॥૮૩-૮૪॥

**પરમાતમથી મોહ નિરંતર, લાવો ત્રિકરણ શુદ્ધ ।**
**પાવો ગુરુતમ જ્ઞાન સુધારસ, પૂરવ પર અવિરુદ્ધ ॥૮૫॥સંતો॥**

**જ્ઞાન ભાનુ પૂરણ ઘટ અંતર, થયા જિહાં પરકાશ ।**
**મોહ નીશાચર તાસ તેજ દેખ, નાઠ થઈ ઉદાસ ॥૮૬॥સંતો॥**

**ગાથાર્થ :** વીતરાગ પરમાત્માની સાથે ત્રણે કરણે કરીને શુદ્ધ થઈને નિરંતર પ્રેમ પ્રાપ્ત કરો કે જેનાથી પૂર્વાપર અવિરૂદ્ધ એવું સમ્યગ્ જે જ્ઞાન છે તે રૂપી અમૃતરસ તમે પ્રાપ્ત કરો તથા જ્ઞાન રૂપી સૂર્યના કિરણોથી જ્યારે આ આત્મા રૂપી ઘટમાં પ્રકાશ થશે ત્યારે મોહ રૂપી જે રાક્ષસ છે. તે તેનું (સમ્યગ્જ્ઞાનનું) તેજ દેખીને ઉદાસ થઈને ભાગી જશે. ॥૮૫-૮૬॥

**વિવેચન :** અનંત ઉપકાર કરનારા વીતરાગ પરમાત્મા મહાપુણ્યોદયે પ્રાપ્ત થયા છે. તેથી મન-વચન અને કાયા એમ ત્રિકરણે કરીને અત્યંત શુદ્ધ થઈને જરા પણ મલીનતા હોય તો તેનો ત્યાગ કરીને એવો પ્રેમ કરો. અર્થાત્ વીતરાગ પરમાત્મા ઉપર અત્યંત હાર્દિક પ્રેમ કરો કે જેનાથી પૂર્વાપર (આગળ-પાછળ સર્વથા) અવિરૂદ્ધ એવું સમ્યગ્જ્ઞાન ઝળહળી ઉઠે. આવા જ્ઞાન રૂપી અમૃત રસની પ્રાપ્તિ થાય. વીતરાગ પરમાત્માનું શાસન સમ્યગ્જ્ઞાન આપનારું છે. તે માટે તેની જ સાધના હે જીવ ! તું કર, તે જ તારો ઉપકાર કરનાર છે-તે જ તારનાર છે.

તીર્થંકર પ્રભુ પ્રત્યે પ્રેમ કરીને તેમની આજ્ઞાને અનુસરનારા ગુરુજીની પાસેથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવા જેવું છે. જેનાથી મનની વિકારાત્મક દૂષિત ભાવનાઓ નાશ પામે અને આ આત્મા કેવળ જ્ઞાનને પ્રાપ્ત કરે. પરમાત્માના શાસનના હાર્દિક સ્પર્શથી સમ્યગ્જ્ઞાન રૂપી સૂર્ય હે જીવ ! તારા હૃદય રૂપી પૂર્ણ ઘટમાં ઝળહળી ઉઠે અર્થાત્ પૂર્ણ એવા આત્મ પ્રદેશોમાં સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ ફેલાશે અને આ પ્રકાશ ફેલાવાના કારણે આ આત્મામાં અનાદિકાળથી ઘર કરીને રહેલો મોહદશા રૂપી જે રાક્ષસ છે. તે આવા સમ્યગ્જ્ઞાની આત્માનું તેજ દેખીને તુરત જ આ આત્મામાંથી ઉઠીને ઉદાસ થઈને (હવે મારે અહીં રહેવાય તેમ નથી. આવું સમજીને) નાસી જશે. તેથી હે ચેતન ! તું કંઈક સમજ. કંઈક વિચાર કર ! અનાદિકાળના વળગેલા ભૂત જેવી મોહદશાના રાક્ષસને મારનારા (હણનારા) એવા સમ્યગ્જ્ઞાનનો તું આશ્રય કર. તેનો તું સ્વીકાર કર. ॥૮૫-૮૬॥

**ભેદજ્ઞાન અંતર હૃદયધારી, પરિહર પુદ્ગલ જાલ ।**
**ખીર નીરકી ભિન્નતા જિમ, છિન મેં કરત મરાલ ॥૮૭॥સંતો॥**

**એહવા ભેદ લખી પુદ્ગલકા, મન સંતોષ ધરીજે ।**
**હાણ-લાભ. સુખ-દુઃખ અવસર મેં, હર્ષ શોક નવિ કીજે ॥૮૮॥ સંતો॥**

**ગાથાર્થ :** જીવ અને પુદ્ગલનો વાસ્તવિક ભેદ જ છે. બન્ને દ્રવ્યો ભિન્ન ભિન્ન જ છે. આવું ભેદજ્ઞાન અઁદરના હૃદયમાં ધારણ કરીને આ પુદ્ગલોની જાળનો (પુદ્ગલોની મોહદશાનો) હે જીવ ! તું પરિહાર કર. (ત્યાગકર) જેમ હંસ નામનું પ્રાણી ક્ષણ માત્રમાં દૂધ અને પાણીનો ભેદ કરે જ છે. તેમ તું પણ આત્મા અને શરીરનો ભેદ કર.

આત્માનો અને પુદ્ગલનો પણ આવો ભેદ જ છે. આમ સમજીને

હે જીવ ! શરીરાદિનો મોહ છોડીને મનને ઘણા જ સંતોષી ભાવમાં ધારણ કર. જેથી હાનિ થાય કે લાભ થાય, દુઃખ આવે કે સુખ આવે. પણ મનમાં જરા પણ હર્ષ અને શોક કરવો નહિ. દુઃખ અને સુખ તથા ચઢતી અને પડતી આ બધી પૌદ્‌ગલિક પરિસ્થિતિ છે. ॥૮૭-૮૮॥

**ભાવાર્થ :** જીવ એ ચેતન દ્રવ્ય છે અને શરીર ધન-ઘર વિગેરે પદાર્થો એ પુદ્‌ગલ દ્રવ્ય છે. પુદ્‌ગલ દ્રવ્ય અહીં જ રહે છે. જ્યારે ચેતન દ્રવ્ય શરીરને છોડીને ભવાંતરમાં જાય છે તે માટે બન્ને દ્રવ્યો અત્યંત ભિન્ન છે. એક દ્રવ્ય સાદિ-સાંત છે. જ્યારે બીજુ દ્રવ્ય અનાદિ અનંત છે. આમ ભિન્નતા બરાબર સમજીને હૃદયની અંદર આ ભિન્નતાને ધારણ કરીને પુદ્‌ગલ દ્રવ્ય એ પર દ્રવ્ય હોવાથી તેની મમતાનો હે જીવ તું પરિહાર કર. ત્યાગ કર. જેમ મરાલ (હંસ નામનું પ્રાણી) દૂધ અને પાણી ભેગાં થયેલા હોય તો પણ ક્ષણવારમાં તેનો ભેદ કરે છે. આવો આત્માનો અને શરીરાદિક પુદ્‌ગલોનો ભેદ મનમાં બરાબર લખીને (કોતરીને) મનને ખુશીમાં રાખવું જેટલું વધારે ભેદજ્ઞાન થાય. તેટલો વૈરાગ્ય વધારે મજબૂત થાય. આ વાત સારી રીતે જાણીને યથાર્થ જ્ઞાન થયાનો આનંદ માનવો.

આ સંસારમાં જે હાનિ થાય કે લાભ થાય પરંતુ તે પુદ્‌ગલદ્રવ્યની જ થાય છે. પૈસા જાય અથવા આવે પણ તે આત્માનું દ્રવ્ય નથી. આમ સમજીને દુઃખના પ્રસંગમાં કે સુખના પ્રસંગમાં શોક કે હરખ કરવો નહિ. કારણ કે, જેની વૃદ્ધિ જોઈને તને આનંદ થાય છે તે દ્રવ્ય હે જીવ ! તારૂં નથી. તથા જેની હાનિ થાય છે તે પણ પુદ્‌ગલ દ્રવ્ય હોવાથી તારું નથી માટે આ બન્નેથી તું વિરામ પામ. સમભાવમાં આવ. તેમાં જ હે જીવ ! તારૂં કલ્યાણ છે. ॥૮૭-૮૮॥

**જો ઉપજે સો તું નહિ અરુ, વિણસે સો તું નાહિ ।**
**તું તો અચલ અકલ અવિનાશિ, સમજ દેખ દિલમાંહિ ॥૮૯॥**
**સંતો॥**

**તન મન વચન પણે જે પુદ્‌ગલ, વાર અનંતી ધારયા ।**
**વમ્યા આહાર અજ્ઞાન ગહનથી, ફિરફિર લાગત પ્યારા ॥૯૦॥**
**સંતો॥**

**ગાથાર્થ :** આ સંસારમાં જે જે વસ્તુઓ ઉત્પન્ન થાય છે તે તે વસ્તુઓ હે જીવ ! તું નથી અથવા જે જે વસ્તુ વિનાશ પામે છે. તે પણ હે જીવ ! તું નથી. હે જીવ ! તું તો અચલ અકલ અવિનાશિ અને અખંડ દ્રવ્ય છો. આ વાત કંઈક સમજ અને દિલમાં ઉતાર.

મન-વચન અને કાયા રૂપે જે જે પુદ્‌ગલો છે. તે અનંતી વાર ગ્રહણ કરીને વમી દીધાં છે. તે વમેલાં પુદ્‌ગલો અજ્ઞાનતાના વશથી ફરી ફરી વારંવાર પ્યારાં લાગે છે. હે જીવ ! સંસારની માયા જ આવી છે. ॥૮૯-૯૦॥

**ભાવાર્થ :** જીવ એ ચૈતન્ય ગુણવાળો પદાર્થ છે. જ્યારે પુદ્‌ગલ દ્રવ્ય એ જડ પદાર્થ છે. એટલે શરીર-ઘર-ધન આ સર્વ અચેતન હોવાથી જીવથી ભિન્ન દ્રવ્ય છે. હે જીવ ! તારી સાથે પરભવથી આ દ્રવ્યો આવ્યાં નથી અને આ ભવથી બીજા ભવમાં જતાં સાથે આવવાનાં પણ નથી. અહીં આવ્યા પછી શરીર બનાવ્યું છે અને અંતે શરીર તથા ધન કમાણી બધું જ મૂકીને જવાનું છે. તારાથી તે પદાર્થો અત્યંત ભિન્ન વસ્તુ છે.

તથા વળી તે શરીર-ધન વિગેરે અચેતન પદાર્થો વિનાશી દ્રવ્ય છે. ક્યારેક હોય, ક્યારેક ન પણ હોય, તું તો નિત્ય અને અવિનાશી દ્રવ્ય છો. આમ હોવાથી પુદ્‌ગલ દ્રવ્યની આ માથાકુટને તું છોડ. (ત્યજી દે.)

કંઈક સમજ અને ધીરજ રાખીને કંઈક વિચાર કર. દિલમાં દેખ. તારા આત્મામાં તું જોનારો થા. પરદ્રવ્યમાં મોહાન્ધ કેમ બન્યો છે ?

શરીર-મન અને વચન રૂપે આ જીવે અનંતીવાર જે પુદ્‌ગલો ગ્રહણ કર્યાં છે અને ત્યજ્યાં છે. તે જ પુદ્‌ગલ દ્રવ્યો હે જીવ ! તને ફરી ફરી અતિશય

પ્યારાં (આટલાં બધાં વહાલાં) કેમ લાગે છે ? આ શરીરમાંથી છોડેલું એક પણ પુદ્ગલ દ્રવ્ય (ઝાડો-પેશાબ-નાકની લીટ, મોઢાનું થુક ઈત્યાદિ એક પણ પુદ્ગલ દ્રવ્ય) ફરી ગ્રહણ કરવાં ગમતાં નથી તો પછી અનંતીવાર છોડેલાં આ અતિશય ગંદાં પુદ્ગલો તને કેમ ગમે છે ? માત્ર વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ જ બદલાયા છે. બાકી પુદ્ગલો તો તેનાં તે જ છે. તારા વડે જ અનંતીવાર ભોગવાયાં છે. એટલું જ નથી. પરંતુ અનંતા જીવો વડે અનંતીવાર ગ્રહણ કરી કરીને મુકાયેલાં આ પુદ્ગલો છે. અનંતા જીવોની આ એંઠ છે. તે તને લેવાં કેમ શોભે ? તેમાં ઘણો પ્રેમ કરવો કેમ શોભે ? ॥૮૯-૯૦॥

**ધન્ય ધન્ય જગમાં તે પ્રાણી, જે નિત રહત ઉદાસ।**
**શુદ્ધ વિવેક હૈયામેં ધારી, કરે ન પરકી આસ ॥૯૧॥સંતો॥**

**ધન્ય ધન્ય જગમાં તે પ્રાણી, જેહ ઘટ સમતા આણે।**
**વાદ વિવાદ હૈયે નવિ ધારે, પરમારથ પથ જાણે ॥૯૨॥સંતો॥**

**ગાથાર્થ :** આ જગતમાં તે પ્રાણીને ધન્ય છે. વારંવાર ધન્ય છે કે જે પ્રાણી નિત્ય ઉદાસીન ભાવમાં (અલિપ્ત ભાવમાં) વર્તે છે. શુદ્ધ નિર્મળ વિવેક હૃદયમાં ધારણ કરીને પોતાનું કલ્યાણ કરવામાં કોઈપણ પર દ્રવ્યની આશા સેવતા નથી. તથા વળી તે પ્રાણીને ધન્ય છે. અર્થાત્ વારંવાર ધન્યવાદ ઘટે છે કે જે પ્રાણી પોતાના આત્મામાં સમતાભાવ લાવે છે. વાદ-વિવાદ-રઘડા-ઝઘડા-પ્રિય-અપ્રિય-પસંદ-નાપસંદ આવી મોહક વાતો હૈયામાં ધારણ કરતા નથી. માત્ર આત્માનું હિત (કલ્યાણ) શેમાં થાય તેવો પરમાર્થ માર્ગ જ દેખે છે. ॥૯૧-૯૨॥

**ભાવાર્થ :** આ સંસારમાં રહેનારા જીવો સુખના પ્રસંગો આવે ત્યારે રાજી રાજી થઈ જાય છે અને દુઃખના પ્રસંગો આવે ત્યારે શોકાતુર થઈ જાય છે. આ બધી મોહદશા છે. તે માટે આ જગતમાં તેવા આત્માઓને જ ધન્યતા ઘટે છે કે જેઓ ગમે તેવા દુઃખ કે સુખના પ્રસંગો

આવે ત્યારે ક્યારે ય હર્ષિત અને શોકાતુર બનતા નથી. પરંતુ ઉદાસીન સ્વભાવવાળા જ થઈને રહે છે તથા પોતાના હૃદયમાં શુદ્ધ વિવેક દશાને બરાબર જાગૃત રાખીને ક્યારે ય પણ પારકાની આશા રાખતા નથી.

**"પરકી આશા સદા નિરાશા, એ હૈ જગ જન પાસા."**

તથા તે મનુષ્યોને ધન્યવાદ છે કે જેઓ પોતાના આત્મ ઘટમાં સમતાભાવ લાવે છે. કોઈપણ મનુષ્ય વાંકુ-ચુકુ બોલે તો પણ તેની સાથે વાદ-વિવાદ કરવાનું ટાળીને હૈયામાં વાદ વિવાદને સ્થાન જ આપે નહિ. માત્ર સાચો પરમાર્થ પંથને જ જે જાણે છે. આત્માનું હિત-કલ્યાણ શેમાં છે. તે જ માત્ર વિચારે છે. બીજા કોઈ બાહ્ય ભાવો તરફ જે આત્મા ધ્યાન આપતા નથી. તેઓને ખરેખર ધન્ય છે. વાદ-વિવાદને ટાળીને આત્માનું હિત થાય તેવા પરમાર્થને જ માત્ર જે દેખે છે. તેઓને ધન્ય છે. ॥૯૧-૯૨॥

**ધન્ય ધન્ય જગમાં તે પ્રાણી, જેહ ગુરુ વચન વિચારે ।**
**અષ્ટ દયાના મર્મ લહીને, આતમ કાજ સુધારે ॥૯૩॥સંતો॥**

**ધન્ય ધન્ય જગમાં તે પ્રાણી, જેહ પ્રતિજ્ઞા ધારે ।**
**પ્રાણ જાય પણ ધર્મ ન મૂકે, શુદ્ધ વચન અનુસારે ॥૯૪॥સંતો॥**

**ગાથાર્થ :** આ સંસારમાં ખરેખર તે પ્રાણીને ધન્ય છે કે જે આત્મા ગુરુઓનાં વચનોને વારંવાર યાદ કરે છે. આઠ પ્રકારની જે દયા છે. તેના મર્મને બરાબર સમજીને પોતાના આત્માનું કલ્યાણ કેમ થાય ! તે વાતનું પૂરેપૂરું ધ્યાન આપીને આત્માના કાર્યને સુધારે છે.

તથા આ સંસારમાં તે પ્રાણી ધન્યવાદને પાત્ર છે કે જે વિશિષ્ટ એવા નિયમો (પ્રતિજ્ઞાઓ) ધારણ કરે છે. પોતાના પ્રાણ કદાચ ચાલ્યા જાય તો પણ જિનેશ્વર પ્રભુના શુદ્ધ વચનોને અનુસારે ધર્મ જરા પણ પડતો મુક્તા નથી. (અર્થાત્ સ્વીકારેલા ધર્મને વળગી રહે છે.) ॥૯૩-૯૪॥

**ભાવાર્થ :** આ સંસારમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી આર્યદેશ, સંસ્કારવાળું ઘર, વિશિષ્ટ કુળ, નિરોગી શરીર, પાંચે ઇન્દ્રિયો સાજી તાજી, આવું બધું સુખાકારી જીવન પ્રાપ્ત કરીને ગુરુજીએ પોતાના આત્માના કલ્યાણ માટે જે માર્ગ બતાવ્યો હોય છે તે માર્ગને બરાબર વળગી રહે છે. જરા પણ છુટ-છાટ સેવતા નથી. જૈન શાસ્ત્રોમાં જે આઠ પ્રકારની દયા કહી છે. તે દયાને (અહિંસાને) બરાબર સમજીને પોતાના જીવનમાં ઉતારીને પોતાના આત્માનું કલ્યાણ કેમ થાય ? તે રીતે પોતાના આત્માનું હિત થાય. કલ્યાણ થાય, તે રીતે પોતાનું કામકાજ સુધારે છે. આશ્રવો ઓછા અને સંવર-નિર્જરા વધારે વધારે આ રીતે પોતાના કાર્યનો બરાબર વિવેક કરે છે. તથા તે જ મનુષ્યો વધારે વધારે ધન્યવાદને પાત્ર છે કે જેઓ પોતાનાથી પાળી શકાય તેવી જ પ્રતિજ્ઞાઓ (નિયમો-બાધાઓ) ગ્રહણ કરે છે. પરંતુ તે નિયમોના પાલનમાં અત્યંત ઘણા અડગ રહે છે. પોતાના પ્રાણ ભલે ચાલ્યા જાય. પરંતુ લીધેલી પ્રતિજ્ઞા રૂપ ધર્મ ચાલ્યો જવો જોઈએ નહિ. જેમ કે હરિશ્ચંદ્ર રાજા પોતાની પત્ની મૃત્યુ પામેલા પોતાના પુત્રનો અગ્નિ સંસ્કાર કરવા માટે સ્મશાનમાં મૃત પુત્રને લઈને આવે છે. પરંતુ લાકડાનાં માલિકને અન્યાય ન થાય તે માટે વિના મૂલ્યે પોતાની પત્નીને પોતાના જ પુત્રના અગ્નિ સંસ્કાર માટે પણ લાકડાં આપતા નથી. પુત્ર પોતાનો, પત્ની પણ પોતાની, માલિક ત્યાં સ્મશાનમાં હાજર નથી. છતાં મૂલ્ય વિના લાકડાં આપતા નથી. આવી કસોટીમાં અડગ રહે છે. ત્યારે અધિષ્ટાયક દેવ પ્રસન્ન થાય છે અને તે રાજાના સત્ય ઉપર ખુશી વરસાવે છે. આ પ્રમાણે ઉત્તમ પુરૂષો (ઉત્તમ જીવો) વીતરાગ પરમાત્માના શુદ્ધ વચનોને અનુસરીને જ ચાલે છે. જરા પણ મચક મુકતા નથી. ભલે પોતાના પ્રાણ ચાલ્યા જાય. તો પણ સ્વીકાર કરેલો ધર્મ જીવનમાંથી ચાલ્યો જવો જોઈએ નહિ. કેવી ઉંચી ઉંચી ઉમદા ભાવના ? કેટલી પ્રબળ શ્રદ્ધા ?

॥૯૩-૯૪॥

**ઈમ વિવેક હૃદયમેં ધારી, સ્વ-પર ભાવ વિચારો ।**
**કાયા જીવ જ્ઞાન દગ દેખત, અહિ ને કંચુકી જેમ ન્યારો ॥૯૫॥ સંતો॥**

**ગર્ભાદિક દુઃખ વાર અનંતી, પુદ્ગલ સંગે પાયે ।**
**પુદ્ગલ સંગ નિવાર પલકમેં, અજરામર કહવાયે ॥૯૬॥સંતો॥**

**ગાથાર્થ :** આ પ્રમાણે તત્ત્વનો વિચાર કરીને સ્વભાવ શું ? અને પરભાવ શું ? આ વિષય હૃદયમાં બરાબર ધારણ કરો. જો ખરેખર જ્ઞાનદષ્ટિએ જોઈશું તો કાયાનો અને જીવનો સંબંધ સર્પ અને કાંચળીના જેવો છે. અત્યંત ભિન્ન છે. ॥૯૫॥

હે જીવ ! આ પુદ્ગલ દ્રવ્યની સોબત કરવાથી ગર્ભાદિક (જન્મ-જરા અને મરણ વિગેરે)નાં અનંતીવાર તું દુઃખો પામ્યો છે. જો તું આ પુદ્ગલ દ્રવ્યનો સંગ ત્યજી દઈશ તો ક્ષણવાર માત્રમાં જ "અજરામર" (જ્યાં જરા પણ નથી અને મરણ પણ નથી એવું) કલ્યાણ તું પ્રાપ્ત કરીશ.॥૯૬॥

**ભાવાર્થ :** ઉપરની ગાથાઓમાં જે પ્રમાણે સમજાવવામાં આવ્યું છે તે પ્રમાણે વિચાર કરતાં સ્વભાવ શું ? મારું પોતાનું એટલે કે મારા પોતાના આત્માનું સ્વરૂપ શું ? અને પરભાવ શું ? અર્થાત્ પર દ્રવ્યનું સ્વરૂપ શું. આ બાબતનો ઘણા જ ઉંડાણ પૂર્વક હૃદયમાં વિચાર કરવામાં આવે તો ઉંચી એવી જ્ઞાનદષ્ટિથી જરૂર સાચું તત્ત્વ સમજાશે કે, "કાયાનો (એટલે કે શરીરનો)" અને જીવનો પરસ્પર સંબંધ સર્પ અને તેની કાંચળીના જેવો જ છે. જેમ સર્પ સમય આવે ત્યારે પોતાના શરીરની કાંચળી છોડી દે છે. માત્ર તે બન્નેનો સંયોગ સંબંધ છે. પરંતુ તાદાત્મ્ય સંબંધ નથી. તેથી જ સર્પ તેને છોડી શકે છે. તેમ આ જીવ અને શરીરનો સંબંધ પણ સંયોગ સંબંધ માત્ર છે. પણ તાદત્મ્ય સંબંધ કે સ્વરૂપ સંબંધ નથી માટે મારે કાયાના રંગમાં રંગાળું જોઈએ નહિ. કાયા અહીં જ રહેવાની છે

અને જીવને ભવાંતરમાં જવાનું છે.

તથા વળી પુદ્ગલ દ્રવ્ય તે આત્માનું સ્વરૂપ ન હોવાથી તેનો સંબંધ વધારે પડતો કરવાથી રાગાદિ ભાવો થવા વડે તથા આસક્તિ ભાવ અને કષાયોની માત્રા વધવા વડે આ જીવ ગર્ભાદિક (ગર્ભાવસ્થા જન્માવસ્થા જરાવસ્થા મૃત્યુ અવસ્થા રોગ અને શોકવાળી અવસ્થા એમ) અનંત અનંત દુઃખો પ્રાપ્ત કરનાર બને છે ક્યારે ય શાન્તિ પ્રાપ્ત થતી નથી.

તથા જો આ પુદ્ગલ દ્રવ્યનો સંબંધ ત્યજી દેવામાં આવે. તેના પ્રત્યેનો મોહ-મમતા તથા વિકારી ભાવ જો ત્યજી દેવામાં આવે તો આ જીવ એક ક્ષણવારમાં (અર્થાત્ એક પલકમાં) જ્યાં ઘડપણ નથી તથા જ્યાં મરણ નથી. (ઉપલક્ષણથી જ્યાં જન્મ નથી, જ્યાં રોગ નથી તથા જ્યાં શોક નથી) એવું અજરામર (અર્થાત્ મુક્તિપદ) આ જીવ પ્રાપ્ત કરે છે. જો પર દ્રવ્ય એવા પુદ્ગલ દ્રવ્યનો મોહ ત્યજવામાં આવે તો એક ક્ષણવાર માત્રમાં આ જીવ મુક્તિ પદને પ્રાપ્ત કરે છે. ॥૯૫-૯૬॥

**રાગ ભાવ ધરત પુદ્ગલથી, જે અવિવેકી જીવ ।**
**પાય વિવેક રાગ ત્યજી ચેતન, બંધન વિગત સદૈવ ॥૯૭॥સંતો॥**

**કર્મબંધના હેતુ જીવકું, રાગ-દ્વેષ જિન ભાખે ।**
**તજી રાગ અરુ રોષ હૈયેથી, અનુભવ રસ કોઉ ચાખે ॥૯૮॥**
**સંતો॥**

**ગાથાર્થ :** જે જીવ અવિવેકી છે. તે જ પુદ્ગલ દ્રવ્યની સાથે રાગભાવને ધારણ કરે છે. હે ચેતન ! જો તને વિવેકબુદ્ધિ થાય અને રાગભાવ ત્યજવામાં આવે તો સદાકાળને માટે કર્મનાં બંધનો ચાલ્યાં જાય. આ "રાગ અને દ્વેષ" એ બે જ કર્મબંધનાં મુખ્ય કારણો છે. એમ

શ્રી જિનેશ્વર ભગવંતો કહે છે તે માટે હૈયેથી રાગ અને દ્વેષભાવનો ત્યાગ કરીને આત્માના ક્ષાયિક ભાવના ગુણોનો અનુભવ કરવાના રસને ચાખનારા કોઈક જ મહાત્મા થાય છે. ॥૯૭-૯૮॥

**ભાવાર્થ :** આત્મા ચેતન છે. શરીર અચેતન છે. આત્મા જ્ઞાનાદિ ગુણો વાળો છે. જ્યારે શરીર વર્ણાદિ ગુણો વાળું છે. જીવ સદાકાળ અસંખ્ય પ્રદેશી જ છે. જ્યારે શરીર તો અનંત પ્રદેશોવાળું સ્કંધાત્મક છે. આમ શરીર આ આત્માથી ભિન્ન દ્રવ્ય છે. આ ભવમાં આવ્યા પછી બનાવ્યું છે અને ભવ સમાપ્ત થતાં જ મૂકીને જવાનું છે. તો પણ આ જીવ પોતાનાથી ભિન્ન એવા પણ શરીર ઉપર અતિશય રાગભાવને ધારણ કરે છે. તેના કારણે જ સંસારમાં વસે છે. જો આ જીવને વિવેક બુદ્ધિ થાય. સાચી સમજ આવે અને શરીર ઉપરનો રાગભાવ ત્યજવામાં આવે તો સદાકાળ માટે આ જીવ આ કર્મના બંધનોથી મુકાયેલો થાય. એટલે કે, જન્મ-જરા-ઘડપણ રોગ અને શોક વિનાનો થાય. શુદ્ધ-બુદ્ધ થયો છતો સદાકાળ ધ્રુવસ્થાને રહેનારો નિરાવરણ દશાવાળો આત્માના **ક્ષાયિક ભાવના ગુણોના** સુખ વડે સુખી થાય કે જે સુખ ક્યારે ય જાય. પણ નહિ અને હાનિ પણ પામે નહીં. ॥૯૭-૯૮॥

**પુદ્ગલ સંગ વિના ચેતન મેં, કર્મ કલંક ન કોય ।**
**જિમ વાયુ સંયોગ વિના જલ માંહી તરંગ ન હોય ॥૯૯॥**
**સંતો॥**

**જીવ અજીવ તત્ત્વ ત્રિભુવન મેં, યુગલ જિનેશ્વર ભાખે ।**
**અપર તત્ત્વ જે સપ્ત રહે તે, સાંયોગિક જિન દાખે ॥૧૦૦॥**
**સંતો॥**

**ગાથાર્થ :** જેમ પવન વિના પાણીમાં તરંગો (મોજાં)ન આવે તેમ પુદ્ગલ દ્રવ્યોની સોબત વિના આ જીવમાં કર્મો બાંધવાનું કલંક હોય જ નહિ, આ ત્રણે જગતમાં જીવ અને અજીવ આ બે જ તત્ત્વો છે. બાકીનાં

પુણ્ય-પાપ વિગેરે જે તત્ત્વો છે. તે તો સાંયોગિક તત્ત્વો છે એમ જિનેશ્વર ભગવંતો કહે છે. ॥૯૯-૧૦૦॥

**ભાવાર્થ :** આ જીવ અનાદિ કાળથી પોતાનાથી ભિન્ન સ્વભાવવાળા અને આત્માને મોહાન્ધ કરે તેવા વિજાતીય એવા પુદ્ગલ દ્રવ્યથી જોડાયેલો છે. તેના ઉપર અત્યંત રાગી થયેલો છે. તેના જ કારણે કર્મોની સાથે બંધાવા રૂપ કલંકથી કલંકિત થયેલો છે. મેલો થયેલો છે. જેમ શરીરને ધૂળ ચોટે તેનાથી શરીર ગંદુ થાય તેમ આ જીવને કર્મો રૂપી પુદ્ગલો ચોંટેલાં છે. તેના કારણે આ જીવ મેલો-ગંદો થયેલો છે. જેમ પાણી સદા સ્થિર સ્વભાવવાળું જ છે. પરંતુ જો જોરદાર પવન ફુંકાય તો પવનના કારણે પાણીમાં તરંગો થાય. પરંતુ જો પવન ન ફુંકાય તો પાણીમાં તરંગો ન થાય. તેમ જો આ જીવને પુદ્ગલ દ્રવ્યની સોબત ન હોત તો કર્મ કલંક ક્યારેય લાગત નહિ. પુદ્ગલની સોબતના કારણે જ કર્મ લાગે છે.

આ ત્રણે ભુવનમાં ચેતનવાળો જે પદાર્થ છે. તે જીવ છે અને ચેતના વિનાનો જે પદાર્થ છે. તે અજીવ છે. આમ મૂલભૂત બે જ પદાર્થો છે. આ પ્રમાણે જિનેશ્વર ભગવંતો કહે છે. બાકીનાં પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-નિર્જરા અને મોક્ષ આ જે સાત તત્ત્વો છે. તે તો જીવ અને પુદ્ગલના સંયોગ માત્રથી જ બને છે. જીવ અને પુદ્ગલ આ બે યથાર્થ પદાર્થો છે. જ્યારે બાકીનાં તત્ત્વો એ જીવના બાધક અને સાધક પરિણામ સ્વરૂપ માત્ર છે અને તે પણ પર દ્રવ્યના સંયોગ તથા વિયોગથી પ્રગટ થયેલા છે. વાસ્તવિકપણે તે સાત તત્ત્વ એ કોઈ પદાર્થરૂપ નથી જ. જીવના જ શુભાશુભ પરિણામ સ્વરૂપ છે. આ વિષયને નવત્ત્વના સૂક્ષ્મ અભ્યાસથી બરાબર સમજો. ॥૯૯-૧૦૦॥

**ગુણ પર્યાય દ્રવ્ય દોઉકે, જુએ જુએ દરસાયે ।**
**એ સમજણ જિણકે હૈયે ઉતરી, તે તો નિજઘર આયે ॥૧૦૧॥**
**સંતો॥**

**ભેદ પંચ શત અધિક ત્રેસઠ, જીવતણા જે કહીએ ।**
**તે પુદ્ગલ સંયોગ થકી સહુ, વ્યવહારે સદહીએ ॥૧૦૨॥**
**સંતો॥**

**ગાથાર્થ :** જીવ અને પુદ્ગલ આ બન્ને દ્રવ્યોના ગુણો અને પર્યાયો શાસ્ત્રોમાં જુદા જુદા બતાયેલા છે. (દેખાયેલા છે.) આવી સાચી સમજણ જે આત્માના હૃદયમાં ઉતરે છે તે આત્મા તો સાચું તત્ત્વ સમજવાના કારણે વિભાવદશા ત્યજીને સ્વભાવ દશામાં અવશ્ય આવે જ છે. જીવવિચાર વિગેરે ગ્રંથોમાં જીવોના જે (૫૬૩) પાંચસો અને ત્રેસઠ ભેદ કહ્યા છે. તે બધા જ ભેદો શરીર રૂપ પુદ્ગલ દ્રવ્યના સંયોગે જ થયા છે. તે માટે વ્યવહાર માત્રથી જ આ ભેદો છે તત્ત્વથી સર્વે પણ જીવો સરખા (અનંત ગુણ-પર્યાયવાળા) જ છે. ॥૧૦૧-૧૦૨॥

**ભાવાર્થ :** જૈન શાસ્ત્રોમાં ઠેકાણે ઠેકાણે આ વિષયોનું વર્ણન આવે છે કે જીવ એક ચૈતન્ય ગુણવાળુ જુદુ દ્રવ્ય છે તથા ચેતના વિનાનું અને વર્ણાદિ ગુણોવાળું પુદ્ગલ દ્રવ્ય એ જીવદ્રવ્યથી ભિન્ન દ્રવ્ય છે. શાસ્ત્રોમાં આ બન્ને દ્રવ્યોને ભિન્ન ભિન્ન દેખાડેલાં છે તથા બન્ને દ્રવ્યોના ગુણો પણ ભિન્ન ભિન્ન છે. જીવના ગુણો જ્ઞાન-દર્શન ચારિત્રાદિ છે. જ્યારે પુદ્ગલદ્રવ્યના ગુણો વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ છે. જીવના પર્યાયો જ્ઞાનાદિ ગુણોની હાનિ-વૃદ્ધ રૂપ છે. કેવળજ્ઞાનમાં પણ જ્ઞેય પ્રમાણે જ્ઞાનનું પરિવર્તન થવું તે પર્યાય છે. જ્યારે પુદ્ગલ દ્રવ્યમાં પુરાવું (જોડાવું) અને વિખેરાવું એ પર્યાય છે. આમ આ બન્ને દ્રવ્યો ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા છે. માત્ર સાંયોગિક ભાવે સાથે જોડાયેલાં છે. તેને પોતાનું દ્રવ્ય કેમ મનાય ? આવી સાચી સમજણ જેના હૈયામાં (હૃદયમાં) ઉતરે છે તે જ જીવ પર દ્રવ્યનો મોહ ત્યજીને પોતાના આત્મ ઘરમાં પ્રવેશ પામે છે.

જીવવિચાર આદિ ગ્રંથોમાં જીવના જે પાંચસોંહ ત્રેસઠ ભેદો જણાવ્યા છે. (નારકીના ૧૪, તિર્યંચના ૪૮, મનુષ્યના ૩૦૩ અને

દેવોના ૧૯૮) આ સર્વ ભેદો આ જીવને શરીરાત્મક પુદ્ગલનો જે સંયોગ થયેલો છે. તેના કારણે જ છે. જો શરીરનો સંબંધ ન હોય તો મુક્તદશામાં આવા કોઈ ભેદ નથી. બધા જ જીવો પોતાના ગુણ-પર્યાયથી અનંત ગુણોવાળા અને અનંત પર્યાયવાળા છે. એટલે આ બધું ઔપાધિક અર્થાત્ ઔપચારિક સ્વરૂપ છે. પરમાર્થે જીવ અને અજીવ આ બન્ને ભિન્ન ભિન્ન પદાર્થો છે. માટે જીવે અજીવની મમતા ત્યજવી જ જોઈએ. ॥૧૦૧-૧૦૨॥

**નિશ્ચયનય ચિદ્રૂપ દ્રવ્ય મેં, ભેદભાવ નહિ કોય ।**
**બંધ અબંધકતા નય પખથી, ઈણ વિધ જાણો દોય ॥૧૦૩॥**
**સંતો॥**

**ભેદ પંચશત ત્રીશ અધિક, રૂપી પુદ્ગલકે જાણો ।**
**ત્રીશ અરૂપી દ્રવ્યતણે જિન-આગમથી મન આણો ॥૧૦૪॥**
**સંતો॥**

**ગાથાર્થ :** નિશ્ચયનયથી આ આત્મા ચિદ્રૂપ અર્થાત્ જ્ઞાનઘન છે. જ્ઞાનનો એક પ્રકારનો પિંડ હોય તેવું પિંડાત્મક દ્રવ્ય છે. સર્વે પણ આત્માઓ એક સરખા સમાનપણે અનંત અનંત જ્ઞાન ગુણમય છે. તેઓમાં વાસ્તવિકપણે કોઈ ભેદભાવ નથી. નિશ્ચયનયથી બધા જ આત્માઓ સમાન સ્વરૂપ વાળા છે. વ્યવહાર નયના પક્ષથી બંધકતા અને નિશ્ચયનયના પક્ષથી અબંધકતા આ પ્રમાણે નયભેદે બન્ને સ્વરૂપ આ આત્મામાં છે. તથા પુદ્ગલાસ્તિકાય દ્રવ્યના પાંચસોહ અને ત્રીસ ભેદ છે. તથા અન્ય અરૂપી દ્રવ્યોના ત્રીસ ભેદ છે. આ સઘળી હકીકત શ્રી જિનેશ્વર પ્રભુના આગમથી વિસ્તારપણે જાણો. ॥૧૦૩-૧૦૪॥

**ભાવાર્થ :** ગાથા નંબર ૧૦૨માં જીવના (૫૬૩) પાંચસોહ અને ત્રેસઠ ભેદો જે કહ્યા તે વ્યવહાર નયથી જાણો. પરંતુ નિશ્ચયનયથી સર્વે

પણ આત્મા જ્ઞાનના ઘન રૂપ છે. આત્મ દ્રવ્યમાં નિશ્ચયનયની અપેક્ષાએ કોઈ ભેદ ભાવ નથી. સર્વે પણ આત્માઓ કેવળજ્ઞાનાદિ અનંત અનંત ગુણોવાળા અને પરસ્પર સમાન સમૃદ્ધિવાળા છે. નથી કોઈ અધિક કે નથી કોઈ હીન. સર્વે પણ જીવો સમાન છે. પોત પોતાના અનંત ગુણોના માલિક છે. આ તમામ ગુણો અનાદિકાલથી જીવમાં છે જ, ફક્ત સંસારી અવસ્થામાં કર્મોથી આવૃત છે અને સિદ્ધ અવસ્થામાં કર્મોથી અનાવૃત્ત છે. આટલો જ તફાવત છે. બીજો કોઈ તફાવત નથી. વ્યવહાર નયથી આ જીવ શરીરવાળો હોવાથી મન-વચન અને કાયાના યોગવાળો છે. એટલે કર્મોના આશ્રયવાળો છે. પરંતુ નિશ્ચયનયથી તો સર્વે પણ જીવો સરખા જ છે. કોઈ જીવ કર્મ બાંધાતો જ નથી. તેમાં રહેલી જે અપવિત્રતા છે. તે કર્મ બંધાવે છે. આ વ્યવહાર નયથી આ જીવ કર્મનો બંધક અને નિશ્ચયનયથી આ જીવ કર્મનો અબંધક છે આમ સમજવું. તથા વ્યવહારનયથી જીવના પાંચસોહ અને ત્રેસઠ ભેદો છે. પરંતુ નિશ્ચય નયથી સર્વ જીવો સમાન હોવાથી કોઈ પણ જાતનો ભેદ નથી.

એવી જ રીતે અજીવ તત્ત્વના પાંચ ભેદ છે. (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) કાળ અને (૫) પાંચમું પુદ્ગલાસ્તિકાય. આ પાંચે દ્રવ્યોના અનુક્રમે ૮ + ૮ + ૮ + ૬ + ૫૩૦ = કુલ ૫૬૦ ભેદો છે. ત્યાં ધર્માસ્તિકાયના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ તથા સ્કંધ-દેશ અને પ્રદેશ એમ કુલ આઠ ભેદ છે. દ્રવ્યથી સંખ્યામાં એક જ છે. ક્ષેત્રથી આ ધર્માસ્તિકાય દ્રવ્ય ચૌદ રાજલોક વ્યાપી છે તથા કાળથી અનાદિ-અનંત છે અને ભાવથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શ રહિત છે. તથા ગતિમાં સહાયકતા ધર્મવાળો આ પદાર્થ છે. સ્કંધથી પિંડાત્મક છે. દેશથી અનેક ખંડવાળો આ પદાર્થ છે તથા પ્રદેશથી અસંખ્યાતા પ્રદેશોવાળો આ પદાર્થ છે. આ જ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય દ્રવ્યો પણ જાણવાં. પરંતુ અધર્માસ્તિકાય સ્થિતિ સહાયક અને આકાશાસ્તિકાય અવકાશ સહાયક છે. તથા આકાશ અનંત

પ્રદેશાત્મક છે અને લોકાલોક વ્યાપ્ત છે. આટલું વિશેષ જાણવું.

તથા કાળ નામનું દ્રવ્ય ઔપચારિક છે. દ્રવ્યથી એક છે. ક્ષેત્રથી વ્યવહારકાળ અઢિદ્વીપવ્યાપી અને નિશ્ચયકાળ લોકાલોકવ્યાપી, કાળથી અનાદિ-અનંત, ભાવથી વર્ણાદિથી રહિત અને સ્કંધ-દેશ-પ્રદેશ અને પરમાણુને બદલે જ્યારે જુઓ ત્યારે વર્તમાનાત્મક અને એક સમયાત્મક જ હોય છે.

પુદ્ગલાસ્તિકાયના ૫૩૦ ભેદ વર્ણાદિને આશ્રયી હોય છે. ત્યાં વર્ણને આશ્રયી ૧૦૦, રસને આશ્રયી ૧૦૦, સંસ્થાનને આશ્રયી ૧૦૦, ગંધને આશ્રયી ૪૬ તથા સ્પર્શને આશ્રયી ૧૮૪ એમ કુલ ૫૩૦ ભેદ થાય છે. આ રીતે પુદ્ગલ દ્રવ્યના (૫૩૦) અને અરૂપી ચાર અજીવ દ્રવ્યોના (૩૦) મળીને કુલ અજીવના ૫૬૦ ભેદો છે. આવા પ્રકારના ભેદ-પ્રભેદ સમજાવનારા એવા જિન આગમને વિષે મન અતિશય દૃઢ કરો. તે જ તારણહાર છે. તથા તે જ ઉત્તમોત્તમ તત્ત્વ છે તથા આ વીતરાગ વાણી છે. ।।૧૦૩-૧૦૪।।

**પુદ્ગલ ભેદ ભાવ ઈમ જાણી, પર પખ રાગ નિવારો ।**
**શુદ્ધ રમણતા રૂપ બોધ, અંતર્ગત સદા વિચારો ।।૧૦૫।।**
**સંતો।।**

**રૂપ રૂપ રૂપાંતર જાણી, આણી અતુલ વિવેક ।**
**તદ્ગત લેશ લીનતા ધારે, સો જ્ઞાતા અતિરેક ।।૧૦૬।સંતો।।**

**ગાથાર્થ :** પુદ્ગલ દ્રવ્યના ભેદોનો ભાવ આ પ્રમાણે જાણીને પરપક્ષનો (પુદ્ગલ નામના પરદ્રવ્ય પ્રત્યેનો) ગાઢ જે રાગ છે. તેને નિવારો (અર્થાત્ દૂર કરો), અને આત્મભાવમાં જ રમણતા કરવા સ્વરૂપ અંતર્ગત એવો બોધ (હૃદયની અંદરની જાગૃતિ) ને જ હંમેશાં વિચારો (તે જ આ આત્માનું કલ્યાણ કરનાર છે.)।।૧૦૫।।

રૂપે રૂપે જાદુ સ્વરૂપ છે. એમ જાણીને જે આત્મા ઘણો જ વિવેકી બને છે. અને તે પુદ્ગલ સંબંધી લયલીનતા ઓછી ઓછી કરે છે. તે જ સાચો જ્ઞાની અને વિવેકવાળો જાણવો. ॥૧૦૬॥

**ભાવાર્થ :** ઉપરની ગાથા ૧૦૪માં પુદ્ગલ નામના દ્રવ્યના વર્ણ-ગંધ-રસ અને સ્પર્શને અનુસરીને જે જે ભેદો થાય છે. તે ૫૩૦ ભેદો ત્યાં સમજાવ્યા છે તે સર્વ પુદ્ગલ દ્રવ્યના ભેદ છે. પરંતુ તેમાં ક્યાંય આત્માનું સ્વરૂપ નથી તથા તેમાં આત્માનું હિત પણ નથી. બલ્કે અનુકૂળ વર્ણાદિ વાળુ પુદ્ગલ દ્રવ્ય હોય તો રાગ કરાવવા દ્વારા અને પ્રતિકુલ વર્ણાદિવાળું જો પુદ્ગલ દ્રવ્ય હોય તો તેના ઉપર અંતર્ગત દ્વેષ કરાવવા દ્વારા આ આત્માનું અહિત જ (અકલ્યાણ જ) કરનાર છે. આ વાતને બરાબર સમજીને પર દ્રવ્યનો પક્ષ (પુદ્ગલ નામના પરદ્રવ્યનો રાગ) હે જીવ ! તું હૃદયમાંથી નિવારી નાખ. દૂર કર. કલ્યાણકારી નથી. આ આત્માનું તે અહિત જ કરનાર છે. તેને ત્યજીને તારા પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપમાં રમણતા કરવા સ્વરૂપ નિર્મળ બોધ (સ્વચ્છ જ્ઞાનદશા) ને જ પ્રાપ્ત કર અને હંમેશાં આવા નિર્મળ વિચારોને જ કર. જેથી નવાં કર્મો આવે નહિ અને જુનો કર્મો બળીને ભસ્મ થઈ જાય. ॥૧૦૫॥

વસ્તુઓના સ્વરૂપે સ્વરૂપે ભિન્ન ભિન્ન અંતર હોય છે. ઘણી સારી જે વસ્તુ હોય તેને ધારી ધારીને મનની પસંદગી થવાથી જ લીધી હોય તો પણ જ્યારે તેનાથી અધિક કિંમતી વસ્તુ જોવામાં આવે છે. ત્યારે આ જ જીવને જુની વસ્તુ ઉપરનો રાગ ઘટી જાય છે અને નવી વસ્તુનો રાગ જાગે છે. આમ આ સર્વ પર્યાયો પરિવર્તનશીલ જ છે. આવું જાણીને તદ્ગત એટલે કે તે પુદ્ગલ દ્રવ્ય સંબંધી લીનતાને આ જીવ ઓછી કરે એટલે કે તે પુદ્ગલ દ્રવ્ય ઉપરની જે આસક્તિ છે. તેને ઘટાડે તેથી ઘટાડતો ઘટાડતો આ જીવ તે આસક્તિને નહીંવત્ કરી નાખે, તે જ સાચો અધિકજ્ઞાની જીવ સમજવો. વિચાર કરીએ તો પુદ્ગલ દ્રવ્ય એ

આ જીવનું સ્વરૂપ છે જ નહિ અને થવાનું પણ નથી જ. માટે કામ પુરતો જ પુદ્ગલ દ્રવ્યનો ઉપયોગ (સંબંધ) આ જીવ રાખે. બાકી શેષ તમામ પુદ્ગલ દ્રવ્યનો ત્યાગ કરે. લવલેશ જે પુદ્ગલ દ્રવ્ય આ જીવ રાખે તે પણ જીવન જીવવામાં અસાધારણ કારણ છે તે માટે રાખે.પરંતુ સોનાના દાગીનાની જેમ મમતાથી ન રાખે.

અર્થાત્ આ આત્મા તમામ પૌદ્ગલિક ભાવોથી અલિપ્ત બને. શરીર ટકાવવા પૂરતું ભોજન, શરીર ઢાંકવા પૂરતું વસ્ત્ર, રાતવાસો રહેવા પૂરતું જ મકાન (ઉતારો) ઈત્યાદિ ભાવે વર્તતાં સર્વત્ર અભિલાષા વિનાનો બને. જેથી વહેલી વહેલી મુક્તિ દશા પામે. ॥૧૦૬॥

**ધાર લીનતા લવ લવ લાઈ, ચપલ ભાવ વિસરાઈ ।**
**આવાગમન નહિ જિણ થાનક, રહીયે તિહાં સમાઈ ॥૧૦૭॥**

**બાલખ્યાલ રચિયો એ અનુપમ, અલ્પમતિ અનુસાર ।**
**બાલ જીવકું અતિ ઉપગારી, ચિદાનંદ સુખકાર ॥૧૦૮॥**

**ગાથાર્થ :** લવ લવ (થોડી થોડી) લીનતા (સ્થિરતા અથવા એકાગ્રતા) લાવીને તે લીનતાને (સ્થિરતાને) ધારણ કર અને ચપલતા ભાવ (ચંચલતા-અસ્થિરતાને) વિસરી જા. વારંવાર જ્યાંથી આવવા જવાનું થાય નહિ. એવા જિનેશ્વર પ્રભુના સ્થાનમાં સમાઈ જવાનું પ્રાપ્ત કર. જ્યાં જિનેશ્વર પ્રભુ ગયા છે ત્યાં સિદ્ધશીલામાં સદાને માટે તારો વસવાટ થાય તેમ હે જીવ ! તું કર.

બાળ જીવોને પુદ્ગલ દશાનો મોહ ઉતારવા અને વાસ્તવિક આત્મતત્વનો ખ્યાલ આવે તેટલા માટે જ અનુપમ એવું આ કાવ્ય મારી પોતાની અલ્પ બુદ્ધિને અનુસારે મેં રચ્યું છે. બાળ જીવોને (એટલે ઉંમરથી બાળ નહિ. પરંતુ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની બાબતમાં

જે અજ્ઞાની છે. તેવા બાળ જીવોના) ઉપકાર માટે અત્યંત ઉપકારી એવું, તથા જ્ઞાનના આનંદરૂપ એવું, તથા સુખને કરનારૂં એવું આ કાવ્ય મેં બતાવ્યું છે. (મેં એટલે चिदानन्द શબ્દમાંથી ચિદાનંદવિજયજીએ આ કાવ્ય બનાવ્યું છે.) ॥૧૦૭-૧૦૮॥

**ભાવાર્થ :** આ કાવ્યની આ બન્ને છેલ્લી ગાથાઓ છે. હવે આ કાવ્ય સમાપ્ત થાય છે. છેલ્લે છેલ્લે આ કાવ્ય બનાવનારા પરમ પૂજ્ય ચિદાનંદવિજયજી મહારાજશ્રી કહે છે કે હે જીવ ! મોહના નશાના કારણે રાગ અને દ્વેષ તથા તેના સહાયક એવા ચાર કષાયોના સહારાને લીધે તું ઘણો રખડ્યો. તું ઘણું ભટક્યો છે. હવે થોડી થોડી સ્થિરતા લાવીને મનને તથા તનને અત્યંત સ્થિર કર. ચંચળતા દૂર કર. જે તે કામોમાં મન નાખીને આત્માનું બગાડ નહિ. ચિત્તની અસ્થિરતા અર્થાત્ ચંચળતા વિસરી જા. (ભૂલી જા.) અને આત્મકલ્યાણ સાધવા માટે તત્પર થઈ જાય.

જ્યાં અનંત અનંત જિનેશ્વર ભગવંતો એટલે કે સર્વજ્ઞ ભગવંતો-વીતરાગ ભગવંતો રહ્યા છે. એવા ૪૫ લાખ પ્રમાણ સિદ્ધશીલાના તળીયા ઉપર જઈને તે સર્વની સાથે સમાઈને ત્યાં રહીએ કે જ્યાંથી ફરી આ સંસારમાં દુઃખ-સુખના અનંત ચક્કરમાં પડવાનું બનતું નથી. અત્યંત સ્થિરતા (એક આકાશ પ્રદેશ પણ હાલવા-ચાલવાનું કે ખસવાનું નથી. તેવા સ્થાનમાં જઈને અત્યંત સ્થિરતા) ધારણ કરીને જ્યાંથી ફરીથી સંસારમાં આવવું જ ન પડે. તેવી મુક્તિદશામાં સદાને માટે હે જીવ ! તું વસવાટ કરનારો બન. (જ્યાં જન્મ નથી, ઘડપણ નથી. મૃત્યું નથી રોગ નથી તથા શોક નથી.) આવા નિર્ભય સ્થાનમાં સદાને માટે વસવાટ કરનારો થા. ॥૧૦૭॥

આ અધ્યાત્મ ગીતા નામનું નાનકડું શાસ્ત્ર બાળજીવોને સાચા તત્ત્વનો ખ્યાલ આવે અને જીવ દ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્ય એ બન્ને ભિન્ન

દ્રવ્ય છે. એમ સમજાવવા માટે, તથા પુદ્ગલ દ્રવ્યને વિષે અનાદિકાળથી તીવ્ર મોહસંજ્ઞા લાગુ પડેલી છે. તેથી જ તેની પ્રાપ્તિ અને સરંક્ષણ માટે આ જીવ અનેક પ્રકારનાં પાપો કરે છે. તે માટે મોહદશાના નશાને ચૂરી નાખના માટે તથા સાચું આત્મતત્વ શું છે ? તેનું સ્વરૂપ શું છે ? તેનો ખ્યાલ આવે તથા તે મેળવવાની લગની (ધગશ) લાગે. તે માટે અમે આ કાવ્ય બનાવ્યું છે. એમ પૂજ્યપાદ શ્રી ચિંતાનંદજી મહારાજશ્રી આપણને કહે છે.

ગ્રંથકારશ્રી પોતાની લઘુતા જણાવતાં કહે છે કે, अल्पमति अनुसार = મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે મેં આ કાવ્ય બનાવ્યું છે. સારી બુદ્ધિ હોય તો જ આવું કાવ્ય બની શકે છતાં પોતાની લઘુતા દર્શાવવા ગ્રંથકારશ્રી પોતાને अल्पमति કહીને જે સાર જણાવે છે તે અતિશય નમ્રતા સૂચક વાક્ય છે.

આ ગીતા બાળ જીવોને (અજ્ઞાની જીવોને/મોહાન્ધ જીવોને) ઘણી જ ઉપકારી છે. તેવા જીવોનું લક્ષ્ય રાખીને આ સુંદર કાવ્ય પૂજ્ય શ્રી ચિદાનંદજી મહારાજશ્રીએ બનાવ્યું છે. ||૧૦૭-૧૦૮||

**આ પ્રમાણે પૂજ્યપાદશ્રી ચિદાનંદજી મહારાજ સાહેબ કૃત પુદ્ગલ ગીતાના અર્થ તથા વિવેચન સમાપ્ત થયું.**

**વિક્રમ સંવત ૨૦૭૨ ● ઈ.સ. ૨૦૧૫**



આ પુદ્ગલ ગીતા નામનો નાનકડો ગ્રંથ પરમ પૂજ્ય શ્રી ચિદાનંદજી મહારાજશ્રીએ બનાવ્યો છે. જે લગભગ પૂજ્ય શ્રી ઉપાધ્યાયજી મહારાજશ્રીના સમકાલીન અથવા નિકટવર્તિ કાળમાં હતા. પુદ્ગલ ઉપરનો આ જીવને રાગ અનાદિકાળથી છે જ, તેની સાથે એકાકારપણું અતિશય છે. તે ત્યજવાના આશયથી જ મહાત્મા પુરૂષો આવા કાવ્યો બનાવે છે. જ્ઞાનગંગામાં સ્નાન કરનારા મહાત્માઓની આ જ અપૂર્વ ભાવના છે કે સંસાર રસિક જીવોને તેના મોહમાંથી બચાવવા, તે માટે જ આવી અનુપમ કૃતિઓ તેઓ રચે છે. ધન્ય છે, તેઓના આવા પરોપકાર કરવાના ગુણને અને તે ગુણથી અલંકૃત મહાત્માઓને પણ ધન્ય છે.

આપણે તો તેઓની બનાવેલી આવી કૃતિઓને ગાઈ ગાઈને અતિશય સ્વાનુભવના સાગરમાં ડુબકી જ મારવાની છે. તેનાથી જ આ સંસાર તરવાનો છે. આ કારણે આવી કૃતિઓ ગાયા જ કરીએ બસ ગાયા જ કરીએ અને પૌદ્ગલિક સુખનો રાગ ઓછો કરીએ...

એ જ....

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા



BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106